




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. આપણા રાષ્ટ્ર પુરોહિતો જાગો ! | ૧ |
| ૨. સમાજ સેવા પછી, પહેલાં આત્મ સુધારણા | ૨ |
| ૩. વિચારો શુદ્ધ હોય તો જ પરમાત્માનો પ્રવેશ શક્ય | ૬ |
| ૪. યુગ પરિવર્તનનો અર્થ | ૧૦ |
| ૫. સાંભળીએ મહાપરિવર્તનના આ પગરવને | ૧૨ |
| ૬. 'વિચારક્રાંતિ' પરિવર્તનવેળાએ નૂતનદર્શનનું પ્રવર્તન | ૧૪ |
| ૭. સત્કાર્ય પ્રત્યે સમર્પણ | ૧૭ |
| ૮. આત્મબોધના પ્રકાશથી અંતઃકરણ ઉજાગર કરો | ૧૮ |
| ૯. કૌટુંબિક સ્વતંત્રતા | ૨૧ |
| ૧૦. હવે માનવીનું જીવનદર્શન બદલવું એ જ લક્ષ્ય | ૨૩ |
| ૧૧. રાજનીતિ ધર્મ આધારિત હોવી જોઈએ | ૨૫ |
| ૧૨. શિસ્ત અને નિયમ પ્રકરણ | ૨૭ |
| ૧૩. સાચી હિંમત અને સંઘર્ષ પ્રકરણ | ૩૦ |
| ૧૪. હિમાલયથી અવતરિત એક પ્રજ્ઞાપુરુષ | ૩૩ |
| ૧૫. પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી ઉપાસના, સાધના અને આરાધના | ૩૯ |
| ૧૬. સદ્‌ગુરુની કૃપા | ૪૭ |
| ૧૭. યુગ નિર્માણ સમાચાર | ૪૮ |


## ઉજ્જ્વળ ભવિષ્યની સુનિશ્ચિત સંભાવના

સૂર્ય ઉગે છે અને આથમે છે. આવતી કાલે સૂર્યોદય નહિ થાય એવુ કોઈએ વિચારવું જોઈએ નહિં. ચંદ્રમાની કળાઓ ઘટતી જોવા મળે છે, પરંતુ શુકલ પક્ષ આવતાં જ તે ક્રમશઃ વધતી જાય છે અને પૂર્ણિમાના દિવસે ચંદ્ર સોળેય કળાએ ખીલી ઉઠે છે. સમુદ્રમાં ઓટ આવે છે અને ભરતી પણ.

પાનખર ઋતુમાં ઝાડનાં બધાં પાંદડાં ખરી પડે છે, પરંતુ વસંત આવતાં જ નવાં પાંદડાં, ફળ, ફૂલ, આવી જાય છે. ઉનાળાની બપોરે આંખે અંધારાં આવી જાય એટલી ગરમી પડે છે, પરંતુ વર્ષા ઋતુ આવતાં જ સુકી ધરતી લીલી ચાદર ઓઢી લે છે. દુર્બળ શરીર લાંબો સમય નથી ચાલતું, પ્રકૃતિ તેની સ્થિતિ બદલે છે અને બાળપણના નવા અલંકારોથી તેને શણગારે છે. નિરાશાનો પ્રસંગ આવે છે, પરંતુ આશાનો નવો ઉલ્લાસ તેને ખદેડી મૂકે છે. અવગતિ સામયિક અને પ્રગતિ શાશ્વત છે.

પાછલા દિવસોમાં એવું ઘણું બની ગયું છે, જેને અનર્થ કહીં શકાય છે. વિપત્તિના ઘણા અંશ અત્યારે પણ મોજૂદ છે. આટલું હોવા છતાં પણ જેમને પ્રકૃતિ પર વિશ્વાસ છે તેમણે આશા રાખવી જોઈએ કે ઉજ્જ્વળ ભવિષ્યનો ઉદય અવશ્ય થશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી


: સંસ્થાપક/સંરક્ષક :

વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદૃષ્ટા

પં. શ્રીરામ શર્મા આચાર્ય

અને

માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :

પં. લીલાપત શર્મા

: કાર્યાલય :

ગાયત્રી તપોભૂમિ,

મથુરા - ૨૮૧ ૦૦૩

: ટેલિફોન :

(૦૫૬૫) ૪૦૪૦૦૦, ૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા

આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા

વિદેશનું લવાજમ

વાર્ષિક : ૧૦ પાઉન્ડ/૧૫ ડૉલર/ ૪૦૦ રૂપિયા

આજીવન : ૧૦૦ પાઉન્ડ / ૧૫૦ ડૉલર / ૪૫૦૦ રૂપિયા

વર્ષ - ૨૮ અંક - ૫

મે - ૧૯૯૮


## આપણા રાષ્ટ્રપુરોહિતો જાગો !

ઘણા લોકો વારંવાર રાષ્ટ્રજાગૃતિની વાર્તા કરતા હોય છે. અલબત્ત દેશનું તમામ કામકાજ ચાલતું રહે છે. ચૂંટણીઓની હારમાળા ચાલે છે. નવી યોજનાઓ બને છે. લોભામણાં સૂત્રો અપાય છે. પ્રશ્નોના ઉકેલ માટેના છેતરામણાં વચનો પણ અપાય છે. તેમ છતાંય દેશ સાચા અર્થમાં જાગૃત નથી. હકીકતમાં સક્રિયતા એટલે જ જાગૃતિ એવું નથી હોતું. સક્રિય માણસોમાં જો માનવતાના અભિગમનો અભાવ હોય તો એ ખટકે છે. એ જ પ્રમાણે દેશનું તમામ કામકાજ ચાલતું હોવા છતાંય રાષ્ટ્રીય ભાવનાની ઊણપ ચોખ્ખી જણાઈ આવે છે. એને દૂર કરવાના ઉપાયો નિષ્ફળ જવાને કારણે દરેક દેશપ્રેમીઓનું હૈયું વલોવાય છે. રાષ્ટ્રીય ચરિત્ર, ગૌરવ, રાષ્ટ્રીય મર્યાદા, રાષ્ટ્રીય સમૃદ્ધિ કે રાષ્ટ્રીય આત્મીયતાની વાત તો દૂર રહી, પણ હજી સુધી એનું લઘુત્તમ માળખું પણ નિર્ધારિત કરી શકાયું નથી. એ ચિંતાજનક બાબત છે. જાણે આખોય દેશ મૂર્છા જેવી ઊંડી નિદ્રામાં સૂઈ ગયો હોય એવું લાગે છે. તેને ચેતનવંતો, જાગૃત અને સતેજ બનાવવાના પ્રયત્નો કરવા જરૂરી જ નહીં, અનિવાર્ય પણ છે. પરંતુ આવા પ્રયાસો કોણ કરે ? રાષ્ટ્રીય ચેતના કોણ વિકસાવે ? કેવી રીતે વિકસાવે ? આપણને ફરીફરીને અમુક પક્ષ કે સરકાર તરફ જોવાની ટેવ પડી ગઈ છે. પરંતુ એ ખોટો ભ્રમ છે. જયારે પરદેશી સરકાર હતી ત્યારે તેણે રાષ્ટ્રની સુષુપ્તિનો ઉપયોગ પોતાના સ્વાર્થ ખાતર કરવા માટે દેશને એ જ હાલતમાં રાખ્યો અને આજે આપણી સરકાર છે, તો તે પણ આવા સુષુપ્ત સમાજનું એક અંગ જ બનેલી છે. એક સૂતેલું અંગ બીજા સૂતેલા અવયવને કઈ રીતે ઢંઢોળી શકે? જેની સ્વયંની દૃષ્ટિ સીમિત હોય તેની પાસેથી વિશાળ દૃષ્ટિકોણની અપેક્ષા શી રીતે રાખી શકાય ?

રાષ્ટ્રીય જાગૃતિનું મહત્ત્વનું કાર્ય તો જાગૃત અંતઃકરણવાળા માણસોનું છે. જેઓ પ્રચલિત બીબાંઢાળ માન્યતાઓથી વેગળા રહીને સ્વતંત્ર વિચારો ધરાવે છે તેવા માણસો જ રાષ્ટ્રીય ચેતના જાગૃત કરી શકે. જેઓ સ્વાર્થની સીમાઓની બહાર અમુક અંશે સક્રિય છે, અંગત સ્વાર્થને બદલે પરમાર્થના સામૂહિક હિતના વિચારો જેમના સ્વભાવમાં છે, તેમ જ જેમને અનુરૂપ જીવનશૈલી અપનાવવાનો થોડોઘણો અભ્યાસ છે. તેઓ જ આ કાર્ય ઉપાડી શકે છે. આ કાર્ય તાત્કાલિક ફાયદાના ઝાંઝવા પાછળ ભટકતા દેશવાસીઓને દૂરોગામી પરિણામોનો ખ્યાલ આપીને તેના કરતાં કાયમી લાભની પ્રાપ્તિ માટે પુરુષાર્થની પ્રેરણા આપી શકે એવો વિકસિત દૃષ્ટિકોણ ધરાવતા સમર્થ વ્યક્તિત્વોનું છે.

પ્રાચીનકાળમાં આવાં વ્યક્તિત્વો 'પુરોહિત' તરીકે ઓળખાતા હતાં. પુરોહિત શબ્દનો અર્થ છે - જે નજીકનો લાભ નહીં જોતા દૂરોગામી ફાયદા કે હિતને પારખીને તેને મેળવવાની ગોઠવણ કરી શકે છે. તે જે લોકોને ક્ષુલ્લકસ્વાર્થીને બદલે વિશાળ હિતની સીડી ઉપર ચઢાવીને લોકોને ઊંચા લાવી શકે એનું જ નામ પુરોહિત. પુરોહિતમાં ચિંતક અને સાધક - બન્નેના ગુણો હોવા જરૂરી છે. જે વિચારોનું પૃથક્કરણ કરીને સાચી સલાહ આપી શકે. તેમ જ પોતાની આદર્શરૂપ જીવનશૈલી વડે સાક્ષાત્ પ્રેરણાની મૂર્તિ સમાન બની રહે તે જ સાચો પુરોહિત. જે લોકો પોતાના જીવનને આદર્શ બનાવતા જઈને વ્યક્તિગત લાભની સાથે સાથે સમાજહિત વિષે પણ વિચારી શકે એવા લોકો આ વર્ગમાં આવી શકે. દેશને જાગૃત કરવાનું કાર્ય મહદ્ અંશે આવાં પ્રખર વ્યક્તિત્વોનું છે જો તેઓ સંગઠિત બનીને આ મહાન હેતુ માટે જાતને સમર્પિત કરી શકે તો આ મહાન રાષ્ટ વિશ્વના ફલક ઉપર ફરી એકવાર સિંહનાદ કરી શકશે, એમાં કોઈ સંશય નથી.

—પરમપૂજ્ય ગુરુદેવ




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સમાજસેવા પછી, પહેલાં આત્મસુધારણા

"શું તમે એમ ધારો છો કે પ્રવચનો કરે રાખવાથી સમાજસેવા થાય છે ?" એક દિવસ એમને કોઈકે પૂછી જ નાખ્યું. તેઓ એ સમયે એક આખા જિલ્લામાં આંદોલનની આગેવાની લઈ રહ્યા હતા. તેમને કેટલીયે વખત જેલમાં જવું પડ્યું હતું. એમણે ના વેઠી હોય અથવા વેઠવાની તૈયારી ના હોય એવી કોઈ મુશ્કેલી બાકી નહોતી.

'અમારી સેવા સામાન્ય ઘરઘરાઉ સેવા કરતાં થોડા જુદા પ્રકારની છે.' તેઓ પ્રશ્નથી ચોંક્યા પણ નહીં અને ગુસ્સે પણ ના થયા. 'અમે સ્વચ્છતા, સાવધાની અને જીવન જીવવાની કળાનો પ્રચાર કરીએ છીએ. આપણે પોતે જો એ જેના જાળવીએ તો લોકો કઈ રીતે શીખી શકે ? અમે જનતાના વિચારોને જાગૃત કરીએ છીએ અને સુધારીએ છીએ. લોકોને સાચી દિશા ચીંધવી અને તે તરફ ચાલવાની પ્રેરણા આપવી એ અમારું કાર્ય છે, એ જ અમારી સેવા છે. લોકજાગૃતિ કરતાં વિશેષ મહત્ત્વની સેવા બીજી કઈ હોઈ શકે ?

તેમની પ્રતિભા ખૂબ વિલક્ષણ છે. ચબરાકીથી જવાબ આપવો એ તો જાણે એમની જન્મજાત સ્વભાવગત વિશેષતા છે. તેમની વકતૃત્વશક્તિની તો વાત જ ના પૂછો. તેમની વાણી સાંભળીને ક્યારેક તો લોકો શંકા કરે છે કે જેનામાં વક્તા બનવા જેટલી ક્ષમતા નથી તે વળી સમાજસેવા કેવી રીતે કરી શકે ? એ તો સામાન્ય વાતચીતમાં પણ ઉપદેશ આપવા લાગે છે કે લાંબાંલચ પ્રવચનો આપતા હોય છે. ગાંધીબાપુએ જે આત્મનિરીક્ષણ અને આત્મશોધનની પ્રબળ પ્રેરણા આપી હતી એ કોઈ બીજાએ કેટલી ગ્રહણ કરી એ તો કહેવું મુશ્કેલ છે, પરંતુ એમણે એ ખૂબ ગંભીરતાથી જીવનમાં ઉતારી હતી. આવી પ્રેરણા જ તેમને રાજકારણમાં દોરી લાવી હતી, એમ કહેવું અસ્થાને નહીં ગણાય. તેમણે સમાજસેવાને આત્મશુદ્ધિ માટેનું એક સાધન માની લીધી હતી. આવી આત્મશુદ્ધિની પ્રેરણા કદાચ કોઈ કાળે મંદ પડી હોય તા ભલે, બાકી સાવ સુષુપ્ત તો ક્યારેય થઈ નહોતી અને આજે તો ખબર નહીં, થોડી વધારે ઉભરાઈ ગઈ.

એ દિવસે તેમણે કોઈ એક દ્વારા નહીં, પણ અનેક દ્વારા પૂછાયેલા - 'માત્ર પ્રવચન આપવાથી સમાજસેવા થાય ખરી ?' - આ અને આના જેવા અનેક સવાલોના જવાબ આપ્યા હતા. જવાબ પણ પાછા પૂછનારનું મોઢું સીવાઈ જાય એવા હતા. આજે જ્યારે તેમને સવાલ પૂછનાર કોઈ નથી, દરેક જગ્યાએ એમના સ્વાગત માટે મેદની તેમનો જયજયકાર બોલાવતી હારતોરા લઈને ઊભી હોય છે, ત્યારે તેમના મનમાં આ પ્રશ્ન કેમ પ્રબળ બનીને ઘૂમરાય છે ? તેમની અંદર છુપાઈને કોણ એને આકરા અવાજે વારંવાર પૂછે રાખે છે ? જેનો જવાબ તે આપી શકતા નથી.

'અમે સ્વચ્છતા, સાવધાની અને શિસ્તનો પ્રચાર કરીએ છીએ. જો આપણે જ જીવનમાં એ ના ઉતારીએ તો લોકો કઈ રીતે શીખવાના ? આજે તેમનો પોતાનો આવો જવાબ તેમના મગજમાં શૂળની માફક ભોંકાય છે.

આપણાં પ્રવચનોમાં કેટલા સ્વચ્છતાના પાઠ શીખ્યાં ? કેટલાયે સાવધાનીનું શિક્ષણ મેળવ્યુ ? કેટલાયે શિસ્ત અપનાવી ? નિરાશાથી તેમનું માથું ઝુકી ગયું.

સ્વયંસેવકો મારા જેવા વાળ રાખે છે. મારી માફક ખુલ્લે માથે ફરે છે. મારા જેવા જ ચંપલ પહેરે છે. મારી જેમ જ કાંડે ઘડિયાળ બાંધે છે. એક વખત તેઓ ગૌરવ કરતા હતા કે લોકો રહેણીકરણીમાં તેમનું અનુકરણ કરવા લાગ્યા છે. ઝભ્ભો પણ એમના જેવો જ સીવડાવે છે. એમની માફક ઝભ્ભાનું ઉપરનું બટન પણ ખુલ્લું રાખે છે. હવે તો આજુબાજુના લોકો પણ ઘણી ખરી બાબતોમાં તેમનું અનુકરણ કરવા લાગ્યા છે.

એમની કેટલીક ખામીઓ પણ છે. બોલતી વખતે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ડોકું નમાવીને બોલે છે. ચાલતી વખતે હાથ થોડા વધારે હલાવે છે. હાથ ધોવામાં..... હવે એમની ખામીઓની વાત જવા દો. કમી કોનામાં નથી હોતી ? પણ આ વળી શું ? એમની ખામીઓ આટલી વ્યાપક કેમ બની રહી છે ? લોકો ખામીઓની પણ આબેહૂબ નકલ શું કામ કરતા હશે ?

તેમના દોષો વ્યાપક બનતા જાય છે. જાણે દશે દિશાઓ અને આખુંય આકાશ તેમના દોષોથી મેલાંઘેલાં થતાં જાય છે. તેમની આંખો બંધ છે અને ઊંચા કર્કશ અવાજે તેમને કોઈક પૂછી રહ્યું છે, 'શું તારાં પ્રવચનોથી આવી જ અસર થઈ ? તે શું આવી સમાજસેવા કરી ?'

એક એ પણ હતો. હતો નહીં, છે. આજે અચાનક એના એક મિત્રની યાદ તાજી થઈ આવી. દૂબળો-પાતળો બાંધો, ઘઉંવર્ણું, ગોરું શરીર, ગંભીર ગોળમટોળ ચહેરો, ઘાટા વાળ, લાંબી ચોટલી, ધૂળવાળા ખુલ્લા પગ, ખાદીનો મેલોઘેલો ઝભ્ભો અને જાડી-મેલી ધોતી-વિદ્યાપીઠમાં બધા એને ખૂબ ચીડવતા. એ ચામડાની ચંપલને બદલે લાકડાની પાવડીઓ પહેરતો. તેની ચોટલી અને જનોઈની તો બધા ખૂબ મજાક ઉડાવતા. પણ હતો બહુ ગંભીર. વિદ્યાપીઠના સમયથી જ કેટલાક વિદ્યાર્થીઓ ચોટલી રાખતા અને સંધ્યા કરતા થઈ ગયા હતા. એ એની ગંભીરતાનો જ પ્રભાવ હતો.

બંને વિદ્યાપીઠમાં સાથે ભણતા હતા. એ દિવસોમાં સમાજસેવા – તો જાણે વિદ્યાપીઠના ભણતરના પ્રમાણપત્ર સમાન હતી. દેશસેવાની પ્રબળ પ્રેરણાએ જ આ સંસ્થાનો પાયો નાખ્યો હતો. સ્વાતંત્ર્ય-સંગ્રામમાં એના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ કંઈ કેટલાં બલિદાનો આપ્યાં હતાં. એ ક્યાં કોઈથી છાનું છે ? એ પોતે પણ એમાંનો જ એક છે.

પરંતુ એ વક્તા નથી. યાદોની આછીપાતળી રેખાઓ એના મનના કેનવાસ ઉપર એક તસવીર બનાવવા લાગી. એ તો સામાન્ય વાતચીતમાં પણ જાણે કોઈ અમૂલ્ય સંપત્તિ વાપરતો હોય તેમ શબ્દો પણ બરાબર તોળી-ગોઠવીને જ બોલે છે. દસની જગ્યાએ જો ચાર શબ્દોથી કામ ચાલતું હોય તો તે સાડાચાર શબ્દ બોલતો નથી. વિદ્યાપીઠમાંથી તે પોતાને ઘેર ગયો હતો. હવે અહીં તો ક્યારેક ક્યારેક એના વિષે છૂટાછવાયા સમાચાર આવતા હોય છે.

ગામના લોકો તેની પ્રશંસા કરતાં થાકતા નથી. આમ તો એ ખેડૂત છે. બપોરે આરામના સમયે તે રેંટિયો કાંતે છે. તેણે ઘરમાં રેંટિયો લાવી રાખ્યો છે. તેણે ખેતરમાં કપાસ વાવવાનું શરૂ કર્યું છે. ઘરમાં સૂતર કાંતી લે છે તેથી કપડાં બજારમાંથી લાવવા પડતાં નથી.

ક્યારેક ક્યારેક તે આસપાસની શેરીઓ વાળી દે છે. ગામલોકો એનું આટલું સન્માન શા માટે કરે છે. એની ખબર પડતી નથી. તે રોજ સાંજે પીપળાના ઝાડ નીચે બેસીને લોકોને રામાયણ વાંચી સંભળાવે છે. લોકોને કહે છે, 'તમે તમારી મેળે વાંચો તો કેટલી મજા આવે !' હવે તો પ્રૌઢો પણ તેની પાસે ક...ખ...ગ શીખે છે. સાંજે વાળુ કર્યા પછી એ પાઠશાળા ચલાવે છે. હવે લોકો ગમે ત્યાં કચરો ફેંકતા ડરે છે. 'ભાઈજી જોઈ જશે તો ઝાડુ લઈને મંડી પડશે.' હવે તેનું આખું ગામ ચોખ્ખું રહેવા લાગ્યું છે.

વહેલી સવારે એક માઈલ ચાલીને ગંગાસ્નાન કરે છે. સંધ્યાવંદન અને ગીતાપાઠ તો તેના જીવનના એક અંગ બની ગયાં છે. દેખાદેખીથી પાપ અને દેખા-દેખીથી પુણ્ય – આ ન્યાયે ગામલોકો પણ ગંગાસ્નાન, સંધ્યા અને ગીતાપાઠ કરતા થઈ ગયા છે. સ્ત્રીઓની તો વાત જ ના પૂછો. સર્જનહારે વહેંચતી વખતે મોટાભાગની શ્રદ્ધા તો તેમને જ આપી છે. હવે તો સાધારણ ખેડૂત પણ સ્નાન કર્યા પછી સૂરજદાદાને લોટો જળ ચઢાવીને મોઢામાં અનાજનો કોળિયો નાખે છે.

બધું જ યાદ આવવા લાગ્યું. ભૂતકાળનાં સ્મરણોની રેખાઓ અને વર્તમાનના રંગો એ મળીને એક છબી તૈયાર કરી નાખી. પ્રતીકને જોઈને તેના આધારને મળવાની ઇચ્છા થાય તે સ્વાભાવિક છે. એક તો મિત્રને મળવાની ઇચ્છા અને બીજું સાંભળ્યું છે કે, તેને કોઈ સાધુની સોબત છે, તેમને મળવાની જિજ્ઞાસા.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

"અહીં કેટલા સ્વયંસેવકો છે ?" અહીં આવીને ગામની અને લોકોની સ્વચ્છતા જોઈને તેઓ દંગ રહી ગયા હતા. આ તેમનો સરકારી પ્રવાસ ન હતો. અચાનક જ તેમને અહીં આવવાનું થયું હતું. એટલે અગાઉથી તૈયારી કરી રાખી હોય એવું સંભવ નહોતું.

'અમે બધા જ સ્વયંસેવકો છીએ.' તેના મિત્ર દયાનંદે ટૂંકો જવાબ આપ્યો." મારો કહેવાનો અર્થ અહીં જ રહીને આશ્રમની માફક કામ કરનારા તમામ લોકોથી છે."

હવે તેમને આખી વાત સમજાઈ ગઈ. સ્પષ્ટતા મેળવવી જરૂરી હતી. "આ કોઈ આશ્રમ નથી. આ તો એક સજ્જને પોતાનું ખાલી મકાન આખા ગામના સાર્વજનિક ઉપયોગ માટે આપી દીધું છે. અમારામાંથી જેને સમય મળે તે અહીં આવીને બેસે છે. આમ જુઓ તો અમારી રાત્રિશાળા, પંચાયત, ધર્મશાળા અને બીજા કોઈ પણ સાર્વજનિક કાર્ય માટેની જગ્યા આ જ છે."

કોઈ કાર્યકર નહીં કોઈ નેતા નહીં ! એક વખત એમણે ચારે બાજુ જોઈ લીધું અને મનોમન બોલ્યા, બાપુની વાતનો મર્મ તો દેવદત્ત જ સમજ્યો હોય એવું લાગે છે.

"અહીંના લોકો તમારું જ અનુકરણ કરતા હોય એવું લાગે છે." થોડીવાર પછી વાતવાતમાં એમણે પૂછી લીધું હતું. આમ તો એમનું મન કહેતું હતું કે, જો આખો દેશ એનું અનુકરણ કરવા લાગે તો બાપુનાં સપનાં આજે જ સાકાર થવા માંડે.

"ના રે ના," દેવદત્તે સ્પષ્ટતા કરી. "લોકો સમજી વિચારીને સારાં કાર્યો કરતા થઈ જાય એને નકલ ન કહેવાય." એમનું ધ્યાન દેવદત્તના જવાબ કરતાં લોકો તરફ વધારે હતું. તેમની નજર ચોપાસ ફરતી હતી. તેમને દરેક જગ્યાની પરિસ્થિતિનો ક્યાસ નજરમાત્રથી મેળવી લેવાની ટેવ છે. પરંતુ અહીં તેમને આશ્ચર્ય થતું હતું. કોઈ દેવદત્તનું અનુકરણ કરતું હોય એવું લાગતું જ નહોતું. દેવદત્ત થોડો આગળ નમેલો ચાલે છે. તેના ઝભ્ભાના ઉપરના એકાદ બે બટન તૂટેલાં જ હોય છે. વાત કરતી વખતે મોટેભાગે તે પોતાના ડાબા હાથની મૂઠીવાળી દે છે. પરંતુ આવું કરતો હોય તેવો બીજો કોઈ માણસ જણાયો નહીં. પરંતુ એની ચોટલી બીજે ક્યાંય દેખાઈ નહીં. એનું કારણ શું ? એની નકલ કેમ ના થઈ. એ તેમને સમજાતું નહોતું.

"સાંભળ્યું છે કે તું કોઈ સાધુની સોબતમાં છો !" સાંભળીને દેવદત્ત મલકાયો અને બોલ્યો, "હા, હા,સંધ્યાકાળે ગંગાકિનારે ફરવાનું પણ થઈ જશે અને સાધુનાં દર્શન પણ કરી આવીશું." આમ જુઓ તો પોતાના મિત્રની બદલાયેલી વર્તણૂક જોઈને દેવદત્તને નવાઈ લાગતી હતી.

સાધુ પાસે પહોંચ્યાં કે તરત જ તેણે આદેશ આપ્યો. "જરા પેલો છાણનો પોદળો ઉપાડી લેજો તો !" સાધુ પણ વિચિત્ર લાગ્યો. સફેદ દૂધ જેવી ખાદી પહેરીને દર્શન કરવા આવેલા સાવ અજાણ્યા માણસને વગર ઓળખાણે છાણ ઉપાડવાનો આદેશ આપી દીધો, અને એ પણ પાછો કોઈ સામાન્ય માણસ નહીં, રાજ્યનો મુખ્યમંત્રી હતો !

'તમે બેસો' દેવદત્તે તેમને અટકાવ્યા અને તે જાતે જ પેલો પોદળો ઉપાડવા ઊભો થયો. સાધુએ દેવદત્તને રોકતાં કહ્યું, "એમને જ જવા દે ભાઈ, ગાયનું છાણ તો પવિત્ર હોય છે."

એ હસીને ઊભા થતાં બોલ્યા, "અમને તો સ્વચ્છતા રાખવાની અને કચરો ઉપાડવાની ટેવ છે. ગામલોકોની હાજરીમાં સાધુનું વેણ ઉથાપવાનું તેમને ઠીક ના લાગ્યું. પોદળો તાજો જ હતો. જેમતેમ બાંય ઊંચી કરીને તેમણે પોદળો ઉપાડી લીધો. હાથનો ખોબો કપડાંથી આઘો રાખીને સંભાળીને ચાલતા હતા. ભલે તેમણે ગ્રામસફાઈમાં થોડોઘણો ભાગ લીધો હશે. ભલે છાપામાં તેમના કચરાના ટોપલા ભરતા કે ઉપાડતા હોય તેવા ફોટાઓ છપાયા હશે, પરંતુ તેમના હાવભાવ સ્પષ્ટ ચાડી ખાતા હતા કે તેમને એની કેટલી સૂગ ચઢતી હતી.

'અહીં મૂકી દો.' છાણવાળા હાથ ધોવા જતા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હતા ત્યાં તો બીજો આદેશ મળ્યો. "પેલું પુસ્તક લઈ આવો અને જરા ઝાપટી નાખો તો."

તેમણે જોયું કે દેવદત્ત કૂવામાંથી પાણી ભરી લાવ્યો હતો. એટલે બોલ્યા, "હું જરા હાથ ધોઈ લઉં."

"હાથ પછી ધોજો. સાધુએ કહ્યું, "પહેલાં પુસ્તક સાફ કરીને આપી દો."

"મહારાજ પુસ્તક ગંદું થઈ જશે, એમાં છાણના ડાઘા પડશે." આ સાધુ તેમને પહેલી નજરે જ વિચિત્ર લાગતો હતો. હવે તો સાવ ખાતરી થતી જતી કે તે સાવ વિચિત્ર છે. હજી તે કાંઈ આગળ વિચારે તે પહેલાં તો કાનમાં સાધુના શબ્દો અથડાયા. "સંપૂર્ણાનંદ બાબુ, તમે એક પુસ્તક ઉપાડીને સાફ કરતાં પહેલાં તો તમારો હાથ જુઓ છો, અને સમાજસેવા કરવા નીકળ્યા છો ? સમાજનો દોષ દૂર કરનારા પોતાની જાત તરફ જોતા કે વિચારતા નથી હોતા. સાધુ પૂરેપૂરો ગંભીર હતો. તમારા હાથ છાણવાળા છે એટલે તમે જેને અડશો ત્યાં બધે ગંદકી ફેલાશે. તે જ રીતે તમારા મનમાં મેલ હશે તો તમે જ્યાં પણ હશો ત્યાં સમાજમાં તમારી બૂરાઈ અને મેલ જ ફેલાવશો."

તેઓ સાધુના ભાવભર્યા શબ્દોનો સાર ગ્રહણ કરતા રહ્યા. તેમને સાધુની મહાનતા અને પોતાની ઊણપનો ખ્યાલ આવ્યો. મહાનતાનો માર્ગ બતાવનાર તે સાધુ તેમનો ગુરુ બન્યો. તેમના ગુરુમંત્ર જેવા શબ્દો જીવનભર તેમના કાનમાં ગુંજે રાખ્યા 'પહેલાં પોતાના દોષ સુધારો. પોતાંના મેલ પહેલાં દૂર કરો અને પછી સમાજસેવા કરવા નીકળો.

ખરેખર તો આત્મસુધારણા એ સાચી સમાજ-સેવાના દરવાજાની ચાવી છે.

■■■■■■■■■■■■■■■■

*ઊગતા પરોઢે આનંદ બુદ્ધ પાસે જઈને બોલ્યો - " ભગવન્, તમે જુઓ છો ને ? સૂરજ ઊગી રહ્યો છે, પક્ષીઓ કલરવ કરી રહ્યાં છે. મંદ મંદ પવન લહેરાઈ રહ્યો છે, કોયલ ટહૂકી રહી છે. જાતજાતનાં ફૂલો ખીલી રહ્યાં છે. શું આ બધું સુંદર નથી ?" બુદ્ધ પ્રશ્ન સાંભળીને ચૂપ રહ્યા. જવાબ ન મળવાથી આનંદે ફરી પૂછ્યું, "શું મારો પ્રશ્ન તર્કસંગત નથી ? મેં જે કાંઈ જોયું છે તે સુંદર નથી ? તમે જવાબ કેમ નથી આપતા ? "*

*બુદ્ધે ચારે બાજુ જોયું, આનંદ તરફ પણ જોયું, મલકાયા અને મૌન થઈ ગયા. આનંદે ફરીથી પૂછ્યું, "પ્રભુ, બીજું કાંઈ નહીં તો મારે જવાબ નથી આપવો, એટલું તો કહો." ત્યારે બુદ્ધે મૌન તોડીને જવાબ આપ્યો, "આનંદ ! મને તો સર્જનહારનો અણુએ અણુ પરમ સૌંદર્ય અને આનંદથી ભરપૂર લાગે છે. મારા મનમાંથી રૂપ-કુરૂપ, સુંદર-અસુંદર એવો ભેદભાવ દૂર થઈ ગયો છે. હવે હું મારી ભેદભાવભરી દૃષ્ટિ મુજબ 'હા' કે 'ના' નો જવાબ આપવા માટે અસમર્થ છું. હવે તો ગુલાબ, ચંપો, ફૂલ અને કાંટા – બધું એકસરખું જ સુંદર જણાય છે. મારી ભેદભાવભરી દૃષ્ટિ નાશ પામી છે." તે દિવસથી આનંદને વિચારવાની સાચી રીત સમજાઈ ગઈ.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વિચારો શુદ્ધ હોય તો જ પરમાત્માનો પ્રવેશ શક્ય

હવે એ લગભગ સિદ્ધ થઈ ચૂક્યું છે કે, જેના માધ્યમથી સૂક્ષ્મરૂપે વિચારોની આપલે થાય છે એવું માણસ-માણસને પરસ્પર સાંકળનારું કોઈક સંબંધ-સૂત્ર અવશ્ય છે. અગાઉ એ આધ્યાત્મિક ક્ષેત્રની વિશેષતા તરીકે ઓળખાતું હતું પરંતુ હવે વૈજ્ઞાનિકો પણ એને એક ચોક્કસ હકીકત તરીકે સ્વીકારવા લાગ્યા છે.

આ વિષેનું પહેલું વૈજ્ઞાનિક સંશોધન સોવિયેટ રશિયામાં થયું હતું. સંશોધનનાં પરિણામો ઉપરથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે ઉચ્ચ કક્ષાની મનોભૂમિમાંથી ઉદ્ભવતા સૂક્ષ્મ તરંગોને એવી જ ઉચ્ચ કક્ષાએ સ્થળાંતર કરીને ગ્રહણ કરી શકાય છે. પ્રયોગ માટે વૈજ્ઞાનિકોના એક જૂથની રચના કરવામાં આવી. એ ટુકડીએ જે સાહજિક રીતે ઉચ્ચ માનસિક કક્ષામાં પ્રવેશી શકે અને તેને લાંબો સમય જાળવી શકે એવા બે માણસોને પસંદ કર્યા. એક હતા કેમેન્સ્કી નામના શિક્ષણશાસ્ત્રી અને બીજા નિકોલાઈ નામના પ્રકાંડ માનસશાસ્ત્રી હતા. કેમેન્સ્કીને મોસ્કોમાં રાખવામાં આવ્યા અને નિકોલાઈને ચારસો માઈલ દૂર આવેલા લેનિનગ્રાન્ડની એક શાંત એકાંત પ્રયોગશાળામાં રાખવામાં આવ્યા. થોડા સમય પછી જ્યારે નિકોલાઈ સંદેશ-સંકેત-ગ્રહણ કરવા માટે પૂરેપૂરા સજ્જ થઈ ગયા ત્યારે તેને લાગતું ઈ.ઈ.જી. યંત્ર ચાલુ કરવામાં આવ્યું. તેમાં 'આલ્ફા કિરણો ઝીલાવા લાગ્યાં. સામે છેડેથી વિચારોના સૂક્ષ્મ તરંગો મોકલવાની ક્રિયા ક્યારે ચાલુ થવાની છે તેનો નિકોલાઈને સહેજ પણ ખ્યાલ ન હતો. થોડા વખત પછી જ્યારે મોસ્કોથી વિચારતરંગો મોકલવાનું ચાલુ થયું ત્યારે નિકોલાઈના માનસિક તરંગોમાં મહત્ત્વપૂર્ણ ફેરફાર થતા જણાયા. જે આ છેડે પેલા છેડાના તરંગો સફળતાપૂર્વક ગ્રહણ થતા હોવાનો સંકેત આપતા હતા. ટેલીપથી વિષેનું આ પ્રથમ વિજ્ઞાનસંમત પ્રમાણ હતું. આ પ્રયોગ દ્વારા આ મહત્ત્વનું સત્ય બહાર આવ્યું કે, ગ્રહણ કરનાર માણસની મનોદશા વિશિષ્ટ કક્ષાની અને ભાવનાઓ ઉચ્ચ કક્ષાની હોય તો જ તે સંદેશા કે સંકેતોને સફળતાપૂર્વક ગ્રહણ કરી શકે છે. નિકોલાઈના માનસિક તરંગોમાં થયેલાં પરિવર્તનો આ જ બાબત સૂચવતાં હતાં. આ સાબિત કરવા માટે જ્યારે નિકોલાઈને બદલે એક આક્રમક અને નકારાત્મક વિચારો ધરાવતા માણસને ગોઠવવામાં આવ્યો ત્યારે તે સામે છેડેથી મોકલાયેલા વિચારતરંગોને ગ્રહણ કરવામાં સાવ નિષ્ફળ નીવડ્યો.

હકીકતમાં વિચારસ્વરૂપે મોકલાતા એ તરંગો વિશિષ્ટ તરંગલંબાઈ ધરાવતા વિદ્યુત તરંગો જ હોય છે. ગ્રહણ કરનાર માણસની મનોદશા જો એટલી જ ઉચ્ચ કક્ષાની હોય તો જ તે ઝીલી શકાય છે. નહીંતર તે તરંગો ગ્રહણ કરી શકાતા નથી. રેડિયો બ્રોડકાસ્ટમાં સંગીતના ધ્વનિનાં મોજાંઓને એક ખાસ આવૃત્તિ (ફ્રિક્વન્સી) ઉપર મોકલવામાં આવે છે. આપણે આપણા ટ્રાન્ઝિસ્ટર ઉપર એ આવૃત્તિ ઝીલવાની ગોઠવણ કરીએ (ટ્યૂન કરીએ) ત્યારે જ તે ઝીલી-સાંભળી શકાય છે. માણસના જુદા જુદા માનસિક તરંગો માટે તેની વિચારભૂમિકા જવાબદાર હોય છે. માણસ જો સાત્ત્વિક સ્વભાવ ધરાવતો હોય તો તેના દ્વારા ઉત્સર્જિત થતા વિચારતરંગો પણ સૌમ્ય-સાત્ત્વિક હોય છે અને એવા તરંગો એવા જ માણસો દ્વારા સ્વીકારી કે ઝીલી શકાય છે.

પ્રયોગ દરમ્યાન એ સત્ય પણ જણાઈ આવ્યું કે મોકલનાર અને ઝીલનાર બંને જ્યારે ઉચ્ચ કક્ષાની ભાવના-ભૂમિકા વડે સંકળાયેલા હોય ત્યારે એકના માનસિક તરંગોમાં થતા ફેરફારો બીજામાં પણ એવાં જ પરિવર્તનો ઉત્પન્ન કરે છે. 'ઈન્ટરનેશનલ જર્નલ ઑફ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પેરાસાયકોલોજી' નામના મુખપત્રના એક લેખમાં રશિયન સંશોધકો દ્વારા થયેલા આવા જ એક પ્રયોગનો ઉલ્લેખ છે. એ પ્રયોગમાં કેમેન્સ્કીના વિચારતરંગોના ફેરફાર 'આલ્ફા' આવૃત્તિ ધરાવતા હતા. બીજે છેડે નિકોલાઈને મનોભૂમિકા પણ જ્યારે એ સંદેશાઓ સ્વીકારવા જેવી થઈ ત્યારે તેના માનસિક તરંગો પણ 'આલ્ફા' આવૃત્તિના વિભાગના જ હતા. ફિલાડેલ્ફીયાની જેફરસન મેડિકલ કૉલેજના બે શરીર-શાસ્ત્રીઓ દ્વારા બે જોડિયા ભાઈઓ ઉપર કરવામાં આવેલા પ્રયોગમાંથી પણ આવું જ તારણ નીકળ્યું હતું. જેનું વર્ણન જે. હિકસન દ્વારા ન્યૂયોર્કના 'હેરાલ્ડ ટ્રીબ્યુન' પત્રિકાના 'ટ્વીન પ્રૂવ ઇલેક્ટ્રૉનિક ઈ.એસ.પી.' નામના નિબંધમાં કરવામાં આવ્યું છે.

વૈજ્ઞાનિકોનું માનવું છે કે શબ્દશક્તિ ક્યારેય નાશ પામતી નથી. આપણે જે કાંઈ વિચારીએ કે બોલીએ છીએ તે સૂક્ષ્મ વિચારતરંગોના રૂપમાં અંતરીક્ષમાં ભ્રમણ કરે રાખે છે. આવી ભ્રમણકક્ષાની સીમાને વૈજ્ઞાનિકો 'વિચારમંડળ' એવું નામ આપે છે. તેમનું કહેવું છે કે વિચારતરંગો આ ક્ષેત્રમાં ભ્રમણ કરતા રહે છે. જો આપણી વિચારચેતનાને આપણે વિકસાવીને કે સુધારીને એટલી ઉચ્ચ કક્ષાની બનાવી શકીએ તો ઉપર ભ્રમણ કરતા ઉદ્દાત વિચારતરંગો સહજરૂપે આકર્ષાઈને આપણા કાર્યમાં મદદરૂપ થઈ શકે છે. ડબલ્યુ પેરીફિલ્ડ અને એચ. જાફર નામના અમેરિકન શરીરશાસ્ત્રીઓએ તેમના પુસ્તક 'એપીલેપ્સી એન્ડ ધી ફંકશનલ એનોટોમી ઓફ ધ હ્યુમન બ્રેઈન'માં લખ્યું છે. સાપેક્ષવાદના પ્રણેતા અને મૂર્ધન્ય ભૌતિકવિજ્ઞાની આલ્બર્ટ આઇન્સ્ટાઇનના મગજના વિચારતરંગોના પરીક્ષણથી એવું જાણવા મળ્યું હતું કે તે ગમે તેવા જટિલ ગાણિતિક દાખલામાં ભલે અટવાયેલા હોય તે છતાંય તેમના મગજમાંથી આલ્ફા તરંગો સતત નીકળતા હતા. અહીં ખાસ ધ્યાન ખેંચે તેવી વાત એ છે કે આલ્ફા તરંગો સંપૂર્ણ સક્રિયતાની સ્થિતિમાં નહીં પરંતુ શિથિલતાની સ્થિતિમાં જ નીકળતા હોય છે. પરંતુ આઇન્સ્ટાઇનના મામલામાં આનાથી તદ્દન ઊલટું હતું. તેઓ સક્રિય હોય ત્યારે પણ મગજમાંથી આલ્ફા તરંગો નીકળતા રહેતા. એનો અર્થ એ થયો કે તેમની માનસિક સક્રિયતા પણ ઊંડા ધ્યાન જેવી ઉચ્ચ કક્ષાની હતી. આને કારણે તેમને આશ્ચર્ય-જનક રીતે ઘણી જટિલ ગાણિતિક સમસ્યાઓના ઉકેલ મળી આવ્યા હતા. સાપેક્ષવાદનો સિદ્ધાંત આવી જ એક ઊંડી ચિંતનપ્રક્રિયાના પરિણામરૂપે ઉત્પન્ન થયો હતો.

શશીભૂષણ સન્યાલની ગણના બંગાળના પ્રસિદ્ધ સંતોમાં થાય છે. તેઓ જેટલા પ્રકાંડ વિદ્વાન અને જ્ઞાની હતા, એટલા જ મહાન કર્મયોગી પણ હતા. તેઓ વાંચન અને લેખનમાં ઘણી વાર એટલા તલ્લીન થઈ જતા કે તેમને સમયનું ભાન નહોતું રહેતું અને કેટલીક વાર તો પંદર-સોળ કલાક સુધી સતત લખવા-વાંચવામાં કાર્યરત રહેતા. તેઓ ઉચ્ચ કક્ષાના ઈશ્વરભક્ત પણ હતા. તેઓ જ્ઞાન, કર્મ અને અને ભક્તિ—ત્રણેય યોગના સમાનરૂપે સાધક હતા. તેથી લોકો તેમને યોગત્રયાનંદ તરીકે ઓળખવા લાગ્યા. આગળ જતાં તેઓ એ જ નામે પ્રખ્યાત થયા. તેમણે સાધનાવિજ્ઞાન ઉપર કેટલાંક ઉચ્ચ કક્ષાનાં પુસ્તકો પણ લખ્યાં છે. લેખન વિષે ચર્ચા દરમ્યાન તેઓ ઘણીવાર કહ્યા કરતા કે જ્યારે તેમની બુદ્ધિ જવાબ દઈ જાય અને મૂંઝાઈ જાય ત્યારે તેમના મગજમાં ઉકેલ અચાનક આંધીની માફક ચકરાવા લાગતો અને તેઓ પોતાની બૌદ્ધિક નિષ્ફળતામાંથી સહેલાઈથી બહાર નીકળી આવતા. ક્યારેક ઊંડી મૂંઝવણમાં ઘેરાઈ જતા તો તેમાંથી બહાર નીકળવાનો રસ્તો આશ્ચર્યજનક રીતે મળી આવતો અને તેઓ લેખનકાર્યમાં આવતા વિક્ષેપને પાર કરી જતા. એને ઈશ્વરીય મદદ કહો અથવા વિચારમંડળમાંના ઉચ્ચ વિચારોની આપ-લે કહો — એકસરખું જ છે. ઉપરના ઉદાહરણથી સ્પષ્ટ થાય છે કે ઊંડા વિચારોની સ્થિતિ અને ઊંડા ધ્યાનની સ્થિતિ બંને એક જ છે. જ્યારે વિચારો કોઈ એક વિષય કે બાબત ઉપર કેન્દ્રિત થઈ જાય છે ત્યારે તે ચિંતકને ધ્યાન અથવા ધારણા જેવી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અવસ્થામાં મૂકી દે છે. ફરક એટલો જ છે કે પંડિતોનું ચિંતન સાપેક્ષ સત્યની શોધ તરફ હોય છે. એને જો પુસ્તકીય સત્ય કહીએ તો બીજાને પરમ સત્ય કહેવું જોઈશે. એક માયા છે તો એક બ્રહ્મ છે. એકને જો બરફ સાથે સરખાવીએ તો બીજાને અદૃશ્ય વરાળ કહી શકાય. બંને એક જ સિક્કાની બે બાજુ છે. એટલા માટે તાત્ત્વિક રીતે તેમને બે નહીં પણ એક જ ગણવું જોઈએ.

કર્મયોગ આ જ સત્યનું પ્રતિપાદન કરે છે અને કહે છે કે એના દ્વારા જ જ્ઞાનયોગ અને ભક્તિયોગની ચર્ચાઓમાં ઉલ્લેખ કરવામાં આવે છે તે 'એકાત્મ અદ્વૈત'ની પ્રાપ્તિ કરી શકાય છે. જો એ સાચું હોય તો, કાર્યની તલ્લીનતા અને વિચારોના ઊંડાણમાં ઊતરીને વિચારમંડળના ઉચ્ચ કક્ષાના તથા ઉદાત્ત અને અભીષ્ટ વિચારતરંગો સાથે સંપર્ક જોડી શકાય અને એના દ્વારા પરમાત્માનો સહકાર મેળવી લેવાય એ કોઈ આશ્ચર્ય-કારક કે અસંભવ બાબત નહીં ગણાય.

રોજિંદા જીવનમાં પણ કેટલીક વાર એવા બનાવો જોવા મળે છે. આપણે જ્યારે કોઈ વિષયના વિચારોમાં ઊંડા ઊતરી જઈએ ત્યારે એ ઊંડા અંધકારમાંથી એકાએક પ્રકાશના કિરણની જેમ તેનું સમાધાન નીકળી આવે છે. જાણે કોઈ તેને બળપૂર્વક મગજમાં દાખલ કરી દેતું હોય ! વૈજ્ઞાનિકોના મત પ્રમાણે આવું એટલા માટે થાય છે કે, એવી દશામાં નીકળતા માનસિક તરંગો વિચારમંડળના તરંગોના પ્રવાહ સાથે તદ્દન સમરૂપ હોય છે. એટલે ત્યાંથી તેના જેવો જ વિચારપ્રવાહ મગજ તરફ વહેવા લાગે છે. જે વિચાર-સમસ્યાનો પરોક્ષ ઉકેલ જ હોય છે.

વીજળીના ધન અને ઋણ તારો જ્યારે એકબીજા સાથે સ્પર્શે છે ત્યારે એમાં તાત્કાલિક વિદ્યુતપ્રવાહ વહેલા લાગે છે. બરાબર એ જ રીતે જ્યારે ચિંતકની મનો-ભૂમિકા વિચાર-મંડળના આવૃત્તિવિસ્તારમાં પહોંચી જાય છે એટલે કે બંને જ્યારે એક જ કક્ષાએ કે એક જ પ્રકારે સંકળાઈ જાય છે ત્યારે અવકાશમાંથી ઇચ્છિત વિચારતરંગોનો પ્રવાહ તેના મગજ તરફ વહેવા લાગે છે. સામાન્ય રીતે સાધારણ લોકોમાં આ પ્રવાહ મગજમાં પ્રવેશી શકતો નથી-રોકાઈ જતો હોય છે. અધ્યાત્મ-શાસ્ત્રના આચાર્યો એનું એક જ કારણ માને છે. તેઓ કહે છે કે, વિદ્યુત કોઈ અવાહક કે મંદવાહક પદાર્થમાં વહી શકતી નથી. એના માટે સુવાહક પરિપથ હોવો જરૂરી છે. સાધારણ મગજ કે મનોભૂમિકા એવા પ્રવાહ માટે અવાહક નીવડે છે. એટલે તે આવા તરંગો ગ્રહણ કરવા માટે સક્ષમ નથી. જે લોકો પોતાની વિચાર-ચેતનાને જાગૃત કરીને સુધારી શકે છે. તેઓ માનસિક એકાગ્રતા કેળવાયેલી હોવાને કારણે આવા ઉચ્ચ કક્ષાના વિચારતરંગો સાથે સહજરૂપે સંલગ્ન થઈ શકે છે. જે તેમની ઘણીખરી ભૌતિક તેમજ આધ્યાત્મિક સમસ્યા-ઓના સમાધાન મેળવવામાં સહાયક સિદ્ધ થાય છે.

વિચારો ખરેખર ચેતનમાંથી જન્મતા હોય છે. કાચો માલ જેવો હશે, તેમાંથી સર્જાયેલી વસ્તુ પણ એવી જ ગુણવત્તા ધરાવતી હશે. એમાં હલકા વિચારોના માધ્યમથી ઉત્કૃષ્ટ વિચારો પ્રાપ્ત કરી શકાય એવી કોઈ વ્યવસ્થા છે જ નહીં. કીચડ કાયમ દુર્ગંધ અને ગંદકી જ ફેલાવે છે. જ્યારે કમળ પોતાની સુગંધથી વાતાવરણને મહેકાવી મૂકે છે. આમ તો કમળ કાદવમાં જ ખીલે છે, છતાંય સુગંધ અને દુર્ગંધની શક્તિ પોતાનું અલગ અસ્તિત્વ જાળવી રાખે છે. દુર્ગંધ કદી કમળમાં પ્રવેશતી નથી અને કીચડ ક્યારેય પણ સુગંધિત થતો નથી. બંનેના સ્વભાવ ક્યારેય પણ એકરૂપ થતા નથી. કારણ કે તેઓ અન્યાન્યને વિરોધી એવા ગુણધર્મો ધરાવે છે. કીચડની હીનતા કમળની સુગંધને અસર કરતી નથી અને કમળની સુગંધની મહાનતા કદી પણ કીચડની ગંદકી ઉપર પ્રભાવ દાખવતી નથી.

એકબીજામાં એકાકાર થવા માટે સમન્વય માટે બંને તત્ત્વો સમાનધર્મી કે સમરૂપ હોય એ અત્યંત જરૂરી છે. આમ જુઓ તો વિચારો અને ચેતના તાત્ત્વિક દૃષ્ટિએ એક જ છે અને ચેતના સુધારવાથી વિચારો આપમેળે સુધરી જાય છે. તેમ છતાંય સ્વભાવ અને કક્ષાની ભિન્નતાને કારણે દિવ્ય ચેતનાના પ્રવાહ સાથે જોડવામાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નિષ્ફળતા મળે છે.

આપણે બધા પ્રાણચેતનાના અગાધ સાગરમાં જીવીએ છીએ. સમસ્ત સંસાર એની રમતના આનંદ સમાન છે. આપણી વ્યક્તિગત શક્તિ પણ એ સૃષ્ટિની શક્તિનું જ એક સ્વરૂપ છે. જે પ્રાણ આપણામાં છે. તે જ બીજામાં છે અને સમગ્ર અવકાશમાં પણ એ જ પ્રાણ છવાયેલ છે. દરેકનું મૂળ તત્ત્વ તો એક જ છે. પરંતુ વ્યક્તિભેદ અને જીવભેદને કારણે દરેકનો સ્વભાવ અલગ અલગ હોય છે.

સ્વામી અભેદાનંદે ક્યાંક એવું લખ્યું છે કે યોગીઓ બીજાના મનોભાવને સરળતાથી સમજી શકે છે. એનું કારણ એ છે કે એમની પ્રાણચેતનાના તરંગો વાતાવરણના તરંગો સાથે ઓતપ્રોત હોય છે. જ્યારે સંદેશા મોકલાતા હોય ત્યારે એ તરંગરૂપે જે-તે વ્યક્તિ સુધી પહોંચી અને તેને વારંવાર અફળાયા કરે છે. જો પેલી વ્યક્તિના પ્રાણચેતનાના તરંગો મોકલનારના તરંગોના સમકક્ષ અને સમરૂપ હોય તો એ સંદેશ તેની સમગ્ર ચેતનામાં વહેવા લાગે છે. જો એમ ના હોય તો મોકલનારના વિચારતરંગો ઝીલાયા વગર જ ભ્રમણ કરે રાખે છે.

જો આપણે આપણી વિચારચેતનાને સુધારીશું-સજાવીશું તો પરમાત્માની દિવ્ય ચેતનાના પ્રવાહો આપણી અંદર વહેવા લાગશે. વિચારો કે મનોભૂમિકાને સુધાર્યા વગર જીવશક્તિ અને પરમશક્તિ વચ્ચે સંકલન-સમન્વય થવો શક્ય નથી. એટલા માટે તેને નિત્યનૈમિત્તિક કર્મ જેટલું આવશ્યક, અનિવાર્ય અને ઇચ્છનીય માનીને વિચારોના પરિમાર્જન માટે દરેક જણે તત્પરતાપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ.

---

*ઈ.સ. ૧૯૬૦ની તા. ૨૫મી જાન્યુઆરીની રાત્રે રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદજીના મોટાંબહેન ભગવતીદેવીનું અવસાન થયું. તેઓ રાજેન્દ્રબાબુનાં બહેન હોવા ઉપરાંત માતા સમાન પણ હતાં. ઘરમાં માત્ર તેઓ જ રાજેન્દ્રબાબુને તેમના ચુસ્ત આદર્શવાદ અને હદ ઉપરાંતની સૌમ્યતા માટે ઠપકો આપી શકતા હતા. ભાઈબહેનની વિચારસરણીમાં ખાસ્સો તફાવત હોવા છતાં પણ તેમની વચ્ચે ઊંડો સ્નેહ હતો. બહેન વાસ્તવવાદી હતાં, ભાઈને માણસજાતની પ્રામાણિકતામાં અખૂટ વિશ્વાસ હતો. આદર્શવાદી હતા, તેમ છતાંય તે બેઉ મમતાના, લાગણીના તાંતણે બંધાયેલા હતાં. તેથી બહેનના મૃત્યુને કારણે તેમને એવો ઊંડો આઘાત લાગ્યો કે તેઓ બેહોશ થઈ ગયા અને રાતભર પથારીવશ રહ્યા.*

*રાતના પાછલા પહોરે ઘરના કોઈકે સભ્યે તેમને યાદ કરાવ્યું કે, આવતીકાલે ૨૬મી જાન્યુઆરી છે અને ભારતનો દસમો પ્રજાસત્તાક દિન હોવાથી તેમણે રાષ્ટ્રપતિ તરીકે સલામી ઝીલવાની છે. આવું સાંભળતાંની સાથે જ તેમનું અંગત દુઃખ સાર્વજનિક કર્તવ્ય આડે ક્યાંય વિસરાઈ ગયું.*

*બીજા દિવસે સલામી ઝીલવાના સમારંભ દરમ્યાન તેઓ કલાકો સુધી ઊભા રહ્યા. તેમના ચહેરા ઉપર થાક, દુઃખ કે શોકનો ક્યાંય સહેજ પણ અણસાર ના આવ્યો. સમારંભ પૂરો થયા પછી તેઓ ઘેર પાછા ફર્યા અને ત્યારબાદ યમુનાકિનારે જઈને બહેનના અંતિમ-સંસ્કાર કર્યા. તેમની આવી કર્તવ્યપરાયણતાને કારણે જ તેઓ સૌથી વધુ લોકપ્રિય રાષ્ટ્રપતિ બન્યા.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગપરિવર્તનનો અર્થ

યુગપરિવર્તન એટલે આમૂલ પરિવર્તન. નાની-મોટી સુધારણાઓ અને સામાન્ય પરિવર્તનો જ્યારે હેતુ સિદ્ધ નથી કરી શકતા, ત્યારે સમસ્ત યુગનું જ પરિવર્તન અનિવાર્ય બની જાય છે. ભૂતકાળમાં છૂટા-છવાયા સુધારાવાદી આંદોલનોનો ક્રમ ચાલતો રહ્યો હતો. સામ્યવાદી આંદોલને શરૂઆતના તબક્કામાં, એ સંસારની સમસ્ત મુશ્કેલીઓને મિટાવી દેશે એવી ઘોષણા ખૂબ જોર-શોરથી કરી હતી. એમના મત મુજબ બધી જ મુશ્કેલીઓના મૂળમાં ધનની અછત રહેલી છે. ધન વધશે તો બધી જ મુશ્કેલીઓ સમાપ્ત થઈ જશે. એ અનુસાર ઉત્પાદન પર અપાવું જોઈએ એટલું ધ્યાન અપાયું નહિ અને ધનિકોને ગરીબીનું કારણ ગણીને વર્ગસંઘર્ષ શરૂ કરી દેવાયો. આ વર્ગસંઘર્ષે દુનિયામાં જે મારામારી, કાપાકાપી અને અશાંતિ ફેલાવી એ જગવિખ્યાત છે.

મૂડીવાદી ક્ષેત્રોમાં પણ દુનિયાની મુશ્કેલી અને હેરાનગતિના નિવારણ માટે ઓછા પ્રયત્નો નથી થયા. વિજ્ઞાન અને વૈજ્ઞાનિકોએ આ નિમિત્તે અનેકાનેક શોધખોળો ઉપરાંત વૈભવ અને સમૃદ્ધિના અનેક સ્રોતો ઊભાં કર્યાં અને એમાં સફળતા પણ ઓછી પ્રાપ્ત નથી થઈ. પૂર્વજોની સરખામણીમાં આપણી પેઢી અનેકગણી સમૃદ્ધ છે. સૃષ્ટિના આરંભથી લઈને આપણી સદીના મધ્યકાળના લોકો કરતાં આ પેઢીના લોકો સાધન-સગવડોની દૃષ્ટિએ ઘણાં સમૃદ્ધ છે. આ સાધન-સગવડોની લલક અને ઉપભોગની લિપ્સાને લીધે આજ સુધી ગરીબી દૂર થઈ નથી એ વાત જુદી છે.

વધતા જતા માનસિક રોગો અને અપરાધો દર્શાવે છે કે વધતો જતો વૈભવ પણ વ્યક્તિને સુખી અને સમુન્નત બનાવવામાં બહુ કારગર સિદ્ધ નથી થતો. હા, આ વૈભવને ઉત્તરોત્તર વધારવામાં પ્રાકૃતિક સંપત્તિઓનું દોહન અને અનુચિત છેડછાડ કરવાથી પર્યાવરણ માટે સંકટ જરૂર ઊભું થયું છે.

કૌટુંબિક સ્નેહ, સૌજન્ય, સહયોગ, સહૃદયતા ઘટતાં ઘટતાં સમાપ્તિની અવધિ સુધી પહોંચી ગયા છે. એક વાડામાં રહેતા વરુની જેમ કેટલાય લોકો કુટુંબમાં તો રહે છે પણ એકબીજા પ્રત્યે પ્રેમ, સદ્ભાવના અને સહકારને બદલે પોતપોતાની સ્વાર્થસિદ્ધિ માટેની ગોઠવણ કર્યા કરતા હોય છે. અધિકારની અપેક્ષા રખાય છે અને કર્તવ્યની ઉપેક્ષા કરવામાં આવે છે. પરિણામે કૌટુંબિક સંસ્થામાં વિચ્છેદ,વિખવાદ આ સદીની સૌથી મોટી સમસ્યા બની રહી છે. પતિ-પત્નીનો સંબંધ બે દેહ-એક પ્રાણનો સંબંધ છે. પરંતુ જો કામેચ્છા અને બાળકોના મોહને બાદ કરવામાં આવે ત્યારે સહજ સૌજન્ય પ્રેરિત ભાવભર્યું દાંપત્યજીવન ભાગ્યે જ જોવા મળે છે. ગૃહસ્થ જીવનનો ભાવનાત્મક આનંદ ઉચ્ચ-સ્તરનો હોય છે. એની અનુભૂતિ જ નહિ કલ્પના પણ વર્તમાન યુગના લોકોના હાથમાંથી સરકતી જાય છે.

આ જ પરિસ્થિતિ સમાજની છે. સમાજવ્યવસ્થાનું માળખું ઉપર ઉપરથી તો કાગળના બનેલા વિશાળકાય પૂતળાની જેમ યેનકેન પ્રકારે ઊભું છે. પરંતુ અંદર પોકળતા સિવાય કંઈ જ નથી. સગાંસંબંધીઓ વચ્ચે સંબંધો કેવી રીતે જળવાય છે અને તૂટે છે એ લગ્નો વખતે થતી આપ-લે વખતે બરાબર જોઈ શકાય છે. ભ્રષ્ટાચાર, નશાખોરી, ફેશનપરાયણતા, વિલાસિતા, ધૂર્તતા, ઉદ્ધતાઈ જેવી રીતિ-નીતિ સંસ્કૃતિનું અંગ બની ગઈ છે. આમ તો આપણા યુગને તર્ક અને બુદ્ધિનો યુગ કહેવામાં આવે છે પરંતુ અણઘડ આદિકાળમાં પણ ન અપનાવાયાં હોય એવાં અનુચિત પ્રચલનો અને ભ્રમણાઓને ઉત્સાહપૂર્વક અપનાવાઈ રહ્યા છે. ઢોંગ, ક્રિયા-કાંડ, મંત્ર-તંત્ર વગેરેએ અધ્યાત્મને એવો ભરડો લીધો છે કે એને જોતાં લાગે છે કે વિવેકના અરુણોદયને ધરતી પર લાવવા માટે હજી એક ભગીરથ તપ જેવા પ્રચંડ પુરુષાર્થની જરૂર છે.

સામૂહિક જીવનમાં શાસનતંત્રનું મહત્ત્વ હોય છે,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પણ આજે તો સરકારો આયારામ ગયારામ થઈ ગઈ છે. રાજકીય અસ્થિરતાના આ યુગમાં શાસન પ્રમુખનો બધો જ સમય પોતાની જ સ્થિરતા અને હિતની ચિંતા કરવામાં પસાર થઈ જાય છે ત્યારે રાષ્ટ્રની ચિંતા એ ક્યારે કરે ? જ્યાં સરકારો સ્થિર છે, ત્યાં એ પોતાનાં સંકુચિત સ્વાર્થોની પૂર્તિ માટે બીજા દેશો પ્રત્યે જે વલણ અપનાવે છે એનાથી શોષણ, આધિપત્ય, વિગ્રહ અને યુદ્ધનાં કુચક્રો જ ગતિશીલ થાય છે.

આજકાલ એક સમસ્યા ઉકેલતાં ઉકેલતાં બીજી દસ સમસ્યાઓનો સામનો કરવો પડે છે. વર્તમાન વિભીષિકાઓને પરાસ્ત કરવાનું કામ એટલું સહેલું નથી. એક સાંધતાં તેર તૂટે એવી પરિસ્થિતિ પ્રવર્તમાન છે.

આવી દશામાં સમાધાન એક જ છે 'યુગપરિવર્તન'. પ્રકૃતિ, પરિવેશ, પરિસ્થિતિઓ, પ્રવૃત્તિઓ, સામાજિક ગતિવિધિઓ, રાજકીય માળખું, વૈજ્ઞાનિક તેમ જ આર્થિક વિચારધારાને એક સાથે સમગ્ર રીતે બદલી નાખવાનો મહાન ઉપક્રમ. જોકે આ કાર્ય સરળ નથી, માત્ર માનવીય પુરુષાર્થ દ્વારા સંભવ પણ નથી. પરંતુ જ્યારે બાહુબળ થાકી જાય છે અને પતન તેમ જ વિનાશની આશંકા બળવત્તર બનતી જાય છે. ત્યારે એ પ્રવાહને પલટી નાખવાનું કાર્ય દૈવી ચેતના પોતે જ કરે છે અને ફરી એક વાર માનવીની આંતરિક પ્રકૃતિ, બાહ્ય પરિસ્થિતિઓ, સામાજિક, રાજકીય તેમ જ આર્થિક માળખાઓનું નવનિર્માણ થાય છે. પ્રકૃતિ અને પર્યાવરણ ભગવાનની ભાવિ સંકલ્પનાઓ અનુસાર સ્વયંને તૈયાર કરે છે. સમગ્ર સૃષ્ટિમાં યુગ-પરિવર્તનની રાગિણી લહેરાય છે, જેના દરેક સ્વયંમાં, દરેક લયમાં દરેક તાલમાં ઉજ્જ્વળ ભવિષ્યનું ગુંજન સંભળાય છે. વર્તમાન ક્ષણોમાં આ જ ગુંજનને સ્વયંમાં પ્રકૃતિ તેમ જ પરિવેશમાં જીવનના પ્રત્યેક કણમાં તીવ્રથી અતિતીવ્ર બનતું અનુભવી શકાય છે. આ જ ગુંજન આજે ચારે બાજુ અત્ર-તત્ર-સર્વત્ર સંભળાય છે. યુગપરિવર્તન જ યુગની નિયતિ છે. માનવીની ભવિતવ્યતા છે.

▪▪▪▪▪▪▪▪▪▪▪▪▪▪▪

*એક વૃદ્ધ માણસ યુવાનોને ઝાડ પર ચઢતાં-ઉતરતાં શીખવતો હતો. યુવાનો તેની પાસેથી ઊંચાં વૃક્ષો ઉપર ચઢવા અને ઉતરવાની કળા શીખતા હતા. એક યુવાન તેની પાસે એવી કળા શીખવા આવ્યો. વૃદ્ધે કહ્યું – "વૃક્ષ ઉપર ચઢવા-ઉતરવામાં ખૂબ સાવચેતી રાખવી પડે છે." યુવાન બોલ્યો, "એમાં શું નવું છે ? એ તો બધાયને ખબર છે." એમ કહીને જોતજોતામાં તે વૃક્ષની ટોચ સુધી ચઢી ગયો. વૃદ્ધ તે જોતો રહ્યો અને તેને હિંમત આપતો રહ્યો. પછી જ્યારે તે ઉતરવા લાગ્યો ત્યારે વૃદ્ધ ચૂપ રહ્યો. યુવાન સંભાળપૂર્વક ધીમે ધીમે ઊતરી રહ્યો હતો. જ્યારે તે પોણાભાગ સુધી ઊતરી આવ્યો ત્યારે વૃદ્ધ બોલ્યો – "બેટા જરા સાચવીને ઉતરજે, બેદરકારી કે ઉતાવળ ના કરીશ. યુવાનને નવાઈ લાગી કે, જ્યારે તે ટોચથી ઉતરતો હતો, ત્યાં સુધી વૃદ્ધ ચૂપ રહ્યો અને જ્યારે થોડુંક જ ઉતરવાનું બાકી છે ત્યારે મને સાવધાન રહેવાની સૂચના શા માટે આપે છે ? વૃદ્ધ બોલ્યો – "જ્યારે તું ઉપરથી ઉતરતો હતો ત્યારે તો તું તારી મેળે જ સાચવીને ઉતરતો હતો. પરંતુ મોટેભાગે લોકો લક્ષ્યની નજીક પહોંચીને જ બેદરકાર કે અસાવધ (ગાફેલ) બની જતા હોય છે. એટલા માટે જ મેં તને યોગ્ય સમયે સાવધાન કર્યો હતો.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સાંભળીએ મહાપરિવર્તનના આ પગરવને

યુગપરિવર્તનની સ્વર્ણીય આભા સૌપ્રથમ ચૈતન્ય-લોકમાં ઘનીભૂત થાય છે અને ત્યાર પછી પરિવર્તનના આ સૂક્ષ્મ તરંગો, સ્થૂળ જગતના વિભિન્ન ઘટનાક્રમોના સ્વરૂપે આકાર ધારણ કરે છે. ભવિષ્યદૃષ્ટા મહામાનવો પોતાની અતીન્દ્રિય ક્ષમતાઓ વડે પરિવર્તનના એ પગરવને અનુભવે છે. એમની આ જ અનુભૂતિ ભવિષ્યનું શબ્દચિત્ર બનીને માનવતા સમક્ષ પ્રસ્તુત થાય છે. જ્યોતિષીઓ પણ કાળપરિવર્તનના આ સંકેતોનું વર્ણન પોતાની ગાણિતિક વ્યાખ્યાઓ દ્વારા પ્રતિપાદિત કરે છે. આજે ભવિષ્યદૃષ્ટાઓ હોય, દિવ્યદર્શીઓ હોય કે કાળગણના કરનારા જ્યોતિષાચાર્ય હોય બધા જ યુગપરિવર્તનની પ્રક્રિયાના તીવ્ર વેગ-પૂર્વકના સંચલન વિષયે બધા જ એકમત છે. આ બધાના મત અનુસાર આ પરિવર્તન પ્રક્રિયાની પરિણતિ ધરતી પર સત્‌યુગી સંભાવનાને સાકાર કરીને જ રહેશે. આ બધા જ વિદ્વાનો, વર્તમાન વિપ્લવી તેમ જ ભીષણ ઊથલપાથલ પાછળ ઉજ્જ્વળ ભવિષ્યની સ્વર્ણીય છટા નિહાળી રહ્યા છે. એમના મત અનુસાર ભારત ફરીથી ચક્રવર્તી, જગદ્‌ગુરુ બનશે અને વિશ્વનું નેતૃત્વ કરશે.

અમેરિકન કમ્પ્યૂટર જ્યોતિષશાસ્ત્રી જૉન નેસવિટ તેમ જ પૅટ્રિશિયા આવર્દેને ઈ.સ. ૧૯૮૨માં પોતાની કૃતિ 'મેગાટ્રેન્ડ્સ'માં દસ ભવિષ્યવાણીઓનું સંકલન પ્રસ્તુત કર્યું હતું. એ અનુસાર ઈ. સ. ૨૦૦૦ સુધીનો સમય સમસ્ત સંસાર માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ સમય દરમ્યાન દુનિયાના બધા જ દેશોમાં અને માનવતાનાં બધાં જ ક્ષેત્રોમાં પરિવર્તનની પ્રક્રિયા તીવ્રતમ વેગ ધારણ કરશે. આ સમયગાળા પછી એકવીસમી સદીમાં માનવતા એનાં ઉચ્ચતમ શિખરોને સ્પર્શ કરશે.

એમની ભવિષ્યવાણી અનુસાર ઈ.સ. ૨૦૦૦ સુધી મહાવિનાશનો આતંક રહી રહીને માનવતાને ભયભીત કર્યા કરશે. પરંતુ અંતે માનવતાનો જ વિજય થશે. ઈ.સ. ૨૦૦૦ માનવતાના ઇતિહાસનો સુવર્ણયુગ સિદ્ધ થશે. સમગ્ર વિશ્વમાં પરિવર્તનની આંધી ઊમટી પડશે. યુરોપના દેશોમાં યોગ, ધ્યાન તથા પુનર્જન્મ પ્રત્યેના વિશ્વાસમાં અસાધારણ વૃદ્ધિ થશે. પ્રત્યેક દેશ ભારતના માર્ગદર્શનમાં પોતાનાં સાંસ્કૃતિક મૂલ્યોનું સર્જન, સંરક્ષણ તેમ જ સંવર્ધન કરશે. રાજકારણમાં સેવાભાવી, ચારિત્ર્યવાન તેમ જ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ વ્યક્તિઓનું પદાર્પણ થશે. દરેક ક્ષેત્રમાં સ્ત્રીઓ આગળ આવશે. સ્ત્રીઓનું વર્ચસ્વ વધશે. ભારત સૌથી વધુ સમૃદ્ધ દેશ તરીકે આગળ આવશે.

વિખ્યાત જ્યોતિષાચાર્ય બેજાન દારૂવાલાએ પણ ભારતના ભવિષ્યને ઉજ્જ્વળ તેમ જ ઉમંગભર્યું દર્શાવ્યું છે. પોતાની ગણતરીઓના માધ્યમથી એમણે સ્પષ્ટ કર્યું છે કે આવનારી સદીના પ્રથમ દસકામાં ભારતનો વિકાસ વિશ્વના પડદા પર ઊભરતો દેખાશે. બીજા દસકામાં એ સુપર પાવર બનશે. ત્યારે લોકો 'મેરા ભારત મહાન' ગર્વથી કહી શકશે. ૨૦૨૨ સુધી ભારત દુનિયાનો તારણહાર બની જશે. ભારતની પ્રતિષ્ઠા રાજકીય કે સામાજિક કારણોસર નહિ પણ સાંસ્કૃતિક વારસાના કારણે સમગ્ર વિશ્વમાં સર્વોચ્ચતા પામશે.

કોટ્ટમ રાજુ નારાયણ રાવ જ્યોતિષશાસ્ત્રના ક્ષેત્રે પોતાના નિષ્કર્ષો શાસ્ત્રીય માન્યતાઓને આધુનિક સંદર્ભોમાં જોઈને તારવે છે. એમણે ત્રેવીસસો વર્ષોના ઇતિહાસની મુખ્ય ઘટનાઓ અને એ તિથિઓમાં ગ્રહ-નક્ષત્રોની સ્થિતિનું અધ્યયન કર્યા પછી સ્પષ્ટ કર્યું છે કે ભારતનું ભાવિ ઉજ્જ્વળ છે. એમના મત અનુસાર આવતા બે-અઢી વર્ષોમાં તનાવ, વિગ્રહ, હિંસા તેમ જ પ્રાકૃતિક વિપત્તિઓ ભારતે ચારે બાજુથી ઝીલવી પડે. પણ એ પછીનો પરિવર્તનનો સમય સુખદ હશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એમણે આ કથનને પુષ્ટ કરવા માટે કેટલીક જ્યોતિષશાસ્ત્રીય ગણતરીઓ કરી છે. વરાહમિહિરના મત અનુસાર ભારતનું લગ્ન મકર છે. શનિ મંગળ સાથે રાહુ અને કેતુનો સંયોગ એની નિયતિ નક્કી કરે છે. ઈ.સ. પૂર્વે ૩૨૭ વર્ષ પહેલાં ભારત પર સિકંદરનું આક્રમણ હોય કે ગીઝની-ઘોરીનું આક્રમણ, શનિ અને મંગળ કેન્દ્રમાં રહ્યા છે. મોહમ્મદ ગીઝનીએ ૨૭ નવેમ્બર, ૧૦૧૭ના દિવસે ભારત પર આક્રમણ કર્યું હતું. એ દિવસે શનિ અને રાહુ એક જ અંશોમાં સ્થિત હતા. સોમનાથ મંદિરનો ધ્વંસ ૨૫ મે, ૧૦૨૪ના દિવસે થયો. એ સમયે મંગળ અને કેતુ મિથુન રાશિમાં એક-બીજાથી ઘણાં નજીક હતા. ૧૩૯૮માં તૈમૂર લંગનો હુમલો, ૧૯ એપ્રિલ, ૧૫૨૬ના દિવસે પાણીપતનું પહેલું યુદ્ધ, ૫ નવેમ્બર, ૧૫૫૩ના દિવસે પાણીપતનું બીજું યુદ્ધ આ જ ગ્રહયોગોનો સંકેત કરે છે. ૧ સપ્ટેમ્બર, ૧૯૩૮ના બીજા વિશ્વયુદ્ધના પ્રારંભ સમયે શનિ સાથે કેતુની યુતિ હતી. ૯ ઑગસ્ટ, ૧૯૪૨ના સવારે દસ વાગે મંગળ અને રાહુ સિંહ રાશિમાં હતા ત્યારે ભારત છોડો આંદોલન શરૂ થયું. ૬ અને ૯ ઑગસ્ટ ૧૯૪૫માં જાપાનમાં અણુબૉંબ ફેંકાયો ત્યારે શનિ અને રાહુ એક સાથે બેઠેલા હતા. ભારત-વિભાજનના નિર્ણય સમયે, ૧૯૬૫ અને ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ સમયે શનિ અને રાહુનો અપૂર્વ સંયોગ હતો. એ જ રીતે ૧૪ મે, ૨૦૦૨ના દિવસે છ ગ્રહો એકસાથે વૃષભ રાશિમાં હશે. આ યોગ ભારતના ઉજ્જ્વળ ભવિષ્યનો સંકેત કરે છે. એની સાથે જ સંસારમાં નવયુગનો સૂત્રસંચાર થશે.

ભવિષ્યદ્દષ્ટા ટૉન વેલેન્ટાઈને ઈ.સ. ૧૯૮૦માં કરેલા ભવિષ્યકથનમાં ૫ મે, ૨૦૦૨ને તીવ્રતમ પરિવર્તનકારી સમય ઘોષિત કર્યો છે. આ સમયગાળા દરમ્યાન આ એકધ્રુવીય વિશ્વમાં ભોગવાદી પાશ્ચાત્ય તાકાતોનું વર્ચસ્વ સમાપ્ત થઈ જશે અને નૂતન પરિવર્તન પરિલક્ષિત થશે.

શીખ ધર્મના દસમા ગુરુ ગુરુગોવિંદસિંહે પોતાના પવિત્રતમ ગ્રંથ 'ગુરુ ગ્રંથ સાહેબ'માં એક દિવ્ય અવતારી ચેતના દ્વારા સત્યુગી સંભાવનાઓને સાકાર થવાની વાત કરી છે. જાપાની સંત મી શૂશામાએ ૧૯૮૫માં પોતાના સ્થૂળ શરીરનો ત્યાગ કરતાં પહેલાં મહાપરિવર્તનનો સંકેત આપતાં કહ્યું હતું. "આ સદીના અંત સુધી વિનાશનાં વાદળોના ગડગડાટ છતાં આવતી સદીની શરૂઆતથી ધરતી પર સ્વર્ગીય પરિસ્થિતિઓના અવતરણનો ક્રમ આરંભાઈ જશે. આ અદ્ભુત સર્જનની કોઈ કલ્પના કરી શકે તેમ નથી." મહાપરિવર્તનના આ પગરવને સમજનારા વિવેકશીલજનો પોતાને ભાવિ યુગ માટે તૈયાર કરી શકશે. ભાવિ સદી સંવેદના અને સર્જનની હશે. વિનાશકારી નિષ્ઠુરતાનું એમાં કોઈ સ્થાન નહિ હોય.

*"યુગપરિવર્તનની વેળાએ આ મહાન કાર્ય માટે જે સુવિધાઓ દૃષ્ટિગોચર થશે એમનો ઉદ્ભવ અદૃશ્ય જગતમાં થયેલો હશે. અદૃશ્ય જગતમાંથી જ દૃશ્ય ગતિવિધિઓ પ્રગટ થશે. જે કંઈ કરવાનું છે એ બ્રાહ્મી ચેતના સાથે સંકળાયેલ કારણશરીર જ સંપન્ન કરશે. એકવીસમી સદીમાં આવાં જ પરિવર્તનો થશે. પણ ખબર નહિ પડે કે એ કેમ થઈ રહ્યાં છે અને કોણ કરી રહ્યું છે ?"*

**— પરમપૂજ્ય ગુરુદેવ**

*'નવસૃજન નિમિત્તે મહાકાલની તૈયારી'માંથી*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# 'વિચારક્રાન્તિ' પરિવર્તનવેળાએ નૂતનદર્શનનું પ્રવર્તન

'પરિવર્તન' એ સૃષ્ટિનો શાશ્વત નિયમ છે. માનવસમાજ, સંસ્કૃતિ અને સભ્યતાએ હંમેશાં, દરેક યુગમાં આ પરિવર્તન પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. જે માન્યતાઓ ક્યારેક ઉપયોગી અને સમયાનુકૂળ લાગતી હતી. એમાં પણ પરિવર્તન સુધારણા કરવાં પડે છે. એક વ્યવસ્થા, એક નિયમ, એક કાયદો પ્રત્યેક કાળમાં ઉપયોગી સિદ્ધ થાય એવું જરૂરી નથી. બદલાતી પરિસ્થિતિઓ, માગણીઓ, સમયની જરૂરિયાતો અનુસાર ફેરફાર થયા કરે તો સમાજની સુવ્યવસ્થા જળવાઈ રહે છે. 'પરિવર્તન'ની આ વ્યાપક વ્યાખ્યાના મૂળમાં જ ક્રાન્તિ શબ્દનો મર્મ છુપાયેલો છે. ક્રાન્તિનો અર્થ હિંસા નહિ પણ એ વૈચારિક પરિવર્તનની એક એવી પ્રક્રિયા છે, જેમાં જનચેતના દૈવી અનુકૂલનના આધારે અનિષ્ટનો વિરોધ કરવા, છોડવા તથા ઇષ્ટને અપનાવવા માટે કટિબદ્ધ થઈ જાય. 'ક્રાન્તિ' જો વ્યક્તિના અંતરંગ અને બહિરંગના આમૂલ પરિવર્તન લાવે છે તો એનું સ્વરૂપ સાચું છે. જો એ ભૌતિક, સામાજિક, વૈજ્ઞાનિક, રાજનૈતિક આધારો પર રૂઢિવાદિતા, તાનાશાહી, ભોગલિપ્સાનાં સાધનો પર નિર્ભરતા લાવે છે તો એ એનું વિકૃત સ્વરૂપ છે. તેથી જ બધી જ ક્રાન્તિઓમાં 'વિચારક્રાન્તિ'ના અહિંસાત્મક, આધ્યાત્મિક સ્વરૂપને જ શ્રેષ્ઠ અને અપનાવવા યોગ્ય માનવામાં આવે છે. તેમ જ જયારે યુગ બદલાયો છે. માનવીના આંતરિક પરિવર્તનની ધૂરા પર આધારિત ક્રાંતિ દ્વારા જ બદલાયો છે.

વૈચારિક પરિવર્તન દ્વારા પતન-નિવારણ, આત્મનિર્માણ દ્વારા સમાજ તેમ જ વિશ્વનિર્માણની અવધારણા જે ગુરુદેવે આપી એના મૂળમાં આ 'વિચારક્રાન્તિ' રૂપી નૂતન દર્શન જ હતું. એના પ્રવર્તક રૂપે બદ્ધાવતારના ઉત્તરાર્ધ પ્રજ્ઞાવતારના વિરાટ સ્વરૂપને લઈને આવ્યા અને દરેકે દરેક વ્યક્તિના વિચારોને બદલવાનો સંકલ્પ લઈને 'યુગ-નિર્માણ યોજના' ઊભી કરી શકવામાં સફળ થયા. આજે યુગપરિવર્તનને અનુરૂપ જે હવા છે એના મૂળમાં વિચારક્રાન્તિની એ તીવ્ર આંધી જ છે જે દિવસે દિવસે પૂર ઝડપે વધતી જ જાય છે. આ ક્રાન્તિની ગતિને 'હ્યુમેનિટી ઇન ઇવૉલ્યુશન' ગ્રંથમાં વિદ્વાન વૉટ્સ કનિંઘમના વિચારોને વાંચીને સમજી શકાય છે. તેઓ લખે છે કે ઈસુના મૃત્યુ પછીનાં અઢારસો પચાસ વર્ષોમાં દુનિયામાં જેટલું જ્ઞાન વધ્યું છે. જેટલી ઝડપથી પરિવર્તન આવ્યું છે એ માત્ર ગયાં દોઢસો વર્ષોમાં સંપન્ન થઈ ગયું છે એ એમાંય છેલ્લાં પંદર વર્ષોમાં જે કંઈ થયું છે ગયાં દોઢસો વર્ષમાં પરિવર્તનથી કેટલુંય વધારે છે. હવે આગામી છ વર્ષોમાં જે થવાનું છે એ બધા જ કીર્તિમાનોને વટાવી જનારું અને યુગપરિવર્તનકારી હશે. એ છ વર્ષો એમણે ૧૯૯૮ની શરૂઆતથી ૨૦૦૩ના સમયગાળા સુધીનાં દર્શાવ્યાં છે.જનમાસનો પ્રવાહ પાશવી વૃત્તિઓ તરફથી હટી જશે. દૈવી તેમ જ વિરાટ કૌટુંબિકતાની ઔદાર્યપૂર્ણ ભાવનાની ધૂરી પર આ પરિવર્તન કેન્દ્રિત થયેલુ હશે.

'ક્રાન્તિ' સદા વ્યક્તિના અંતરાલમાં સર્જાય છે. પરિવર્તન તો સામૂહિક હોય છે. જ્યારે આ એક સમષ્ટિગત પ્રક્રિયા બની જાય છે ત્યારે સમૂહમનમાં પરિવર્તન જ જનક્રાન્તિ બની જાય છે. આજની વિચારક્રાંતિ કંઈક આ જ પ્રકારની છે. આ વિચારક્રાંતિને છેલ્લી બે સદીથી સતત સંપન્ન થતી રહેતી છૂટક છૂટક ક્રાંતિઓ પછી તે રાજાશાહીથી લોકશાહી તરફ લઈ જતી કે ઉપનિવેશવાદની સમાપ્તિ જ રૂપમાં જ હોય કે વૈજ્ઞાનિક ઉપલબ્ધિઓની મદદથી અગણિત સાધન-સગવડોના બાહુલ્યના રૂપમાં હોય. એક મહાક્રાંતિની પૂર્વતૈયારી રૂપે સમજી શકાય. વ્યક્તિ ઢળે નહિ, એના વિચારપ્રવાહમાં પરિવર્તન આવે નહિ. સમાજમાં સુધારણાની હવા ફેલાય નહિ તો પછી એ ક્રાંતિ પ્રભુત્વ કેવી રીતે પામશે ? તેથી જ વિચારક્રાંતિને મહાક્રાંતિ કહેવામાં આવી છે અને એના માધ્યમથી નવયુગના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અવતરણની વાત કહેવામાં આવી છે.

ક્રાંતિની નિરંતરતા જ ધર્મ છે. ભારતીય દર્શનની આધ્યાત્મિક માન્યતાઓ જીવન જીવવાની કળાનું શિક્ષણ આપવા ઉપરાંત વ્યક્તિ-નિર્માણની વ્યાવહારિક પ્રક્રિયા પણ દર્શાવે છે. પતનથી ઊંચે ઊઠી ઉત્કર્ષ તરફ જવાનો માર્ગ પણ દર્શાવે છે. તેથી જ ભારતીય અધ્યાત્મને ક્રાન્તિકારી દર્શનની ઉપમા આપવામાં આવી છે. વળી વિશ્વનો દરેક ફિલસૂફ દરેક યુગમાં એનાથી પ્રભાવિત થઈને પૂર્વના આ અધ્યાત્મદર્શન વિશે કંઈકને કંઈક લખ્યા જ કરે છે. ક્રાન્તિની આ જ પ્રક્રિયા ઊથલપાથલ વેળાએ આજે પશ્ચિમીકરણની આંધી લઈને આવી છે. પરંતુ એ ટકવાની નથી. આખું વિશ્વ આ પરિવર્તનની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યું છે. એ ઉપરાંત એક નવો ધર્મ માનવ ધર્મ જન્મ લઈ રહ્યો છે. જે માનવાતીત ગણાતી વેદોની વાણીની આધારશિલા પર ઊભો રહેશે. યુગનિર્માણ યોજના, પ્રજ્ઞા અભિયાન બીજું કંઈ જ નથી. આ ક્રાન્તિધર્મી પ્રક્રિયાનું જ વ્યવહારિક કલેવર માત્ર છે.

પરિસ્થિતિ પ્રધાન યુગ વીતી ગયો. હવે મનઃસ્થિતિ-વૈચારિકતા પ્રધાન યુગ જ સમસ્ત સમસ્યાઓનું સમાધાન કરી મનુષ્યને મુક્તિનો શ્વાસ લઈ જીવન જીવવાની વિદ્યા પ્રદાન કરશે. મનઃસ્થિતિ જ પ્રેરણાઓનો પ્રવાહ પેદા કરે છે. સંકલ્પને જન્મ આપે છે. જેનાથી પરિસ્થિતિઓ બદલાતી જાય છે. સાધન-સામગ્રીના અભાવને કે એમના સ્વરૂપને દોષ આપવો વ્યર્થ છે. વાસ્તવમાં વૈચારિક વિકૃતિ જ દરેકને પતનોન્મુખ બનાવે છે, સતાવે છે. તનાવગ્રસ્ત કરી રોગી બનાવે છે તેમ જ જીવનને નારકીય બનાવી દેતી જોવા મળે છે. વિકૃત ચિંતન અપનાવવાથી દુર્ગતિ થાય છે, એ માનવીએ આ બે સદીઓમાં બરાબર જોઈ લીધું છે. મનઃસ્થિતિ બદલાશે તો જ પરિસ્થિતિ બદલાશે, એ બધાને સમજાવા લાગ્યું છે. આને જ વિચારક્રાન્તિનું બીજ કહી શકાય.

પરમપૂજ્ય ગુરૂદેવ પં. શ્રીરામ શર્મા આચાર્યે કહ્યું છે. "સદ્‌વિચારો અને સત્પ્રવૃત્તિઓ ઘટી જવાથી જ યુગનું અવસાન થાય છે. જો યુગનું નિર્માણ કરવું હોય તો સદ્‌વિચારો તેમ જ ઉચ્ચ આદર્શોની પ્રતિષ્ઠા વધારવી પડશે. ત્યારે અને ત્યારે જ યુગપરિવર્તનનું કાર્ય સરળ પ્રતીત થશે." (અખંડ જ્યોતિ, જાન્યુઆરી, ૧૯૬૨ પાન નં. ૪૪).

આ જ ચિંતનને વધુ પરિમાર્જિત કરીને એમણે સપ્ટેમ્બર, ૧૯૬૨ના અખંડ જ્યોતિનાં નવયુગના સંવિધાનના રૂપે 'યુગનિર્માણ સત્સંકલ્પ'ની ઘોષણા કરી અને પ્રત્યેકની વિસ્તારપૂર્વકની વ્યાખ્યા આપતાં એક આખો વિશેષાંક પ્રસ્તુત કર્યો. એમણે લખ્યું કે અખંડ-જ્યોતિ પરિવાર એના આધારે જ સમગ્ર વિચારણા, યોજનાઓ, ગતિવિધિઓ, કાર્યક્રમોને સંચાલિત કરશે. આજે રાજકીય પક્ષો કર્મકાંડની જેમ દરેક ચૂંટણી પહેલાં એક જાહેરાતનામું બહાર પાડે છે. એમાં મોટા મોટા વાયદાઓ હોય છે. પરંતુ પરમપૂજ્ય ગુરુદેવે એને જાહેરાતનામું કહેતાં, નવયુગના આગમન સુધી બધા માટે એક દૈનિક ધર્મકાર્યની જેમ નિત્ય વાંચવા, મનન કરવા તેમ જ જીવનમાં ઉતારવા જેવો એક સંકલ્પપત્ર ગણાવ્યો ત્યારથી જ યુગનિર્માણ યોજના પ્રજ્ઞા અભિયાન, ગાયત્રી પરિવાર, અખંડ જ્યોતિનાં દર્શનની આ મૂળ ધૂરા બની ગયો છે. સમગ્ર યોજનાઓ વિચારક્રાંતિનું બીજ ધરાવતા આ કેન્દ્રની ચારે બાજુ પરિક્રમા કર્યા કરે છે. બાહ્ય કલેવર ભલે લોકોને ધર્મકૃત્યલક્ષી કર્મકાંડલક્ષી લાગે પરંતુ એનું અંતરગ તો 'હમ બદલેંગે - યુગ બદલેગા, હમ સુધરેંગે - યુગ સુધરેગા', પોતાનું પરિવર્તન - યુગનું પરિવર્તન અને આત્મસુધારણા - યુગ સુધારણા'ના સૂત્ર પર ટકેલું છે. એ દિવસોમાં પ્રકાશિત યુગનિર્માણ સત્સંકલ્પ પર એક દષ્ટિપાત કરીશું તો પ્રતીત થશે કે સમગ્ર ધર્મશાસ્ત્રનાં નૈતિક તેમ જ આધ્યાત્મિક દર્શનનો નિચોડ એમાં સમાયેલો છે.

૧. હું આસ્તિકતા અને કર્તવ્યપરાયણતાને માનવજીવનનું ધર્મકર્તવ્ય માનું છું. શરીરને ભગવાનનું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મંદિર સમજી આત્મસંયમ અને નિયમિતતા દ્વારા આરોગ્યનું રક્ષણ કરીશ. મનને જીવનનું કેન્દ્રબિંદુ માની એને સદા સ્વચ્છ રાખીશ. એને કુવિચારો અને દુર્ભાવનાઓથી દૂર રાખવા સ્વાધ્યાય અને સત્સંગની વ્યવસ્થા જાળવી રાખીશ.'' યુગનિર્માણનું આ સમગ્ર સૂત્ર પૂજ્યવરે આસ્તિકતા તેમ જ કર્તવ્યપાલનની ધૂરા પર કેન્દ્રિત રાખ્યું.

૨. પોતાને સમાજનું અભિન્ન અંગ માનીશ અને બધાનાં હિતમાં મારું હિત સમજીશ. વ્યક્તિગત સ્વાર્થ તેમ જ સુખને સામૂહિક સ્વાર્થ તેમ જ સામૂહિક હિત કરતાં વધુ મહત્ત્વ આપીશ નહિ.'' ''હું નહિ આપણે બધા'' આર્થિક જ નહિ સામાજિક શમતા પણ ''વ્યક્તિ અને સમાજની અભિન્નતાવાળો આ સૂત્ર-સમુચ્ચય સ્વયં ક્રાન્તિકારી નૂતન દર્શન છે તેમ જ આજની બધી જ સમસ્યાઓનું સમાધાન પણ છે.

૩. ''નાગરિકતા, નૈતિકતા, માનવતા, સચ્ચરિત્રતા, શિષ્ટતા, ઉદારતા, માનવતા, સહિષ્ણુતા જેવા સદ્ગુણોને સાચી સંપત્તિ સમજીને એમને વ્યક્તિગત જીવનમાં નિરંતર વધારતો રહીશ. સાધના, સ્વાધ્યાય, સંયમ તેમ જ સેવાકાર્યોમાં આળસ અને પ્રમાદ આવવા દઈશ નહિ. ચારે બાજુ મધુરતા, સ્વચ્છતા તેમ જ સજ્જનતાનું વાતાવરણ ઊભું કરીશ.'' આત્મસુધારણા તેમ જ ગુણોના અવલંબન દ્વારા આધ્યાત્મિક મૂલ્યોને જીવનમાં કેવી રીતે ઉતારી શકાય એની સર્વગ્રાહી શિક્ષણ સંકલ્પના આ ખંડમાંથી મળી રહે છે.

૪. ''પરંપરાઓની તુલનામાં વિવેકને મહત્વ આપીશ. અનીતિથી મેળવેલી સફળતા કરતાં નીતિથી મળેલી નિષ્ફળતાને માથે ચડાવીશ. મનુષ્યના મૂલ્યાંકનની કસોટી એની સફળતાઓ, યોગ્યતાઓ તેમ જ એની સંપત્તિ નહિ પણ એના સદ્વિચારો અને સત્કર્મોને માનીશ. વિવેક જ વિજયી બને અને હંમેશાં નીતિ પર ચાલવાની પ્રેરણા મળે એ આ સંકલ્પ ખંડનો સાર છે.

૫. ''મારું જીવન સ્વાર્થ માટે નહિ પરમાર્થ માટે હશે. સંસારમાં સત્પ્રવૃત્તિઓના પુણ્ય-પ્રચાર માટે પોતાના સમય, પ્રભાવ, જ્ઞાન, પુરુષાર્થ તેમ જ ધનનો એક અંશ નિયમિત રીતે ફાળવતો રહીશ.'' દેવમાનવ હોવાના નાતે માનવીની જવાબદારી પરમાર્થમાં જ સાચો સ્વાર્થ જોવાની છે. તથા પોતાની સંપત્તિનો પરમાર્થ માટે ઉપયોગ કરવો એ યુગનિર્માણની ધૂરા છે.

૬. ''મને ન ગમે એવો વ્યવહાર હું બીજાની સાથે કરીશ નહિ. પ્રામાણિકતા અને પરિશ્રમના કમાણી જ સ્વીકારીશ. નારી જાતિ પ્રત્યે માતા, બહેન અને પુત્રી તરીકે જોવાની દૃષ્ટિ કેળવીશ. આ સંકલ્પ ખંડમાં આત્મવત સર્વભૂતેષુ, પરદ્રવ્યેષુ, લોષ્ઠવત્, માતૃવત્, પરદારેષુની પરમપવિત્ર એવી ત્રણ ભાવનાઓ સમાયેલી છે. જે નવયુગના સર્જનનો મૂળ આધાર ગણી શકાય.

૭. ''પોતાના ભાગ્યનો નિર્માતા મનુષ્ય પોતે જ છે. આ વિશ્વાસના આધારે હું ઉત્કૃષ્ટ બનીશ અને બીજાને શ્રેષ્ઠ બનાવીશ તો યુગ અવશ્ય બદલાશે. અમારો યુગનિર્માણ સત્સંકલ્પ અવશ્ય પૂર્ણ થશે.'' મનુષ્ય પરિસ્થિતિઓનો દાસ નહિ ભાગ્યવિધાતા છે. યુગનિર્માણની ધરી છે - સંકલ્પશક્તિ દ્વારા આત્મ-નિર્માણ, શ્રેષ્ઠતાનું વરણ, શ્રેષ્ઠ ચિંતન-ચરિત્ર અને વ્યવહારનો વિકાસ. અંતિમ સૂત્રમાં આવું જ સારરૂપ દર્શન છુપાયેલું છે. ત્યાર પછી પરમપૂજ્ય ગુરુદેવે આ જ સૂત્રોને ૧૮ સંકલ્પોના સ્વરૂપે સંશોધિત કરીને ૧૯૮૬માં પ્રસ્તુત કરીને સંધિકાળમાં પરિવર્તનનો મૂળ આધાર ગણીને પ્રચલિત કર્યાં હતાં. આજે એ સૂત્રો નવી શબ્દાવલિમાં સર્વત્ર વંચાય છે.

કહેવાની જરૂર નથી કે નવયુગના આ સંવિધાન પર સંભવ બનેલી આજ સુધીની ૩૬ વર્ષની યાત્રાએ લાખો વ્યક્તિઓના સંકલ્પોને જોડીને એક વિરાટ આંદોલનને જન્મ આપ્યો છે. ''યુગ પરિવર્તન'' આ જ મૂળ ગીતાના ૧૮ અધ્યાયોની જેમ લખેલાં સૂત્રોની વિસ્તૃત ક્રિયા-સ્વરૂપની પરિણતિ છે. જેના અધિષ્ઠાતા મહાકાલ છે. વિચારક્રાંતિ રૂપે પ્રતિષ્ઠિત આ દર્શન આવનારા દિવસોમાં સમગ્ર વિશ્વમાં થનારા પરિવર્તનનો મૂળ આધાર બની રહેશે. એમાં કોઈ શંકાને સ્થાન નથી.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સત્કાર્ય પ્રત્યે સમર્પણ

સત્કાર્ય પ્રત્યેનું સમર્પણ જ તમને ધરતી અને ધરતીના આત્માની ગતિ સાથે ચાલવાનું સામર્થ્ય આપે છે. નિષ્ક્રિય રહેવું એ તો અનંતને શાનદાર સમર્પણ કરતી પોતાના સમગ્ર ઐશ્વર્ય તેમ જ ઠાઠ-માઠથી નીકળતી શોભાયાત્રા પ્રત્યેની અજાગૃતિ અને ઉદાસીનતા છે.

કાર્ય કરતી વખતે તમે એવી વાંસળી બની જાવ છો. જેના હૃદયમાંથી સમયના શ્વાસોચ્છ્વાસ ઉદ્ભવી સંગીતમાં પરિવર્તન પામે છે. તમારામાંથી કોણ મૂક જન બનવાનું પસંદ કરશે ? કે જ્યારે સમગ્ર સંસાર એક જ બંસીના સ્વરમાં સામેલ થઈ રહ્યો હોય ? તમને હંમેશાં કહેવાયું છે કે કર્મ એક અભિશાપ છે અને શ્રમ દુર્ભાગ્ય. પરંતુ હું તમને કહું છું કે જ્યારે તમે કર્મ કરો છો ત્યારે તમે ધરતીના પ્રાચીનતમ સ્વપ્નના અંશને પૂરો કરવાની તમારી જવાબદારી નિભાવો છો.

સત્કર્મમાં ગળાડૂબ રહેવું એ જ સાચા અર્થમાં જીવન પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરવાની રીત છે. એનાં અંતરંગ રહસ્યોને ઝીણવટપૂર્વક જાણવાની રીત છે. પરંતુ જો તમે પોતાનાં કષ્ટોથી ગભરાઈને કહેવા લાગો કે તમારો જન્મ એક વિપત્તિ છે અને હાડમાંસની બનેલી આ કાયાનું પોષણ તમારા ભાગ્યમાં લખાયેલ અભિશાપ છે. તો મારો જવાબ એ જ છે કે એ અભિશાપને ધોવાનું એક માત્ર સાધન તમારા પરિશ્રમનો પરસેવો જ છે.

તમે એ પણ સાંભળ્યું હશે કે જીવન અંધકારમય છે. હું પણ કહું છું કે જીવન ખરેખર અંધકારમય છે, જો કોઈ આકાંક્ષા ન હોય તો બધી જ આકાંક્ષાઓ અંધ છે. જો જ્ઞાન ન હોય તો, સમગ્ર જ્ઞાન વ્યર્થ છે. જો કર્મ ન હોય તો સમગ્ર કર્મ પોકળ છે. જો પ્રભુ પ્રેમ ન હોય તો જ્યારે તમે પ્રભુ પ્રેમથી પ્રેરિત થઈને કર્મ કરે છે ત્યારે તમે વિશ્વ-માનવતા માટે સ્વયંને અર્પિત કરો છો. કારણ કે વિશ્વાત્માનું સાકાર સ્વરૂપ એ જ આ વિશ્વ છે. પ્રભુપ્રેમથી પ્રેરિત કર્મ શું છે ? એ આપણા હૃદયના તાર ખેંચી કરેલું વણાટકામ છે. સમજી લો કે સ્વયં પ્રભુ જ પહેરવાના છે. એટલા પ્રેમથી ભવનનું નિર્માણ કરવાનું છે. જાણે પ્રભુ પોતે જ એમાં રહેવાના છે. મૃદુતાથી બીજારોપણ કરી આનંદિત થઈને ફળોનો સંચય કરવાનો છે. જાણે પ્રભુ પોતે જ એ ખાવાના છે. સમસ્ત જીવસૃષ્ટિ તમારી આજુબાજુ ઊભી રહીને તમારાં કર્મોને નિહાળી રહી છે. એમ માની આપણા દરેક કર્મને દિવ્યતાથી ભરી દેવાનું છે.

કેવળ એ જ વ્યક્તિ મહાન છે જે પોતાના કર્મથી પવનના સ્વરોને એક ગીતમાં બદલી દે છે અને પોતાના ભગવત્ પ્રેમથી એ ગીતની મીઠાશને વધારી દે છે. પ્રભુપ્રેમને દૃષ્ટિગોચર બનાવી દેવું એ જ સત્કર્મ છે.

• • •

*હું જ્યારે સંસારમાંથી છેલ્લી વિદાય લઉં ત્યારે મારા અંતિમ શબ્દો આવા હજો. "મેં જે કાંઈ જોયું છે તે અદ્વિતીય અકલ્પનીય અને અવર્ણનીય છે. મેં આ વિશ્વના સાગરમાં ખીલેલા સહસ્ત્રદલ કમળના અદૃશ્ય રસનું પાન કર્યું છે. એટલા માટે હું ધન્ય થઈ ગયો છું. અનંત આકારો ધરાવતા આ મેદાનમાં મેં મન ભરીને રમી લીધું છે અને એમાં મને નિરાકારની ઝાંખી થઈ છે. મારું આખુંય શરીર, મારું રોમેરોમ એ સ્પર્શાતીતના સ્પર્શને કારણે આનંદિત થયું છે. એટલે મારો અંત આવતો હોય તો ભલે આવે." – મારા અંતિમ શબ્દો આવા હજો.*

**– રવિન્દ્રનાથ ટાગોર**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(વ્યક્તિ-નિર્માણ વિભાગ)

# આત્મબોધના પ્રકાશથી અંતઃકરણ ઉજાગર કરો

આપણે લોભ અને મોહના અંધકારમાંથી બહાર નીકળવું જ જોઈએ. શરીરનિર્વાહ અને કુટુંબનિર્વાહ માટે આપણે યોગ્ય હોય તેટલું જ કરવું જોઈએ. લોભવશ ધનકુબેર બનવાની ઈચ્છામાંથી અને પોતાની પત્ની અને બાળકોને રાજા કે રાણીની જેમ રાખવાની સંકુચિત સ્વાર્થવૃત્તિમાંથી બહાર આવવું જોઈએ. આત્મકલ્યાણની જેમ જ સમાજનું ઋણ ચૂકવવું એ પણ આપણી જ જવાબદારી છે. આજે લોકોની આંતર્ચેતના પોતાની આત્મિક કક્ષાને અવગણીને સમાજથી વિમુખ બનીને લોભ તેમજ મોહમાં ખરાબ રીતે ઘેરાઈ ગઈ છે. જો પરમાર્થના હેતુ માટે સમય, શ્રમ, માનસિકતા અને સાદાઈનો ઉપયોગ કરવામાં ખચકાતા હો, હિંમત ના ચાલતી હોય અને કંજૂસાઈ નડતી હોય તો સમજી લેજો કે, તમે માત્ર બોલકાપણા અને જંજાળો ઊભી કરવામાં જ પ્રગતિ કરી છે. આત્મિક સ્તર તો સાવ પાતાળે ગયું છે. આપણે કોઈએ આવી ઘૃણાસ્પદ દશામાં સબડવું ના જોઈએ. આપણી અર્ધી સંપત્તિ અને શક્તિ શરીર અને કુટુંબના નિર્વાહના ભૌતિક માર્ગે અને અર્ધી સંપત્તિ આત્મસુધારણા અને જનકલ્યાણ પાછળ ખરચવી જોઈએ. આવી વહેંચણી ન્યાયસંગત છે. સમગ્ર જીવનરસ ભૌતિક પાસા ઉપર ઢોળવામાં આવે અને આત્મિક પાસું સાવ કોરુંધાકોર રહી જાય એને જીવનનું ભયંકર કમનસીબ અને અત્યંત દુઃખદાયક દુર્ઘટના કહી શકાય. આપણે ભૌતિક પક્ષને અડધાથી વધુ મહત્ત્વ તો નથી આપતાને ? તેનો કાયમ તાળો મેળવતા રહેવો જોઈએ. ક્યાંક આત્મિક પક્ષની સાવ ઉપેક્ષા તો નથી કરતાને ? એનો હિસાબ મેળવતા જવો જોઈએ.

આપણે એકલા ચાલવું જોઈએ. સૂર્ય-ચંદ્રની માફક ચાલવામાં આપણને જરા પણ સંકોચ ના થવો ના જોઈએ. આપણી શ્રદ્ધાઓને બીજાના કહ્યા પ્રમાણે નહીં, પરંતુ આપણા આગવા વિચારોના આધારે વિકસાવવી જોઈએ. ઘેટાંની માફક ગાડરિયા પ્રવાહમાં તણાયે રાખવાની મનોવૃત્તિનો ત્યાગ કરવો જોઈએ. આપણે સિંહની જેમ આપણી સ્વતંત્ર વિવેકચેતનાના આધારે જ આપણો માર્ગ નક્કી કરવો જોઈએ. સાચાને અપનાવવાની અને ખોટાનો ત્યાગ કરવાની હિંમત એ યુગ-નિર્માણ પરિવારના સભ્યોની એવી મૂડી છે કે જેના આધારે તેઓ યુગસંધિવેળાએ ઈશ્વરે સોંપેલી તમામ જવાબદારીઓ સુપેરે નિભાવી શકશે. આવી ક્ષમતા કેળવવી એ આપણા માટે યોગ્ય જ નહીં, પરંતુ આવશ્યક પણ છે.

ઈંટનો સમૂહ ઇમારતના રૂપમાં, ટીપાનો સમૂહ સમુદ્રના રૂપમાં અને તાંતણાઓનો સમૂહ દોરડાના રૂપમાં જોઈ શકાય છે. એ આપણે સારી રીતે સમજી લેવું જોઈએ. માણસના સંગઠિત સમૂહનું નામ જ સમાજ છે. જે સમયે જે સમાજના માણસો જેવા હોય છે, સમાજ, રાષ્ટ્ર કે વિશ્વ પણ એવા જ બની રહે છે. માણસની હાલની માનસિક-આત્મિક કક્ષાને બદલી નાખવી એનું નામ યુગપરિવર્તન.

જો લોકો ઉચ્ચ કક્ષાએ વિચારવા લાગે તો એનું પરિણામ સ્વર્ગીય પરિસ્થિતિઓના રૂપમાં આવતીકાલે જ જોઈ શકાય. લોકોની માનસિક કક્ષાને ઊંચી લાવવી એ જ યુગપરિવર્તનનો પાયો છે. યુગ નિર્માણનો અર્થ– ભાવનાત્મક નવનિર્માણ. આપણા મહાન અભિયાનનું કેન્દ્રબિંદુ આ જ છે. યુગપરિવર્તનના ધ્યેય સુધી પહોંચવાનું કાર્ય વ્યક્તિ-નિર્માણથી શરૂ કરવું જોઈશે જેનો સૌથી પહેલો તબક્કો છે, આત્મનિર્માણ અન્યનું ઘડતર કરવું કઠિન છે. બીજા આપણું ન માને એ બનવાજોગ છે. પરંતુ આપણને તો આપણું કહ્યું માનવામાં કોઈ મુશ્કેલી ના હોવી જોઈએ. આપણા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માટે સૌથી પહેલી અને મહત્ત્વની વ્યક્તિ આપણે પોતે જે છીએ. આપણે નવનિર્માણના કાર્યનો શુભારંભ આપણાથી જ કરવો જોઈએ. આપણી જાતને બદલીને, કેળવીને યુગ નિર્માણના શ્રીગણેશ કરવા જોઈએ.

કોઈને માહિતી આપવી હોય, સમાચાર સાંભળવા હોય કે ગણિત-ભૂગોળ ભણવા હોય તો એ કાર્ય ફક્ત વાણી વડે જ થઈ શકે. લખીને પણ એ કામ સરળતાથી થઈ શકે. પરંતુ જો ચારિત્ર્ય-ઘડતર અથવા વ્યક્તિત્વમાં પરિવર્તન કરવું હોય તો એને માટે આદર્શ પૂરો પાડવો એ જે અસરકારક ઉપાય છે. પ્રભાવશાળી વ્યક્તિતવ પોતાની પ્રખર કાર્યપદ્ધતિ દ્વારા બીજાના પ્રાણ ફૂંકીને તેમને પોતાના અનુયાયી બનાવે છે. સંસારના તમામ મહામાનવનો ઇતિહાસ આવો જ છે. તેમણે બીજાને જે કાંઈ કહેવું-સમજાવવું હતું, તે પહેલાં તેમણે જાતે કરી બતાવ્યું હતું અને તેમના એ કાર્યનો જ પ્રભાવ પડ્યો હતો.

બુદ્ધે સ્વયં ગૃહત્યાગ કર્યો ત્યારે તેમના અઢી લાખ અનુયાયી સ્ત્રી-પુરુષો તેમની સાથે ચાલવા તૈયાર થઈ ગયા. ગાંધીજી બીજા પાસે જે કરાવવા માગતા હતા, તે તેમણે પોતે પહેલાં અમલમાં મૂક્યું. જો તેમણે માત્ર ઉપદેશ આપ્યો હોત અને તેનાથી ઊલટું વર્તન કર્યું હોત તો તેમના ઉપદેશો બુદ્ધિગમ્ય છે એવું સૌ કોઈ કહેત ખરા, પણ તેમને અનુસરવા કોઈ તૈયાર થાત નહીં. વ્યક્તિત્વ પરિવર્તનને લાગેવળગે છે ત્યાં સુધી એ જ્યારે પરિવર્તન પામેલું વ્યક્તિત્વ નજર સામે આવે ત્યારે જ શક્ય બને છે. બુદ્ધ, ગાંધી કે હરિશ્ચંદ્ર વગેરેએ જ્યારે પોતાની જાતને એક આદર્શરૂપ, એક બીબા જેવી બનાવી, ત્યારે બીજાં વ્યક્તિત્વો એ બીબાંમાં ઢળવા તૈયાર થયાં હતાં.

યુગ નિર્માણ પરિવારના દરેક સભ્યે, પોતે લોકોને શું બનાવવા માગે છે, તેમની પાસે શું કરાવવા માંગે છે, તે વિચારવું જોઈએ. તેમણે એવી મજબૂત કાર્યશૈલી અને વિચારશૈલીને પોતે અમલમાં મૂકવી જોઈશે. ત્યારબાદ તેમના આચારવિચાર ભેગા મળીને તેમાંથી એક ખૂબ અસરકારક તાકાત ઉત્પન્ન કરશે. તેનાથી કેટલાય લોકો પ્રભાવિત થઈને એને અનુસરવા લાગશે. પોતાની નિષ્ઠા કેટલી પ્રબળ છે. એની કસોટી પહેલાં પોતાની જાત ઉપર જ કરી લેવી જોઈએ. જો પહેલાં આપણે આપણી જાતને આદર્શો અપનાવવા માટે તૈયાર કરી શકીશું તો ચોક્કસ અસંખ્ય લોકો આપણા સહયોગી, સમર્થક અને અનુયાયી બનતા જશે. પછી યુગપરિવર્તન આંદોલનની સફળતા આડે કોઈ અવરોધ નહીં આવે. આપણે જે વિચારો બીજા પાસે મનાવવા ઇચ્છીએ છીએ તેને જાતે અપનાવવા તૈયાર થતા નથી, એ જ મોટામાં મોટી મુશ્કેલી છે. જો આ મુશ્કેલી પાર કરી શકીએ તો પોણા ભાગની સફળતા મળી ગઈ એમ કહી શકાય. દરેક માણસને વ્યક્તિગત જીવનમાં વ્યવસ્થિત, ચારિત્ર્યવાન, સદ્ગુણી અને સદાચારી બનાવવાની એક આગવી શિક્ષણપદ્ધતિ છે. આપણે તેને 'વ્યવહારિક જીવનમાં અમલમાં મૂકવી જોઈએ. સમયપાલન, નિયમિતતા, આળસનો ત્યાગ ઉદ્યમશીલતા, સ્વચ્છતા, વસ્તુઓની વ્યવસ્થા વગેરે નાની નાની સુટેવો જ માણસના વ્યક્તિત્વને સુધારે છે, પ્રભાવશાળી બનાવે છે. સુઘરીનો માળો સુંદર હોય છે, તે સમાન્ય તણખલાનો જ બનેલો હોય છે, પરંતુ તે કૌશલ્ય, મનોયોગ અને સતત ઉદ્યમને કારણે જ સુંદરતા પ્રાપ્ત કરે છે. આપણી નાની નાની ટેવો જો ઉત્તમ સુધરેલી કક્ષાની હશે તો એનો પ્રભાવ પરિવાર અને પડોશથી માંડીને દૂર દૂર સુધી વિસ્તરતો જશે.

આપણી વાણી, નમ્રતા, સભ્યતા, મધુરતા અને શીલથી ભરેલી હોવી જોઈએ. તેમાં અન્ય પ્રત્યેનું યોગ્ય સન્માન સમાયેલું હોવું જોઈએ. પ્રામાણિકતા અને નીતિમત્તાથી જ માણસનું મૂલ્ય વધે છે. અપ્રમાણિક, લુચ્ચા, લફંગા, જુઠ્ઠા, ધૂતારા અને કપટી માણસો બેઆબરૂ હોય છે અને તેમની નાની અમથી વાતનો પણ કોઈ ભરોસો કરતું નથી. લોકો પોતાના દોષ કે દુર્ગુણો છુપાવી રાખવાના વિચારો કરીને મોટી ભૂલ કરતા હોય છે. એ બિલકુલ અશક્ય છે. પારો કદી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પચતો નથી. જો કોઈ માણસ પારો ખાઈ જાય તો તે તેના શરીરમાંથી ફૂટી નીકળે છે. તમારી અંદર દુરાચાર અને દુર્ભાવનાઓના, પાપ અને કુકર્મોના, અધમતા અને દુષ્ટતાનાં જે પણ તત્ત્વો છુપાયેલાં હશે તે છુપા રહેવાની કોઈ શક્યતા નથી. પાપ છાપરે ચડીને પોકારે છે, એ કહેવત સોએ સો ટકા સાચી છે. દારૂ પીઓ અને નશો ના ચડે કે દુર્ગંધ ન મારે એ અસંભવ છે. માખી ખવાઈ જાય તો ઝાડા થાય અને પેટમાં રહેલું બધું બહાર આવી જ જાય. માણસનાં ખરાબ કૃત્યો કોઈ પરિણામ ના આપે એવું બને જ નહીં. આ સનાતન સત્યથી મોં ફેરવી લેવાનો પ્રયાસ ન કરવો એ જ કલ્યાણકારી છે. આત્મસુધારણા એ જ તેનો એક માત્ર ઉકેલ છે.

યુગપરિવર્તનનો અર્થ છે — વ્યક્તિ પરિવર્તન અને આ મહાન પ્રક્રિયા પોતાનાથી શરૂ થયા બાદ જ બીજા તેને અનુસરે છે. દુનિયા બદલી નાખવાનું એક માત્ર સાધન કે માધ્યમ આપણું સુધરેલું કે મઠારેલું વ્યક્તિત્વ જ છે. આ સત્ય આપણે સ્વીકારવું અને રગેરગમાં ઉતારવું જોઈએ. ભલે આપણી વાણી કામ ના કરે, ભલે વક્તૃત્વ કે ભાષણ આપતાં ન આવડે પરંતુ જો આપણે માત્ર આપણી જાતને સુધારવામાં સફળ થઈ જઈએ તો પણ તેનાથી ઘણા લોકો પ્રભાવિત થઈ શકશે. આપણે આપણા વ્યક્તિત્વને દરેક રીતે આદર્શ, ઉત્કૃષ્ટ બનાવવાની અને સુધારવાની શરૂઆત કરીશું તો આપણને નિર્ધારિત લક્ષ્ય સુધી પહોંચવામાં સહેજ પણ મુશ્કેલી નહીં પડે.

*મહારાણી વિક્ટોરિયાના જીવનનો એક બહુ માર્મિક પ્રસંગ છે. એક દિવસ પોતાના પતિ આલ્બર્ટની કોઈક વાત ઉપર ગુસ્સે થઈને તેમણે સંભળાવી દીધું, "મહારાણી હું છું." મહારાણીના આવા અહંકારને કારણે આલ્બર્ટનું પુરુષસહજ સ્વાભિમાન ઘવાયું. એટલે તે ત્યાંથી ઊઠીને એમના આરામખંડમાં જઈને સૂઈ ગયા. તેમણે બારણું અંદરથી વાસી દીધું. મહારાણીના ટોણાને લીધે તમને ખૂબ માઠું લાગ્યું હતું.*

*મહારાણી પોતાના પતિની લાગણી સમજી ગઈ. તેણે આરામખંડ પાસે જઈને બારણું ખખડાવ્યું. આલ્બર્ટે પૂછ્યું - 'કોણ છે ?' મહારાણીએ સત્તાવાહી સ્વરમાં કહ્યું, "મહારાણી વિક્ટોરિયા". જવાબ સાંભળીને આલ્બર્ટ કશું બોલ્યા નહીં. તેમણે બારણું ઉઘાડવાનું તો દૂર રહ્યું પણ કશો જવાબ પણ ના આપ્યો.*

*ત્યારે છેક મહારાણીને પોતાની ભૂલ સમજાઈ. તેમણે ફરીથી બારણું ખખડાવ્યું. આલ્બર્ટે ફરીથી પૂછ્યું - 'કોણ ?' આ વખતે મહારાણીએ નરમ સ્વરમાં જવાબ આપ્યો, "તમારી પ્રેમાળ પત્ની." આલ્બર્ટનો બધો ગુસ્સો ઊતરી ગયો. તેમણે ઊભા થઈને બારણું ઉઘાડ્યું. બંનેના મનનો ઊભરો પળવારમાં ઓસરી ગયો.*

*સુખી ગૃહસ્થજીવન માટે પતિ-પત્ની બંને પોતાને એકબીજાના પૂરક અને સહયોગી સમજે તે જરૂરી છે. પોતાની જાતને બીજા કરતાં મહાન સમજવી એ દાંપત્યજીવનની સમરસતાની ઘોર ખોદી નાખનારી ઘૃણાસ્પદ માન્યતા છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરિવાર-નિર્માણ

# કૌટુંબિક સ્વતંત્રતા

'બિનજરૂરી સંકોચ' એ કૌટુંબિક કંકાસનો વધારો કરનારું સૌથી મુખ્ય કારણ છે. બહારના માણસો સાથે તો આપણે હળીમળીને વાત કરીએ છીએ. પરંતુ ઘરના સભ્યો પ્રત્યે કાયમ અતડા રહેતા હોઈએ છીએ, બહુ ઓછું બોલીએ છીએ. ઘરના બધા સભ્યો એકબીજા સાથે મુક્ત મને વાત કરતા હોય એવાં બહુ જૂજ કુટુંબો જોવા મળે છે. મોટાઈ, શિષ્ટાચાર, આમાન્યા, પડદો વગેરેનું વાસ્તવિક સ્વરૂપ આજે નષ્ટ થઈને તે એવું વિકૃત બની ગયું છે કે, ઘરના સભ્યો પોતાની મનોભાવનાઓ, જરૂરિયાતો અને અનુભૂતિઓ એકબીજાને કહેતાં ખચકાય છે. આ ભૂલનું પરિણામ એ આવે છે કે તેઓ એકબીજાએ બરાબર સમજી શકતા નથી. કોઈ બાબતે મતભેદ હોય તો એને વિરોધ, અપમાન કે અવજ્ઞા માની લેવાય છે. આવું ના હોવું જોઈએ. કોઈ બાબતનો નિર્ણય લેવાનો હોય ત્યારે ઘરના સલાહ લેવા યોગ્ય તમામ સભ્યોની સલાહ લેવી જોઈએ. પોતાની ભાવનાઓ પ્રગટ કરવાની દરેકને તક આપવી જોઈએ જે કામ કરવું હોય તે સારી ભૂમિકા, તર્ક અને ઉદાહરણો સાથે ઘરના સભ્યો પણ એમાં સંમત થઈ જાય એવી સરળ રીતે સૌને સમજાવવું જોઈએ. દરેકને મારા આદેશથી આ કામ થઈ રહ્યું છે એવું લાગવું જોઈએ. જે રીતે રાજ ચલાવવા માટે પ્રજાની સંમતિની જરૂર છે તેવી જ રીતે ઘર ચલાવવા માટે ઘરના સભ્યોની સંમતિ હોય તો ઘરની શાંતિ અને વ્યવસ્થા જળવાઈ રહે છે. રાજકીય સ્વતંત્રતાને કારણે દેશમાં શાંતિ જળવાઈ રહે છે. પારિવારિક સ્વતંત્રતાને કારણે કુટુંબમાં સુવ્યવસ્થા જળવાય છે. કુટુંબના કોઈ પણ સભ્યને એમના પર જબરજસ્તીપૂર્વક બીજા કોઈની ઇચ્છા ઠોકી બેસાડાય છે એવું ના લાગવું જોઈએ. એને બદલે બધાના લાભ અને હિત માટે વિચાર-વિનિમય કરીને વિવેકપૂર્વક નીતિ ઘડવામાં આવે છે, એવું લાગવું જોઈએ. ઔચિત્યને, પ્રમાણિકતાને ગૃહસંચાલનમાં મુખ્ય સ્થાન આપવું જોઈએ. જે કુટુંબમાં આવી સરળ, સ્વાભાવિક અને સહેલી નીતિ અપનાવવામાં આવે છે ત્યાં દરેક રીતે સુખશાંતિ જળવાઈ રહે છે.

સાસુ-વહુ, દેરાણી-જેઠાણી અને નણંદ-ભોજાઈ વચ્ચે ઘણીવાર નાની નાની વાતોમાં તકરાર થતી હોય છે. સ્ત્રીઓને મોટે ભાગે માનસિક વિકાસની તકો બહુ ઓછી મળતી હોય છે. એટલા માટે તેઓ થોડીઘણી સંકુચિત હોય છે. પુરુષ કરતાં બલિદાન અને સ્નેહનું પ્રમાણ સ્ત્રીઓમાં ચોક્કસ વધારે હોય છે. પરંતુ તે પોતાના પતિ અને બાળકોમાં વધુ પડતી ખોવાઈ જવાને કારણે બીજા તેનાથી મહદંશે વંચિત રહી જાય છે. તેમને સમજાવી-પટાવીને એકબીજા પ્રત્યે ઉદારતા દાખવવાનો અવસર આપીને તેમને પરિવારના બધાં સભ્યો એકસરખા જ છે એનો અનુભવ થવા દેવો જોઈએ. એકલવાયાપણું અને બીજાને પરાયા સમજવાની છે. મનોવૃત્તિ તેમનામાં ઘર ના કરી જાય એની કાળજી રાખવી જોઈએ. વડીલોએ વધુ પડતા શિષ્ટાચારનો આગ્રહ ત્યાગવો જોઈએ. તેમણે પોતાનાથી નાના સભ્યો સાથે ક્ષમા, ઉદારતા, પ્રેમ અને સહાનુ-ભૂતિભર્યો વ્યવહાર કરવો જોઈએ. બીજાં કામો કરતાં પહેલાં ઘરમાં સભ્યોની જરૂરિયાતો અને ઇચ્છાઓ પૂરી કરવાને અગ્રીમતા આપવી જોઈએ. ઘરના સ્ત્રી-


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સભ્યોની માંદગી, સગર્ભાવસ્થા, નબળાઈ કે બીજી કોઈ મુશ્કેલી વખતે તેમનું કામ બાકીના સભ્યોએ વહેંચીને ઉપાડી લેવું જોઈએ. રોજિંદા વપરાશ સિવાયના ઘરેણાં સૌના સહિયારા રાખી શકાય, જેથી જરૂર પડે ત્યારે સૌ કોઈ તેનો ઉપયોગ કરી શકે. પૈસાની સગવડ હોય તો દરેક માટે અલગ દાગીના પણ બનાવી શકાય. પરંતુ તે દરેકને માટે લગભગ સરખા પ્રમાણમાં બનાવડાવવા જોઈએ. નવવધૂ માટે ઘરના અન્ય સભ્યો કરતાં થોડી વધારે વસ્તુ હોય તે સ્વાભાવિક છે. ખાસ સંજોગોને બાદ કરતાં ઘરના તમામ સભ્યો માટે સામાન્ય રીતે ભોજન અને વસ્ત્રો લગભગ સરખાં જ હોવાં જોઈએ. ઘરનાં સ્ત્રી-સભ્યોમાં આમ કરવાથી એકતા જાળવી શકાય છે. જો કોઈથી ભૂલ થઈ હોય તો તેને એકાંતમાં ભૂલનાં સારાં-માઠાં પરિણામોની સમજ આપવી જોઈએ. બધાની હાજરીમાં ઉગ્ર વિરોધ કરવો, અપમાન કરવું, ગાળો ભાંડવી કે મારપીટ કરવી એ ખૂબ અજૂગતું છે. એનાથી સુધારો ઓછો અને બગાડ વધુ થાય છે. દ્વેષ, અણગમો અને ધૃણામાં વધારો થાય છે. આ બધું થવું એ સારા કુટુંબ માટે શરમજનક ગણાય. માણસને સમજાવીએ તો તે માની જાય છે અને એનું અપમાન કરીએ તો તે ક્રોધે ભરાઈને વિરોધ અને બદલા ઉપર ઊતરી આવે છે.

બીજાથી છુપાવીને પોતાના માટે વધારે લઈ લેવું એ બહુ ખોટી વાત છે. બજારમાંથી છુપાઈને સ્વાદિષ્ટ વ્યંજન ચાખવાં, પોતાની ખાનગી રકમ જમા કરવી, પોતાના મનોરંજન, શોખ કે ફેશન માટે વધારે પડતો ખર્ચ કરવો આ બધાંથી આખા ઘરમાં ઈર્ષ્યા, દ્વેષ, ઘૃણા, અસંતોષ અને નિંદાનો પાયો નંખાય છે, જો બહાર કામધંધા નિમિત્તે સારાં કપડાં પહેરવાં જરૂરી હોય તો તમામ કુટુંબીઓએ તે ફેશન કે શોખ નથી પણ જરૂરિયાત છે એમ સમજવું જોઈએ. વધુ મહેનતની કસર પૂરી કરવા માટે જો કોઈ ખાસ ખોરાક જરૂરી હોય તો એ સ્વાદને ખાતર નહીં પણ જરૂરિયાત છે એવું સૌએ સમજવું જોઈએ. ભાવનાઓ કદી છાની રહેતી નથી. ચટકો અને ફેશન તો આપોઆપ જણાઈ આવે છે. ખાસ જરૂરિયાત પૂરી કરવાનું તો વિશેષ સંજોગો પૂરતું જ હોય. બાકી સામાન્ય રીતે તો સૌએ હળીમળીને એકસમાન રીતે જીવવું જોઈએ. જો કોઈને કોઈ ખાસ સગવડ મેળવવી હોય તો એ પ્રગટરૂપે જાહેરમાં મળવી જોઈએ. છાની છપની નહીં.

મીઠી વાણી, જાતે પ્રસન્ન રહેવું અને બીજાને પ્રસન્ન રાખવા — આ તો જરૂરી છે જ. પરંતુ કુટુંબનું ગુજરાન ચલાવવા માટે પ્રામાણિકતા અને શ્રમથી પૈસા કમાવા એ એનાથી પણ વધુ જરૂરી છે. ગેરવાજબી રીતે કમાયેલું ધન અને અન્ન બધાનાં મન અને બુદ્ધિને બગાડે છે અને પછી એ દોષ જાતજાતના કજિયા, અણગમા અને દુર્ગુણોરૂપે પ્રગટ થતો રહે છે. પ્રમાણિકતાના ધન અને અન્નથી લોહી એવું સાત્ત્વિક બને છે કે, તેનાથી શારીરિક અને માનસિક સ્વસ્થતા અને સાત્ત્વિકતા વિપુલ પ્રમાણમાં સહજરૂપે મળી રહે છે. એના કારણે અનાયાસે જ ઘરમાં સદ્ભાવના વધતી જાય છે.

ગૃહસ્થ 'યોગી'એ પોતાના કુટુંબને પોતાનું સેવાક્ષેત્ર બનાવવું જોઈએ. કુટુંબીઓને ઈશ્વરના અવતાર માનીને તેની સેવામાં મન પરોવવું જોઈએ. તેમને આંતરિક અને બાહ્ય રીતે સ્વચ્છ, સુઘડ અને સુશોભિત બનાવવા જોઈએ. જે કોઈ આ રીતે પોતાની સેવાવૃત્તિ અને પરમાર્થવૃત્તિને કાયમ જાળવી રાખે છે તેની આંતર્ચેતના કોઈ યોગસાધક જેટલી પવિત્ર થઈ જાય છે. આવો ગૃહસ્થયોગી અન્ય યોગી જેવી જ સદ્ગતિને પ્રાપ્ત કરે છે.

• • • • • • • • • •


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સમાજનિર્માણ

# હવે માનવીનું જીવનદર્શન બદલવું એ જ લક્ષ્ય

આજે માનવીની જે ઉત્તરોત્તર અધોગતિ થઈ રહી છે અને તેની જેવી હાલત થઈ રહી છે, એનું મૂળ કારણ સમાજની વિકૃત હાલત જ હોઈ શકે. સમાજ વિકારો અને ભ્રમણાઓનો શિકાર બની ગયો છે. પરંપરાઓ, પ્રણાલિકાઓ અને રિવાજો – કશુંય વાજબી નથી. માણસની વિચારમર્યાદા એટલી સંકુચિત બની ગઈ છે કે તે સ્વાર્થ સિવાય બીજું કશું વિચારી શકતો નથી. ચારે બાજુ ગેરશિસ્ત અને ગુનાખોરી વધી રહી છે. અનીતિ, રુશવતખોરી, ભ્રષ્ટાચાર, વ્યસન, વ્યભિચાર, ફેશન, વિલાસીપણુ, અસંયમ, અસભ્યતા, ઉદ્દંડતા, ચોરી, છળકપટ, વિશ્વાસઘાત, કૃતઘ્નતા વગેરે ઘણી બધી અનૈતિક બદીઓ દિનપ્રતિદિન વધતી જ જાય છે. જાણે દરેક જણ બીજા પાસેથી એનું પ્રશિક્ષણ મેળવતો ન હોય ! અનીતિના પાઠ શીખવનારી કોઈ પાઠશાળા જોકે નજરે દેખાતી નથી. તેમ છતાંય લોકો વધારે ને વધારે મૂઢતામાં ઘેરાતા જાય છે.

ચોરીના અપરાધમાં તો જે પકડાય છે તેને જ સજા થાય છે. પરંતુ માનવતાની દૃષ્ટિથી જોઈએ તો તેને ચોરવૃત્તિ શીખવવા માટે આખો સમાજ જવાબદાર ગણાય. બાળકોને પૂરતું શિક્ષણ ન આપવું, તેમને નૈતિકતાનું શિક્ષણ ન આપવું, ધનનો વધુ પડતો સંગ્રહ, નફાખોરી, ગુજરાનનાં અપૂરતાં સાધનો – આવાં અનેક પરિબળોને કારણે ટૂંકી બુદ્ધિના લોકોમાં અનીતિ ઘર કરી જાય છે. આમ ગુનેગાર ભલે કોઈ એક માણસ જણાય, પણ તેના ગુનાની પાછળ ખરેખર તો આખોય સમાજ રહેલો હોય છે.

માણસે આજે જે પણ પ્રગતિ કરી છે તેનું શ્રેય કોઈ અમુક માણસોને નહીં પરંતુ સંપૂર્ણ સમાજને ફાળે જાય છે. બીજાં જીવજંતુઓ ઓછી ઉંમરમાં જ સ્વાવલંબી થઈ જાય છે. પરંતુ બિચારા માણસોમાં એટલી પણ ક્ષમતા નથી હોતી. તે કાચું શરીર અને કાચી બુદ્ધિ લઈને જન્મે છે અને સમાજમાં રસ પીને મોટો અને બુદ્ધિશાળી બને છે. માતા તેને દૂધ પીવરાવે છે, પિતા તેને કપડાં આપે છે, ભાઈઓ પાસેથી તે ટેવો શીખે છે. શિક્ષકો અને વડીલો તેને જ્ઞાન આપીને સંસ્કારી બનાવે છે. પુસ્તકો તેની પ્રતિભા વિકસાવે છે. એ પણ કોઈ વિદ્વાન માણસે જ લખેલાં હોય છે. જ્યારે માણસની આ બધી જરૂરિયાતો સમાજ પૂરી પાડે ત્યારે એ કાંઈક સ્વતંત્ર વિચાર, શ્રેષ્ઠ કાર્ય, સંશોધન કે શોધખોળ કરવા જેટલો યોગ્ય બને છે. સમાજના સહકાર વિના તે એક ડગલું પણ આગળ વધી શકતો નથી.

માણસના ઘડતરનું તેમજ તેની ભૌતિક અને બૌદ્ધિક પ્રાપ્તિઓનું જેટલું શ્રેય સામાજિકતાને ફાળે જાય છે તેટલી જ એના પતનની જવાબદારી પણ સમાજને માથે જ જાય છે. માણસ જન્મથી ખરાબ હોતો નથી. જન્મ્યા પછી તેને જે શીખવવામાં આવે છે, તે શીખવા લાગે છે. તેને જે ખવડાવવામાં આવે છે, તે ખાવા લાગે છે. તેને કપડાં પહેરવાની ટેવ પણ વડીલોનું અનુકરણ કર્યા પછી જ પડે છે. આમ માણસના ગુણ, કર્મ અને સ્વભાવનું ઘડતર કુટુંબ અને સમાજમાં થાય છે.

આપણા પૂર્વજોએ કદાચ આ સત્યને વધારે ગંભીરતાથી લીધું હતું. સામાજિકતા એ માણસની પ્રગતિની એકમાત્ર જનેતા છે, એ વાત તેઓ સારી પેઠે સમજતા હતા. તેમણે માનવીય મનોવિજ્ઞાનનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો હતો અને તેના ઉપર પડતા સમાજના પ્રભાવને પણ તેમણે પૂરેપૂરો પિછાણ્યો હતો. તેની સત્પ્રવૃત્તિઓને વિકસાવવા માટે ધર્મ, અધ્યાત્મ, સંસ્કૃતિ, શાસનવ્યવસ્થા અને કાયદાઓને કડક સ્વરૂપ આપવા પાછળ તેમની આ ચતુરાઈ જ હતી કે, માણસ સમાજમાંથી સારામાં સારું ગ્રહણ કરે અને પોતે ઉચ્ચ કક્ષાનો નાગરિક બને.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આજે માણસમાં ઘણી નબળાઈઓ આવી ગઈ છે. તેનું દરેક ક્ષેત્ર ખામીયુક્ત છે. તેના ખાનપાન, વિચાર, વર્તન, રહેણીકરણી – શેમાંય (કશાયમાં) વિવેક, વ્યવસ્થા કે નિયંત્રણ નથી. પરંતુ તેને માટે કોઈ એક માણસને જવાબદાર થોડો ગણી શકાય ? જે માણસને બાળપણથી જ તીખો, ચટપટો, વાસી, તળેલો કે ગળ્યો ખોરાક ખાવા મળ્યો હોય અને એને કારણે એનું આરોગ્ય અને મન વિકૃત થઈ ગયું હોય તો તેમાં તેનો શો વાંક ? ઘરના લોકો બીડી, દારૂ, જુગાર, ચોરી કે દલાલી જેવાં વ્યસનોમાં રાચતા હોય, તેના બાળકો સદાચારી બને એ કઈ રીતે બની શકે ? સુધારણાની પ્રક્રિયા આરંભકાળમાં જ થઈ શકી હોત તો વળી તેનો કાંઈક લાભ પણ મળી શકત. કોઈ માણસ સમાજમાંથી કુસંસ્કાર મેળવીને ખરાબ બને તો તેમાં માત્ર એનો જ વાંક કાઢવો એ તર્કસંગત કે ન્યાયસગત નથી. જેણે એના આચારવિચાર સુધારવામાં સહકાર ના આપ્યો, એ સમાજનો વાંક ગણાય.

માણસ જે જુએ કે સાંભળે છે એને જ યોગ્ય ગણી લે છે અને પોતે પણ એ પ્રમાણેનો વ્યવહાર કરવા લાગે છે. એટલા માટે એનો વાંક ક્ષમ્ય ગણી શકાય. ઈસા, મન્સૂર, સુકરાત, બુદ્ધ, જ્ઞાનેશ્વર, દયાનંદ, ગાંધીજી, માર્ટિન લ્યૂથર કિંગ, અબ્રાહમ લિંકન જેવી મહાન વિભૂતિઓએ તેમનું આખુંય જીવન સમાજસેવા પાછળ ખર્ચ્યું હતું. આ મહાપુરુષો જાણતા હતા કે, થોડાક માણસો ભલા હોય તેથી સંસાર બદલાઈ નહીં જાય. સંજોગો બદલવા માટે અને માણસની પ્રવૃત્તિને ઊંચી લાવવા માટે સામાજિક સંસ્કારોની જેટલી આવશ્યકતા ત્યારે હતી, તેટલી જ આજે પણ છે.

કોઈ એક માણસના સુધરવાથી સંસારનું કશું ભલું થતું નથી. ગણ્યાગાંઠ્યા માણસો સાચું બોલે, ઈશ્વરની ઉપાસના કરે, ધર્મનું આચરણ કરે કે ચારિત્ર્યવાન હોય તેનાથી પૃથ્વી સ્વર્ગ નથી બની જતી. જ્યારે બદીઓની ભીષણ આગ સળગતી હોય ત્યારે સત્કાર્યોનું લોટાભર પાણી તેને ઓલવી નથી શકતું. ઊલટાનું તે પણ એ આગથી વરાળ બનીને ઊડી જશે. સમાજમાં પાંગરેલી બદીઓ વચ્ચે સદાચારી માણસો માટે માનભેર જીવવું પણ મુશ્કેલ હોય છે. દુર્જન માણસો માત્ર પોતાના માટે આફતરૂપ હોય એવું નથી હોતું. ઊલટાના તેઓ બીજા ભલા કે સજ્જન માણસોને પણ મુશ્કેલીમાં મૂકતા રહે છે. એટલા માટે જ્યારે સમગ્ર સમાજ અસભ્યતા, દુર્ગંધ અને બદીઓથી ખરડાયેલો હોય ત્યારે અમુક માણસો નવરચનાની વાત વિચારે રાખે તેનાથી કશો લાભ વળવાનો નથી.

સમાજ સારો બનશે તો એના સભ્યો પણ સારા બનશે. આ બંને અન્યોન્ય આધારિત છે. આપણો દેશ હજારો વરસોની ગુલામીમાં ફસાઈને બહારથી તો સામાન્ય રિવાજ જેવી દેખાતી હોય પણ તેનાં દુષ્પરિણામો ઘણાં ભયંકર આવતાં હોય એવી બદીઓના કીચડમાં છેક ખૂંપી ગયો છે. લગ્નોથી લઈને કુટુંબ-જીવનમાં જે વિસંવાદિતા સમાયેલી છે તેને દૂર કર્યા વિના ભવિષ્યની પ્રગતિની આછીપાતળી કલ્પના પણ કરી શકાતી નથી. રાષ્ટ્રના સુખ-સૌભાગ્યને વધારવા માટે સમાજની ખરાબ હાલતને સુધારવી અત્યંત જરૂરી છે. સમાજ સુધરશે તો એમાંથી મહાપુરુષો કે દેવપુરુષો આપોઆપ પેદા થવા માંડશે અને સ્વર્ગીય સંજોગો પણ આપમેળે જ ઉત્પન્ન થવા અને વિકસવા લાગશે.

આજનો આપણો આખો સમાજ બદીઓથી ઘેરાયેલો છે. સમાજની દશા એટલી દયનીય થઈ ગઈ છે કે હવે જો આમને આમ ચાલતું રહે તો માનવ-સંસ્કૃતિનો વિનાશ હાથવેંતમાં દેખાશે. જોકે આવા વિકારો, ભ્રમણાઓ અને જડ પરંપરાઓ બીજા દેશોમાં પણ છે. પરંતુ એમાં આપણે શું લેવાદેવા ? આ જે તો જાતને સુધારવાનો, સમાજને સુધારવાનો ખાસ સમય છે. સાચું તો એ છે કે, બીજાના આંધળા અનુકરણને કારણે જ આપણો સમાજ આવું પતન પામ્યો છે. હવે આપણા લાંબા ભૂતકાળથી જે બદીઓ આપણા સામાજિક જીવન ઉપર કાળા ઘટાટોપ વાદળોની માફક ઘેરાયેલી છે તેને આપણા સમાજમાંથી નેસ્તનાબૂદ કરવા માટે કમર કસે જ છૂટકો.

▪▪▪▪▪▪▪▪▪▪▪▪


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રાષ્ટ્રનિર્માણ

# રાજનીતિ ધર્મ આધારિત હોવી જોઈએ

ધર્મ અને રાજનીતિ બંને અન્યોન્યાશ્રિત સંબંધથી સંકળાયેલાં છે. એ બંનેના સમન્વયથી એક પૂરી વાત બને છે. બંનેને જુદા પાડવાથી બંને અધૂરાં રહી જાય છે. એકેયનો સાર નીકળતો નથી.

ભૌતિક ક્ષેત્રે રાજનીતિનો પ્રભાવ છે, જ્યારે અંતઃકરણ ઉપર ધર્મનો. ધર્મ ઈચ્છાઓ, ભાવનાઓ અને વિચારસરણી ઉપર અસર કરે છે. જો પ્રયોગ સુચારુ રીતે ચાલુ રહે તો તેનો લાભ માણસને સત્ચરિત્રનિષ્ઠાના રૂપમાં મળે છે. શ્રદ્ધા, પ્રજ્ઞા અને નિષ્ઠા આ ત્રણેય માણસના ઈચ્છા અને વિવેકને જાગૃત કરે છે. શાસનનો મુખ્ય હેતુ વ્યવસ્થા જાળવવવાનો છે એમ માનવામાં આવે છે. આ વ્યવસ્થામાં સુરક્ષા, શાંતિ, શિક્ષણ, આરોગ્ય, પરિવહન, ઉદ્યોગ વગેરેનો સમાવેશ થઈ જાય છે. ધર્મ અને પ્રશાસન બંનેની આગવી ઉપયોગિતા અને મહત્તા છે. હળીમળીને કામ કરવાની અને બે પૈડાંની ગાડીની માફક પ્રગતિના પંથે આગળ વધવાની જરૂર છે.

આ બધાં કાર્યો સુપેરે ચાલતાં રહે તેનો મુખ્ય આધાર જનતા પોતાની નાગરિક અને સામાજિક ફરજો સમજે અને નિભાવ એ વાત ઉપર છે. જો લોકો ખરાબ વિચારો અને કૃત્યો ઉપર ઊતરી આવે તો પછી તેમને અટકાવવાનું કાર્ય કાયદો, પોલીસ, કોર્ટ, જેલ જેવા દંડાત્મક સાધનોથી નહીં થઈ શકે. શરીર અને સાધનો ઉપર શાસનતંત્રનો અધિકાર છે. તે તેમને ખરીદી અને અટકાવી શકે છે. પરંતુ લોકોના વિચારોને બદલવાનું શાસન માટે શક્ય નથી.

આ બાબત ધર્મની છે. એમાં ધર્મચેતના અને ધર્મધારણા, બંનેનો સમાવેશ થાય છે. ધર્મધારણા ધાર્મિક નિયમોને કહેવાય છે. આ નિયમોને માત્ર આદેશરૂપે એમને એમ લખી નાખવામાં નથી આવ્યા હોતા. પરંતુ એની પાછળ ઈતિહાસ, શાસ્ત્ર અને પૂર્વજોના અનુભવો રહેલા હોય છે. ધર્મનું એક વિશાળકાય માળખું છે. એમાં શાસ્ત્ર, સાધુજન, બ્રાહ્મણ, સેવક અને ઘણી ધારણાઓ સહિતના કર્મકાંડો હોય છે. આવાં કાર્યો ક્યારે, કોણે ને કેવી રીતે કર્યાં હતાં. એને લગતાં ઈતિહાસ અને પુરાણ પણ સંકળાયેલાં હોય છે. ધર્મપ્રચારકોનાં વ્યક્તિત્વો પ્રભાવશાળી હોય છે અને પ્રભાવ વ્યક્તિત્વનો જ પડે છે. આદર્શવાદી વ્યક્તિત્વો દ્વારા કેટલીયે ક્રાંતિઓ થયેલી છે.

ઉચ્ચ ચરિત્રમાં એવું આકર્ષણ હોય છે કે લોકો એને નમે તો છે જ. ઉપરાંત પોતાનું સર્વસ્વ નહીં તો થોડુંઘણું પણ દાવ ઉપર લગાડી દેવા તૈયાર થઈ જાય છે. આવી લાક્ષણિકતા રાજનીતિમાં નથી. એના વક્તૃત્વ અને કર્તૃત્વમાં ખાસ્સો તફાવત હોય છે.

ધર્મ એક આડંબર જેવો બની ગયો છે. એ સમાજનું મોટામાં મોટું કમનસીબ છે. જો તેને પહેલાંની જેમ વિકસવાનો અવસર મળે તો વ્યક્તિગત સ્વાર્થની ઈચ્છાઓ ઘટી જશે અને સત્કાર્યોનો વધારો થશે. જેનાથી માણસ અને સમાજ સમર્થ શ્રેષ્ઠ અને ઉન્નત બની શકે.

આપણા દેશમાં ૮૦ લાખ જેટલાં સંતમહાત્માઓ છે, અને લગભગ એટલા જ ગૃહસ્થો છે. આ વર્ગ જો સમાજને કુરિવાજો, અંધવિશ્વાસો, અનીતિઓ અને અનિચ્છનીયતાઓમાંથી છોડાવી શકે તો અરાજકતા કે અશાંતિમાં અડધોઅડધ ફેરફાર થઈ શકે. પૂજાપાઠ પાછળ ખરચાતા અબજો રૂપિયા ગરીબી, બેકારી, બીમારી અને પછાતપણાની કેટલીયે દુર્ગતિઓથી પીડાતો છોડાવી શકે તેવાં રચનાત્મક કાર્યો પાછળ ખર્ચી શકાય.

સંસારનાં મહાન કાર્યો જનશક્તિ અને સાધન-શક્તિના માધ્યમથી જ થઈ શક્યાં છે. બધાં મહાન આંદોલનો ઉત્કૃષ્ટ આદર્શવાદ થકી જ સફળ થયાં છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આપણા સમાજના પરાભવ અને પતન માટે ઊંચનીચના જાતિવાદી ભેદભાવ, ખર્ચાળ લગ્નો, પડદાપ્રથા, ધર્મના નામે ચાલી રહેલી ભિક્ષાવૃત્તિ – જેવા કુરિવાજોને જ જવાબદાર ગણાવી શકાય. તે સિવાય નશાખોરી, ગંદકી, વૃક્ષોનો નાશ, શહેરોની અંધાધૂંધી અને ઝેરી વાયુ ઓકતા કારખાનાંઓ દ્વારા ફેલાતું પ્રદૂષણ – આ બધી પણ કાંઈ ઓછી ખરાબીઓ નથી. બેફામ વસ્તીવધારો પણ એક એવું વિનાશક પરિબળ છે કે, જે પ્રગતિના સપનાને ચકનાચૂર કરી નાખે છે. આ બધી બદીઓ સામે લડવા માટે શાસનતંત્રે (સરકારે) પોતાની રીતે પગલાં લેવાં જ જોઈએ. પરંતુ સાથે સાથે આવડી મોટી ઊથલપાથલ (ક્રાંતિકારી પરિવર્તન) માટે ધર્મને નવજીવન આપવું અને તેની ક્ષમતાથી લોકમાનસમાં સુધારો કરવો એ પણ જરૂરી છે – એનું ધ્યાન રાખવું જોઈએ.

દેશની પ્રગતિ અને સુરક્ષાનો મોટો આધાર સારી શાસનવ્યવસ્થા ઉપર જ રહેલો છે. એટલા માટે સરકાર અને તેની કાર્યપદ્ધતિ સારી હોય એવું સૌ કોઈ ઇચ્છતા હોય છે. વ્યક્તિગત સુખસાધનોની દૃષ્ટિથી તેમજ સમાજની સામૂહિક ઉન્નતિની દૃષ્ટિથી – કોઈ પણ રીતે જોતાં સારી શાસનવ્યવસ્થા અત્યંત જરૂરી છે. એ પૂરી પાડવા માટે જાતજાતના પ્રયત્નો કરવામાં આવે છે. દરેક રાજકીય પક્ષો પોતે પોતાના ચૂંટણી એજન્ડા બહાર પાડે છે. તે બધાં લોકકલ્યાણપરક હોય છે. એમાંના કોઈ પણ કાર્યક્રમને જો સમગ્ર સમાજ અપનાવી લે તો તેનાથી દેશને ચોક્કસ લાભ મળશે. એટલા માટે દરેક ક્ષેત્રમાં પ્રમાણિકતા અને આદર્શવાદિતા ઉત્પન્ન કરવી એ તમામ રાજનીતિજ્ઞોનું કર્તવ્ય છે. એને માટે રાજનીતિની સૂક્ષ્મ હિલચાલો વિષે આપણે જાગૃત રહીએ એ જરૂરી છે. દેશનું સુકાન એવા આદર્શવાદી માણસોના હાથમાં હોય તો આપણા જીવનનાં તમામ પાસાં આદર્શ બની શકે.

શાસનતંત્રની પવિત્રતા, ધર્મગુરુઓના સારા આચરણ જેટલી જ જરૂરી છે. લોકશાહી શાસનપદ્ધતિમાં મતદાન વખતે કોઈ લોભલાલચ કે પક્ષપાતમાં દોરવાયા વગર માત્ર આદર્શ વ્યક્તિત્વોને જ પસંદ કરવાં એ દરેક મતદાતાની પવિત્ર ફરજ છે.

ધર્મ એ જીવન જીવવાની કળા છે. જીવન જીવવાના વિજ્ઞાનનું નામ જ ધર્મ છે. ધર્મ જીવનને સાચી રીતે જીવવાના અને તેને સમર્થ બનાવવાના સિદ્ધાંતો આપે છે. જ્યારે રાજકીય ક્ષેત્રે પ્રત્યક્ષ સક્રિય સત્તાને બદલવાની અને જીવનને ચાલતું રાખવાની જે બાહ્ય વ્યવસ્થા છે એનું નામ રાજનીતિ છે. ધર્મ તો જીવન જીવવાના અને તેને પરિપૂર્ણ બનાવવાના સિદ્ધાંતોનું નામ જ છે. ધર્મને રાજનીતિથી અલગ પાડવાનો અર્થ – તમામ નૈતિક અને ઉમદા નિયમોનો નાશ કરવો – એવો થાય. આમ કરવું એ સમાજ અને રાષ્ટ્ર બંને માટે નિઃશંકપણે અહિતકારી જ નીવડશે. ધર્મથી વિમુખ થયેલી રાજનીતિ માત્ર કૂટનીતિ જ બની રહેશે અને આજકાલ આવી કપટનીતિની જ બોલબાલા છે.

અહીં આપણે ધર્મ પોતે પણ રાજનીતિ વગર અધૂરો છે – એ પણ ન ભૂલવું જોઈએ. ધર્મ એકલો રાજનીતિના સહયોગ સિવાય માનવજીવનને બદલવા માટે અસમર્થ છે કારણ કે જીવનમાં પરિવર્તન લાવવા માટે જેનો માનવજીવન સાથે સીધો સંબંધ છે તે – શિક્ષણ, કાયદા, અર્થવ્યવસ્થા વગેરેમાં પરિવર્તન લાવવું પડશે અને આ બધું રાજનીતિ દ્વારા સંચાલિત છે. તેથી રાજનીતિના સહયોગ વગર એમાં ફેરફાર કરવાની કે તેને ઉપયોગી બનાવવાની કોઈ શક્યતા નથી.

એટલા માટે શરીર અને પ્રાણની માફક પરસ્પર સંકળાયેલા ધર્મ અને રાજનીતિ પ્રાચીનકાળની માફક સહિયારી ભૂમિકા ભજવે એની અત્યંત જરૂર છે. ભલે બંનેનાં કાર્યક્ષેત્રો ભિન્ન હોય, પરંતુ બંનેનાં લક્ષ્ય એકસમાન હોય તે જરૂરી છે. માણસ અને સમાજના સર્વાંગી વિકાસ તેમજ તેમની ભૌતિક અને આધ્યાત્મિક ઉન્નતિ માટે બંનેનો સમન્વય પરમ આવશ્યક છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રજ્ઞાપુરાણ

# શિસ્ત અને નિયમ પ્રકરણ

શિસ્ત કોઈ પણ દેશ, સંસ્કૃતિ, સમાજ કે વર્ગના આધારસ્તંભ સમાન હોય છે. સમાજ સમગ્રરૂપે એક શિસ્તબદ્ધ તંત્ર છે અને માણસ તેનો એક એકમ છે. કોઈ પણ મકાનનો એકાદ ભાગ જો નબળો હોય તો તે પડી ભાંગે છે. લાકડામાં લાગેલી ઊધઈ આખેઆખા પાટિયાને કોરી નાખે છે. લશ્કરના સૈનિકો શિસ્તબદ્ધ રીતે લડે ત્યારે દુશ્મનોના છક્કા છોડાવી નાખે છે. પણ જો તે છૂટાછવાયા થઈને અલગ અલગ દાવપેચ રમવા માંડે તો મુઠ્ઠીભર માણસો પણ તેને હરાવી શકે છે. સળીઓ એકઠી થઈને ઝાડુ બને છે ત્યારે તે ઉપયોગી બને છે. પરંતુ જ્યારે તે છૂટી પડી જાય છે ત્યારે કચરામાં ફેંકી દેવાય છે. એ જ રીતે માણસ ભલે ગમે તેટલો સુસંપન્ન, વિદ્વાન અને શક્તિશાળી કેમ ના હોય, પરંતુ જો શિસ્ત વગરનો હોય તો તે જંગલમાં રખડતા ઉદ્દંડ સિંહ જેવો છે. એટલા માટે શિસ્ત એ દરેક રાષ્ટ્ર, સમાજ, અને જાતિની પ્રગતિનો પાયો છે એમ કહેવું ખોટું નથી. પૂજ્ય ગુરુદેવે પ્રજ્ઞાપુરાણના બીજા ખંડના પાંચમા અધ્યાયમાં શિસ્ત અને નિયમપાલનની મહત્તા વર્ણવી છે.

મર્યાદાપાલનને શિસ્ત કહેવાય છે. તેનું પાલન કરવું દરેક માટે ફરજિયાત છે. માત્ર માણસ જ નહીં, સમગ્ર સૃષ્ટિનું સંચાલન શિસ્તના આધારે જ ટકી રહ્યું છે. એકલો માણસ જ નહીં, પરંતુ સમગ્ર સજીવસૃષ્ટિનું સંચાલન અને નિર્જીવ વિરાટ પ્રકૃતિનો પ્રત્યેક અણુએ અણુ; શિસ્તવ્યવસ્થામાં બંધાઈને જ પોતાનું અસ્તિત્વ ટકાવી રહ્યો છે. આમાંથી જે કોઈ મનસ્વી વર્તન કરે, તેનો પોતાનો તો નાશ થાય જ છે, ઉપરાંત બીજાને પણ નડતરરૂપ નીવડે છે. વિરાટ બ્રહ્માંડનાં તમામ ગ્રહનક્ષત્રો પોતાની સંચાલક આકાશગંગા સાથે ચોક્કસ નિયમાનુસાર સંકળાયેલા છે અને આકાશગંગાઓ મહાતત્ત્વ હિરણ્યગર્ભની કઠપૂતળીઓ છે. કુદરતના જળ, વાયુ, અગ્નિ, પૃથ્વી વગેરે તત્ત્વો જ્યારે મર્યાદા ઓળંગે છે ત્યારે પૂર, દાવાનળ, જ્વાળામુખી, આંધી, વાવાઝોડું કે ધરતીકંપ જેવા ભયંકર પ્રલયકારી સ્વરૂપે પ્રગટ થાય છે અને ઈશ્વરની વ્યવસ્થાને ખોરવી નાખે છે. સમાજને પણ આ જ વાત લાગુ પડે છે. માણસ જ્યારે ગર્વથી (અહંકારથી) દોરવાઈને મર્યાદાનું ઉલ્લંઘન કરે છે ત્યારે તે પોતાની જાત ઉપરાંત પોતાના સમાજ અને જાતિ માટે પણ વિનાશનું કારણ બને છે. માણસ શક્તિશાળી છે, સર્વગુણસંપન્ન છે. પરંતુ કુસંસ્કારમાંથી ઉત્પન્ન થયેલ અણઘડતા અને અહંકાર તેના સામર્થ્યને હણી નાખે છે અને તેને બેકાબૂ બનાવી દે છે. તેથી તે ધિક્કારવાલાયક બની જાય છે. પ્રજ્ઞાપુરાણની **પોતાના માટે નહીં, ગાંધીજી, બાપુના આજ્ઞાંકિત સેવક કૃપલાનીજી, દેશનું રક્ષણ પહેલાં, કોઈ ચોર નહીં, જાતને ઓળખો** વગેરે આદર્શ કથાઓ દ્વારા પૂજ્ય ગુરુદેવે શિસ્તપાલનની પ્રેરણા આપી છે.

પૂજ્ય ગુરુદેવે શિસ્ત ઉપરાંત નિયમપાલનને પણ મહત્ત્વ આપ્યું છે. તેઓ નિયમને આત્મશિસ્ત તરીકે ઓળખાવે છે. શિસ્ત એ સામાજિક ગુણ છે, તેને સભ્યતા કહેવાય છે જ્યારે નિમય એ આંતરિક ગુણ છે, તેને સંસ્કાર કહેવાય છે. સભ્યતા એક પ્રકારે બાહ્ય નિયમપાલન છે, જ્યારે સંસ્કાર એક પ્રકારે આત્મશિસ્ત છે. એ બંનેનું મૂળ સ્રોત એક જ છે. વ્યક્તિત્વને તેજસ્વી બનાવવા માટે અને માનવીના સંપૂર્ણ વિકાસ માટે બંને ગુણો જરૂરી છે. ઈશ્વરે માણસને સ્વતંત્રતા આપી છે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સાથે સાથે તે સન્માર્ગ ઉપર ચાલતાં રહે તે માટે ધર્મધારણ દ્વારા શિસ્તરૂપી નિયંત્રણો પણ લાદ્યાં છે. હાથી બળવાન હોય છે, પરંતુ જો તેની ઉપર મહાવતનો અંકુશ ના હોય તો તે મનસ્વી (છાકટો) બનીને ખૂબ ઉધમાત મચાવે છે. તે જ પ્રમાણે માણસની ઉદ્દંડતાને કાબૂમાં રાખીને તેને પ્રગતિના પંથે ચલાવવા માટે ઋષિઓએ શિસ્તના – મર્યાદાના અંકુશો રાખ્યા છે. દેવસંસ્કૃતિની આ અજોડ વિશેષતા છે. પ્રજ્ઞાપુરાણની **રખેવાળ માન્યો, દરવાજો ના ખુલ્યો, ચતુર ઘોડો, સાધુ વડે બાગની રખેવાળી** વગેરે કથાઓ દ્વારા ગુરુદેવે આત્મશિસ્તના મહત્ત્વને પ્રતિપાદિત કર્યું છે.

માણસમાં દેવત્વ ઉતારવા માટે શિસ્ત અને નિયમ બંનેની આવશ્યકતા છે. સુસંસ્કારના આધારે જ સભ્યતાભર્યું વર્તન થઈ શકે છે. બહારથી શીખેલા શિષ્ટાચાર તો જરાસરખા વિપરીત સંજોગો ઊભા થાય કે તરત જ ભુલાઈ જાય છે. પરંતુ સંસ્કારપ્રેરિત, અર્થપૂર્ણ અને ગંભીરતાભર્યા સદ્‌વર્તનનું વૃક્ષ તો ગમે તેવા આંધી-તોફાન સામે પણ અડીખમ ટકી રહે છે. બાહ્ય આડંબર કે દેખાવ માત્રથી કોઈ માણસ મહાન નથી બની જતો. બાહ્ય જગત સાથેનો વ્યવહાર આત્મશિસ્ત ઉપર જ આધારિત છે. કોઈ ભલે બહાર ગમે તેવી સભ્યતાનું પ્રદર્શન કરતો હોય અને ગમે તેટલી સજાવટ કરીને ફરતો હોય પરંતુ જો તેના વર્તનમાં સંસ્કાર અને કર્તવ્યનિષ્ઠા નહીં હોય તો તેની પોલ એકને એક દિવસ ઉઘાડી પડી જશે, પ્રજ્ઞાપુરાણના **અહંકાર ત્યાગો, શિષ્ટ વ્યવહારથી સદ્‌ગુરુ પ્રાપ્તિ, બીજાના ઉપકાર ના ભૂલો, ફૂલના ઉમદા વિચારો, રંગાયેલું શિયાળ, જાદુગરી માત્ર ઢોંગ અને સજ્જનતાનો દંભ** વગેરે પ્રેરક પ્રસંગો દંભી કે પાખંડીઓથી દૂર રહેવાની ટકોર કરે છે.

શિસ્ત અને નિયમ વચ્ચે બહુ પાતળી ભેદરેખા છે. શિસ્ત બધાંને દેખાય છે અને શિસ્તબદ્ધ વ્યક્તિની બધા પ્રશંસા કરે છે, એ સારું છે. પરંતુ આ શિસ્ત જ્યારે સ્વેચ્છાપૂર્વક અપનાવાય ત્યારે એને નિયમ કહેવાય છે. શિસ્તપાલન માટે શાસનતંત્ર તરફથી કાયદા બનાવાય છે. એનું ઉલ્લંઘન કરવાથી દંડ અને સજા થાય છે. શાળામાં શિસ્તભંગ કરનારને શાળામાંથી કાઢી મૂકવામાં આવે છે. લશ્કરમાં તો શિસ્તભંગને બહુ મોટો ગુનો માનવામાં આવે છે. એટલે દંડ કે સજાના ભયથી માણસે શિસ્તમાં રહેવું પડે છે. પરંતુ નિયમપાલન માટે આવું દબાણ નથી હોતું. એ તો માણસ પોતે જ અપનાવે છે. એ આંતરિક ગુણ છે. એના વડે માણસ પોતાની જાતનું અવલોકન કરીને પોતાની જાત ઉપર નિયંત્રણ રાખે છે. એની ખબર માત્ર પોતાને જ પડે છે. નિયમપાલનથી આત્મસંતોષ મળે છે. વ્યક્તિત્વનો વિકાસ થાય છે અને આત્માની ઉન્નતિ થાય છે. શ્રેષ્ઠ કાર્ય કરવાનું વ્રત લેવું કે કોઈ સારો સંકલ્પ કરવો એને નિયમ કહેવાય છે આવેશમાં ન આવવું, સમતોલન ના ગુમાવવું, સારાંનરસાં કાર્યો વિષે ઠાવકાઈથી વિચારવું, મનમાં ખરાબ વિચારોને પ્રવેશતા અટકાવવા – આ બધા માણસને સંસ્કારી બનાવનાર નિયમો છે. નિયમપાલન કરનાર માણસોના જીવન ધન્ય બની જાય છે. ગુરુદેવે પ્રજ્ઞાપુરાણમાં **દિનબંધુ એન્ડ્રુઝ, યદુનાથ સરકાર, સાચા અર્થમાં લોખંડી-પુરુષ, ગરીબ ગોર્કી મહાન બન્યા, દેશભક્ત બદરૂદ્દીન તૈયબજી, નાની પણ મોટી વાત** વગેરે મહાપુરુષોનાં જીવનચરિત્રો દ્વારા સંદેશો આપ્યો છે કે, પ્રતિકૂળ સંજોગોમાં પણ સારા સંકલ્પોનું પાલન કરનારા જગવિખ્યાત બની જાય છે.

નિયમનું મહત્ત્વ દર્શાવતાં ગુરુદેવ કહે છે કે એનું ક્ષેત્ર ખૂબ વ્યાપક અને વિશાળ છે. એ એક સમયસાધ્ય કાર્ય છે. ક્યારેક ક્યારેક માણસ કુબુદ્ધિથી કે ભ્રમથી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દોરવાઈને કુકર્મ આચરી બેસે છે. પરંતુ આત્મસંયમ દ્વારા વ્યસનોથી દૂર રહીને સારા માર્ગે ચાલવું એ એવો મહાન પુરુષાર્થ છે કે જેના વડે માણસ ઊંચો આવી જાય છે. જે રીતે કોઈ માળી ડાળખાં, પાંદડાં વીણીને બીજ વાવીને તેને ખાતર-પાણી સીંચે છે. તે જ રીતે માણસે ખરાબ પ્રવૃત્તિઓનો નાશ કરવો જોઈએ અને સારી પ્રવૃત્તિઓનો વધારો કરવો જોઈએ. તો જ તે જીવનરૂપી બગીચાને લીલોછમ રાખી શકે છે. પ્રજ્ઞાપુરાણની **સંકલ્પ બોલી ઊઠ્યો, પંડિતાણીની શિખામણ, પ્રગતિનો સિદ્ધાંત, દર્દ હું વહેંચી લઈશ, કર્વેજીની ઉદારતા** વગેરે કથાઓ દઢ સંકલ્પશક્તિ દાખવીને મહાપુરુષો બનવાનો સંદેશ આપે છે.

જાગૃત આત્માઓ પોતાનો માર્ગ આપમેળે જ બનાવી લે છે. વિદ્વાનો આત્મશિસ્ત દ્વારા પોતાની પ્રતિભા, ક્ષમતા અને મોટાઈ સતત વિકસાવતા રહે છે. આવા દઢનિશ્ચયી માણસો પોતાની સજ્જનતાથી બીજાને પ્રભાવિત કરીને દુર્જનોને સુધારવામાં સફળ થાય છે. આવા માણસો ભવ્ય મંગળ સ્વરૂપ હોય છે. તેઓ પહેલાં આત્મા ઉપર વિજય મેળવીને પછી જગત ઉપર વિજય મેળવે છે. પ્રજ્ઞાપુરાણમાં દેશવિદેશના કેટલાય મહાપુરુષોની ઘણી જીવનકથાઓ છે. **બાપુનું પ્રાયશ્ચિત્ત, રાજાએ ગુનો કબૂલ્યો, પરમહંસની પરીક્ષા, ખોટી સાક્ષી ના આપી, ઓછી કિંમતે સારો માલ** વગેરે પ્રસંગો ઉપરથી ચોક્કસ કહી શકાય કે માણસ પોતાના ભાગ્યનો ઘડવૈયો છે.

માનવજીવન દેવોને પણ દુર્લભ છે. ભગવાને દરેક માણસને મહાનતાના સંસ્કારો આપ્યા છે. ફરક માત્ર એટલો જ છે કે દરેક જણ આ વારસાનો કેવો અને કેટલો ઉપયોગ કરી શકે છે. જ્યારે જંગલમાં ઉગતા છોડવા પણ મોટાં વૃક્ષ બની શકે છે તો પછી માણસ જેવું વિચારશીલ પ્રાણી ઉન્નતિ ન પામે એવું કોઈ કારણ નથી. પુરુષાર્થીઓ પોતાની સફળતાનો માર્ગ પોતાની મેળે જ મોકળો કરી લેતા હોય છે. આજના અવિશ્વાસના જમાનામાં માણસ અંગત જીવનમાં શિસ્તપ્રિય બને અને સમાજજીવનમાં નિષ્ઠાપૂર્વક મર્યાદાઓનું પાલન કરે તે ખાસ જરૂરી છે. આ જ એ રસ્તો છે જેના પર ચાલીને માણસ દેવતા બની શકે. પ્રજ્ઞાપુરાણમાં આવા દેવતત્ત્વને પામવાની સાધનાનું માર્ગદર્શન કરવામાં આવ્યું છે.

• • • • • • • •

***એક સાધુએ સ્વપ્નમાં જોયું કે તે બંને હાથમાં લાંબી લાકડીઓ લઈને મોક્ષમહેલના છેલ્લા માળે ચઢવાનો પ્રયત્ન કરી રહ્યો છે. પણ તેનાથી ચઢી શકાતું નથી. શું કરવું તે સમજાતું નથી. પાસે ઊભેલા એક વડીલ એ જોઈને હસી પડ્યા અને સાધુને પૂછ્યું કે તે શું કરી રહ્યો છે ? સાધુએ કહ્યું, "મારી પાસે સમ્યક્ જ્ઞાન દર્શનની બે લાકડીઓ છે, તેના આધારે હું મોક્ષ મહેલના છેલ્લા માળે ચઢવા મથું છું. પણ નિષ્ફળ જાઉં છું. કૃપા કરી મારું માર્ગદર્શન કરો. વડીલે કહ્યું, "સ્વામીજી, જો તમે સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ દર્શનરૂપી બે લાંબી લાકડીઓ વચ્ચે સમ્યક્ ચરિત્રના આડા પગથિયાં લગાડશો નહીં તો તમે શેની ઉપર પગ ટેકવીને ઉપર ચઢશો ? ટકી રહેવા માટે કશો આધાર તો જોઈશે ને ? ચરિત્ર વગરનું જ્ઞાન, કર્મ, દર્શન, ભક્તિ, સાધના કે ઉપાસના – બધું અધૂરું છે અને મોક્ષ તો બિલકુલ અશક્ય છે.***


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

( પ્રજ્ઞાપુરાણ વિભાગ )

# સાચી હિંમત અને સંઘર્ષ પ્રકરણ

સૃષ્ટિ એ વિધાતાનું બેનમૂન સર્જન છે. સત્-અસત્ અને જડ-ચેતનના બનેલા આ વિશ્વમાં પ્રકૃતિરૂપી અભિનેત્રીનું અલૌકિક સૌંદર્ય ચારેબાજુ વિખરાયેલું છે. ક્યાંક લહેરાતાં સુગંધીદાર પુષ્પો, ક્યાંક મધુર કિલ્લોલ કરતાં પક્ષીઓ, ક્યાંક ખળખળ વહેતાં ઝરણાં તો ક્યાંક આકાશને આંબતી ઊંચી પર્વતમાળાઓ જોઈને આ સંસાર જાણે કોઈ કુશળ ચિત્રકારે પોતાની જાદુભરી પીંછીમાં અનોખા રંગ ભરીને બનાવ્યો હોય એવો સુંદર લાગે છે. પરંતુ ગંભીરતાપૂર્વક જોવાથી ખ્યાલ આવે છે કે, સર્જનની સાથે સાથે વિનાશકારી તત્ત્વો પણ અહીં અસ્તિત્વ ધરાવે છે. ફૂલો સવારે ખીલે છે અને સાંજે કરમાઈને ધૂળમાં મળી જાય છે. સૂર્ય અને ચંદ્રનું રાહુ-કેતુ ગ્રહણ કરી જાય છે અને પ્રકાશને અંધકાર ઘેરી વળે છે. આ બધાથી સાબિત થાય છે કે, દરેક જગ્યાએ અનિચ્છનીય તત્ત્વો સૌંદર્યનો નાશ કરવા માટે પ્રયત્નશીલ રહે છે. એનાથી મનુષ્યના હૃદયમાં સ્વાભાવિક જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે કે, આટલી સુંદર સૃષ્ટિની રચના કરનાર કલાકારે આવાં વિનાશકારી તત્ત્વોનું સર્જન શા માટે કર્યું હશે ? ગુરુદેવે પ્રજ્ઞાપુરાણમાં આ શંકાનું સમાધાન આપ્યું છે.

પ્રજ્ઞાપુરાણના પ્રથમ ખંડમાં 'સાચી હિંમત અને સંઘર્ષ' પ્રકરણમાં પૂજ્ય ગુરુદેવે મહર્ષિ પિપલાદના માધ્યમ દ્વારા કહ્યું છે કે, ભગવાન પોતાના પ્રિય પાટવી કુંવર - મનુષ્યની કસોટી આવાં અનિચ્છનીય તત્ત્વો દ્વારા કરે છે. તે પોતાના પુત્રને શક્તિશાળી બનાવવા ઇચ્છે છે, કે જેથી તે ન્યાયના ટેકામાં પોતાની હિંમત અને પરાક્રમનો પરચો બતાવી શકે. જે રીતે રાત્રિ વડે દિવસનું, અંધકાર વડે પ્રકાશનું અને રોગ વડે સારવારનું મહત્ત્વ જણાય છે તે જ રીતે અનીતિ કે દુરાચાર વડે જ સદાચાર અને સત્ચરિત્રનું મૂલ્ય અંકાય છે. એટલે તેને પણ ભગવાનની દેન જ સમજવા જોઈએ. ગુલાબનાં ફૂલ અને કાંટા, દેશની વૃદ્ધિ વગેરે માર્મિક ઉદાહરણો દ્વારા ગુરુદેવે અનિચ્છનીય તત્ત્વોની મહત્તા સમજાવી છે.

આવાં તત્ત્વો સામે જંગ માંડવો એનું નામ જ હિંમત. હિંમત એ માણસનો મહત્ત્વપૂર્ણ ગુણ છે. તેમ છતાંય જયારે તે સત્કાર્યો માટે પ્રયોજાય ત્યારે જ પ્રશંસાપાત્ર બને છે. એમ તો ચોરડાકુઓ પણ જીવ હાથમાં લઈને જ લૂંટફાટ કરતા હોય છે. તેમ છતાંય તેઓ નિંદનીય છે. કોઈ ખૂનીને ફાંસીની સજા થાય ત્યારે કોઈને તેની પ્રત્યે સહાનુભૂતિ નથી ઊપજતી. પરંતુ જયારે કોઈને દેશ, જાતિ કે ધર્મ કાજે જેલ કે ફાંસીની સજા થાય છે ત્યારે સમગ્ર જનતા તેના માટે આંસુ સારે છે અને તેને શહીદ ગણીને શ્રદ્ધાંજલિ આપે છે. ઇતિહાસમાં તેનું નામ સોનેરી અક્ષરે લખાય છે. પ્રજ્ઞાપુરાણના સંઘર્ષે અર્જુનને અજિત બનાવ્યો, અષ્ટાવક્ર દ્વારા જનતાનો સામનો, રામદાસ સમર્થ બન્યા વગેરે પ્રેરક પ્રસંગો દ્વારા પ્રખર પ્રતિભાશાળી હિંમતવાન મહાપુરુષોના આદર્શોને ગ્રહણ કરવાની પ્રેરણા આપવામાં આવી છે.

અન્યાય કે અત્યાચારને સહન ના કરવા જોઈએ. કારણ કે અનીતિનો વિરોધ નહીં કરનારાઓ કાયર ગણાય છે. આતંકવાદીઓ કે અત્યાચારીઓનો વિરોધ કે સામનો કરવો એ માણસમાત્રનું કર્તવ્ય છે. કારણ કે તેઓ સાચી સલાહ કે શાંતિની ભાષા સમજતા નથી. પ્રજ્ઞાપુરાણમાં રાવણ અને દુર્યોધનનાં ઉદાહરણો આપીને ગુરુદેવ લખે છે કે જો અંગદ, મંદોદરી વગેરેના સમજાવવાથી રાવણ માની ગયો હોત તો લંકાકાંડ શું કામ થાત ? વિષ્ટીકાર તરીકે ગયેલા કૃષ્ણે લાખ સમજાવ્યા છતાંય પણ દુર્યોધન માન્યો નહીં. એના પરિણામે તો મહાભારત થયું. એટલા માટે પ્રજ્ઞાપુરાણમાં રાજા પ્રસેનજિત વિરોધીથી ચેતી ગયા, ચાણકયની શિખામણ અને વિભીષણનો વિરોધ વગેરે આખ્યાનો દ્વારા ગુરુદેવે માણસને દુરાચારો સામે ઝઝૂમવાનો સંદેશ આપ્યો છે. અનીતિ જેવા જ બીજા બે અસુરો-અજ્ઞાન અને અભાવ-પણ માણસના મનમાં ઘર કરી ગયા છે. એ બે ભાઈઓ માણસને કાયમ ગેરમાર્ગે દોરતા રહ્યા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. જે રીતે સૃષ્ટિમાં પુરાતનકાળથી દેવ-દાનવ યુદ્ધ ચાલે રાખે છે તે જ રીતે માણસના મનમાં જ્ઞાન, કર્મ અને ઉદારતારૂપી દેવતાઓ અને અનીતિ, અભાવ અને અજ્ઞાનરૂપી દાનવો વચ્ચે કાયમ સંઘર્ષ ચાલતો હોય છે. જ્યારે આસુરી વૃત્તિઓ જોર પકડે છે ત્યારે માણસ નરપશુ બની જાય છે અને જ્યારે દૈવી વૃત્તિઓનો વિજય થાય છે ત્યારે માણસ બ્રહ્મસ્વરૂપ બની જાય છે. માણસે અજ્ઞાનને જ્ઞાન વડે, અભાવને કર્મ વડે અને અન્યાયને ઉદારતા વડે હરાવવા જોઈએ. પ્રજ્ઞાપુરાણમાં સફાઈના સંસ્કાર, ઉદ્યમ વડે બીમારીઓ મટી, સંત અને સુધારકોનું સાચું સ્થાન વગેરે દષ્ટાંતો દ્વારા આ સિદ્ધાંતોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

અજ્ઞાન અને અભાવનો અર્થ શો છે ? એ સ્પષ્ટ કરતાં યુગઋષિ કહે છે કે, યોગ્ય અને અયોગ્યનો ભેદ ના પારખી શકવો એનું નામ જ અજ્ઞાન અને કર્તવ્યથી વિમુખ થઈને અકર્મણ્ય બની જવું (કશું જ ના કરવું) એનું જ નામ અભાવ છે. આ બને રાક્ષસો શિક્ષિત અને અશિક્ષિત તમામ માણસોમાં સમાન રીતે રહેલા છે. અનૈતિક આચરણ વડે થતુ સામાજિક નુકસાન બધાને દેખાય છે. એટલા માટે દુરાચારી, ભ્રષ્ટાચારી, જુગારી, શરાબી, અત્યાચારી કે વ્યાભિચારી માણસો માટે પ્રશાસન તરફથી કાંઈક દંડવ્યવસ્થા હોય છે. પરંતુ અજ્ઞાનપ્રેરિત અકર્મણ્યતાને કારણે અગણિત નુકસાન થાય છે. બધા અંધવિશ્વાસો અને જડ માન્યતાઓ એને કારણે જ ઉત્પન્ન થાય છે. આવા કુરિવાજો લૂણો કે ઊધઈની માફક સમાજને કોરી ખાય છે છતાં એને રોકવા માટે સમાજ કે સરકાર તરફથી કોઈ જોગવાઈ નથી. એટલા માટે એની જવાબદારી સમાજસુધારકો અને લોકસેવકોના શિરે આવે છે. એથી આવા કુરિવાજો સામે લડનારાઓને સત્સાહસી સાચા હિંમતવાન જ કહી શકાય. શરૂઆતમાં તો સમાજ એની ટીકા કે નિંદા કરે છે. તેમને પોતાના ધન, માન કે યશ અને કયારેક કયારેક તો જીવન સુધ્ધાં દાવ ઉપર લગાડી દેવા પડે છે. સ્વામી વિવેકાનંદ, સ્વામી દયાનંદ, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર રાજા રામમોહનરાય વગેરે એ અંધવિશ્વાસ, પડદાપ્રથા, સતીપ્રથા, બાળવિવાહ, દહેજપ્રથા વગેરે કુરિવાજો સામે જીવનભર લડતા રહીને તેમની અદમ્ય હિમતનો પરચો અપ્યો છે. પ્રજ્ઞાપુરાણમાં ગુરુદેવે આ મહાપુરુષોની માફક સાચી હિંમત દાખવવાનો સંદેશ આપ્યો છે કારણ કે આવા લોકસેવકો જ સામાજિક ઉત્થાનનો સાચો માર્ગ ચીંધીને જનજાગૃતિનો શંખનાદ કરતા હોય છે.

વર્તમાન સમયમાં પડદાપ્રથા, દહેજપ્રથા લગ્નોત્સવમાં થતા ધૂમ ખર્ચા, સતીપ્રથા, અંધવિશ્વાસ, શ્રાદ્ધભોજન, દોરાધાગા, જંતરમંતર, ઉડાઉ ખર્ચા, નશાખોરી, ભ્રષ્ટાચાર, ભેળસેળ, છળકપટ વગેરે કુરિવાજો ઊધઈની માફક સમાજનાં મૂળ ખોતરી રહ્યાં છે. મરેલી બિલાડીનો રિવાજ, આંધળા અનુકરણની ચરણસીમા, દાદાની સમાધિ વગેરે અનેક ઉદાહરણો આપી ગુરુદેવે દેશને બરબાદ કરનારા આવા કુરિવાજો ડામીને દેશના નવનિર્માણમાં ભાગીદાર બનવાની હાકલ કરી છે. દરેક માણસના જીવનનું ધ્યેય એ જ હોવું જોઈએ અને એ યુગનિર્માણની શુભ શરૂઆત આપણાથી થાય એ ખાસ જરૂરી છે. પહેલાં પોતાના વિચારોમાં સુધારો કરીને આવી દુષ્પ્રવૃત્તિઓ સામે મોરચો માંડીને પોતાનું આચરણ શુદ્ધ કરનારાઓના ઉપદેશો જ અન્ય ઉપર પ્રભાવ પાડી શકશે. ગોળ ખાવાનું છોડ્યા પછી બાળકને ઉપદેશ, ચરિત્ર સુધારવાથી સેવાની શરૂઆત, સાધુ આત્માનંદની શાલીનતા, સંત કબીર અને અજ્ઞાની બ્રાહ્મણ, મુજસે બૂરા ન કોઈ. વગેરે અનેક કથાઓ દ્વારા પ્રજ્ઞાપુરાણમાં ગુરુદેવે પોતાની જાત સાથે લડીને વિજય મેળવે તે જ સાચો શૂરવીર - એવી પ્રેરણા આપી છે. જે પોતાની જાતને હરાવી શકે તે આખી દુનિયા ઉપર વિજય મેળવી શકે છે. આવી સાચી હિંમત કરવા માટે શરીરબળ, મનોબળ અને આત્મબળ ત્રણેયની જરૂર પડે છે. બ્રહ્મચર્ય, શાસ્ત્રજ્ઞાન અને તપસ્યા વડે આ ત્રણેય શક્તિઓ મેળવી શકાય છે. જે રીતે માછલી પાણીના વહેણને ચાતરીને સામે પ્રવાહે તરી શકે છે, તે પ્રમાણે ઓજસ્વી, મનસ્વી કે તપસ્વી કક્ષાના પ્રતિભાશાળી સાહસિક માણસો તેમની પ્રચંડ તાકાત વડે સંજોગોના પ્રવાહની સામે લડત કરીને નવા ઇતિહાસની રચના કરે છે. મીરાની અવઢવ, શેઠ દાનમલની સાચી હિંમત,


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મહર્ષિ કર્વે દ્વારા વિધવા-વિવાહ વગેરે આદર્શ વાર્તાઓ પ્રજ્ઞાપુરાણમાં પ્રસ્તુત કરીને ગુરુદેવે દરેક માણસને સમાજને નુકસાન કરનારા આ કુરિવાજો અને જડ પરંપરાઓનો સામનો કરીને હિંમત દાખવવા માટે પ્રોત્સાહિત કર્યા છે. રામશાસ્ત્રી મૃત્યુના ડર સામે પણ અડગ રહ્યા, અનીતિના એક લાખનો અસ્વીકાર, પુત્રને દેહાંતદંડ વગેરે પ્રેરક ઉદાહરણો દ્વારા ગુરુદેવે માણસ મુશ્કેલી કે લાલચ સામે પણ અડીખમ રહે એમાં જ તેનું ગૌરવ છે, એવી શિખામણ આપી છે. માનવીય આદર્શો વગરનો માણસ ગમે તેટલો ધનવાન, વિદ્યાવાન કે બળવાન હોય તો પણ તેને ક્યારેય માનપાન મળતાં નથી. પોતાના સિદ્ધાંતોમાં અટલ રહીને નુકસાન સહન કરનારાઓને જે આત્મસંતોષ, લોકસત્કાર અને દૈવી કૃપા મળે છે તેની સામે ત્રણેય લોકના તમામ વૈભવો સાવ તુચ્છ છે.

હકીકત એ છે કે પ્રજ્ઞાપુરાણમાં ગુરુદેવે યુગપરિવર્તનની આધારશીલા જેવા પ્રજ્ઞા આંદોલનની સર્જન ચેતનાનો અણસાર આપ્યો છે. ઇતિહાસ સાક્ષી છે કે જ્યારે જ્યારે ધરતી ઉપર કર્મની હાનિ, પીડા કે પતનની પરિસ્થિતિઓ ઉત્પન્ન થાય છે ત્યારે ભગવાન કોઈને કોઈ સ્વરૂપે અવતાર લઈને જનશક્તિનું આહ્વાન કરે છે. ભગવાન રામના સમયમાં દૈવી શક્તિઓ રીંછવાનરના રૂપમાં અવતરી હતી. તો શ્રીકૃષ્ણના સમયમાં ગોપગોવાળિયાઓનું રૂપ ધરીને ગોવર્ધન પર્વત નીચે લાકડીઓ ટેકવી હતી. જ્યારે ભગવાન બુદ્ધે વિવેક, ધર્મ અને સંગઠનના નામે પોકાર્યા ત્યારે દેવતાઓએ ભિક્ષુકોનું રૂપ ધારણ કરીને પૃથ્વી ઉપર પ્રેમ અને કરુણાનાં ઝરણાં વહાવ્યાં હતાં. ગાંધીજીના સ્વાતંત્ર્ય સૈનિકોએ દેશને આઝાદી અપાવી હતી. અત્યારે ઇતિહાસનું પુનરાવર્તન થઈ રહ્યું છે. આ યુગમાં પ્રજ્ઞાપુરુષ પૂજ્ય ગુરુદેવે પ્રજ્ઞાવતાર ધારણ કરવા માટે બધા જાગૃત આત્માઓનું આહ્વાન કર્યું છે. બ્રહ્મવિદ્યાના રામાયણ, ચંડીપાઠ (દુર્ગાસપ્તશતી) અને ગીતા જેવા મહત્ત્વપૂર્ણ ગ્રંથોમાં સત્ય-અસત્ય, નીતિ-અનીતિ કે ધર્મ-અધર્મ વચ્ચેના સંઘર્ષનું જ વર્ણન છે. ગીતામાં 'યુદ્ધસ્વ' શબ્દનો અનેક જગ્યાએ પ્રયોગ થયેલો છે. જ્યારે અર્જુન યુદ્ધથી વિમુખ થયો હતો ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે તેને 'ક્લીવ' (કાયર) તરીકે સંબોધીને ધર્મયુદ્ધ કરવા પ્રોત્સાહિત કર્યો હતો. એ જ રીતે આ આસ્થાસંકટના સમયમાં યુગઋષિએ પ્રજ્ઞાપુત્રોનું આહ્વાન કર્યું છે. અત્યારે જાગૃત આત્માઓએ આગળ આવવું જોઈએ. તેમણે યુગકર્તવ્ય, વિવેક, પુરુષત્વ અને જવાબદારીનો પોકાર સાંભળીને આત્મનિર્માણ માટે, જાતિ અને રાષ્ટ્રના નિર્માણ માટે, યુગનિર્માણ માટે કંટકછાયા માર્ગે ચાલીને ધર્મ, સત્ય અને ન્યાયનું સમર્થન કરવાની સાચી હિંમત દાખવવી જોઈએ. આજના યુગના અણછાજતા સંજોગો, દુષ્પ્રવૃત્તિઓ અને વિટંબણાઓનો અંત આણવા માટે તેમણે પ્રજ્ઞા અભિયાનનો સંકલ્પ લેવો જોઈએ. જ્યારે પ્રજ્ઞાપુત્રો હાથમાં મશાલ લઈને આગળ વધશે ત્યારે દીપથી દીપ પ્રગટવા માંડશે. ચિનગારી જ્વાળા બની જશે. બીજ વટવૃક્ષ બની જશે અને ઊણપવાળા માણસો પણ જાગૃત થઈને આ પ્રજ્ઞા અભિયાનમાં સહભાગી બની જશે અને જીવનને ધન્ય બનાવશે. અનુગામી પેઢીઓ તેમના માટે ગર્વ લેશે. પૂર્વજન્મમાં રીંછ-વાનર, ગોપ-ગોવાળિયા અને બૌદ્ધ ભિક્ષુકોના રૂપમાં કાર્ય કરનારા પ્રજ્ઞાપુત્રોને આ સમયે દેવર્ષિ નારદ જેવી ભૂમિકા ભજવવાની છે. પ્રજ્ઞાપુરાણના પ્રથમ ખંડના પ્રથમ અધ્યાયમાં પૂજ્ય ગુરુદેવે ભગવાન વિષ્ણુ દ્વારા દેવર્ષિ નારદને સમાધિમગ્ન થઈને પ્રજ્ઞાપુરાણ કંઠસ્થ કરીને તેને દરેક માણસ સુધી પહોંચાડવાનો આદેશ આપ્યો છે. એટલા માટે, આવો ! આપણે સૌ યુગઋષિની આ અમૂલ્ય રચનાને નારદજીની માફક હૃદયમાં ઉતારીએ અને તેને દેશવિદેશના પ્રજ્ઞાપુત્રો સુધી પહોંચાડવાની પ્રતિજ્ઞા કરીએ અને યુગઋષિના સપનાને સાકાર કરીએ તેમજ ગીતા અને રામાયણની માફક તેની પણ આરતી ઉતારીએ.

**આરતી શ્રી પ્રજ્ઞાપુરાણ કી, જનહિતકારી દયાનિધાન કી**
**નારદ-સમાધિમાં બેસી જાવ અને યુગનું સમાધાન મેળવો.**
**આ પ્રજ્ઞાપુરાણ લઈ જાવ, અને તેને પ્રજ્ઞાપુત્રો સુધી પહોંચાડો.**
**યહ કૃતિ હૈ યુગ સમાધાન કી, આરતી શ્રી પ્રજ્ઞાપુરાણકી.**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# હિમાલયથી અવતરિત એક પ્રજ્ઞાપુરુષ

ઉપાસનાગૃહમાં અખંડ-દીપ પ્રજ્જ્વલિત હતો. વર્ષોથી નિરંતર પ્રજ્જ્વલિત દીપકની જ્યોતિ એ સાધકની આત્મજ્યોતિ બની ચૂકી હતી. જે બ્રહ્મમુહૂર્તની એ ક્ષણોમાં એ સિદ્ધ જ્યોતિની સમક્ષ ધ્યાનસ્થ હતો. એના ચૈતન્યમાં સર્વમયતા સ્થિર થઈ ગઈ હતી. અહમ્ અને ઈદમ્ વચ્ચેનું આચ્છાદન દૂર થઈ ગયું હતું. સાધકના કણેકણમાં, અણુ-પરમાણુમાં વ્યાપ્ત અવ્યક્ત નાદ સંભળાવા લાગ્યો. ક્યારેક વાગે તો ક્યારેક મૃદંગ, ક્યારેક વીણા તો ક્યારેક શંખધ્વનિ સંભળાતો. વળી ક્યારેક તો એ બધા મળીને અલૌકિક સ્વરો ઉપજાવતા. એને પોતાની ચેતનામાં સર્વત્ર અણુ-પરમાણુઓના વિદ્યુત કણોના નૃત્ય અને ભ્રમણનો અનુભવ થવા લાગ્યો.

ધ્યાનસ્થ યોગીના પિંડમાં અસ્યકાંતમણિ સક્રિય થઈ ગયા. એના સહસ્ત્રાર ચક્રમાં કણ-કોશિકાઓ અને કોષ્ટક વિદ્યુતની સતત ગતિએ ઇન્દ્રિયાતીત અનુભવો, દૃશ્યો, સુગંધો અને સ્પર્શાદિની સૃષ્ટિ સર્જાવા લાગી. એના હૃદય-કમળમાં સહેજ ઉપર રહેલ સુષુમ્ણા જ્યોતિ મળતી અને વિખેરાઈ જતી. પછી સૂક્ષ્મ થઈને એ જ્યોતિબિંદુ તથા ધ્વનિ સાધકના ચિત્તરૂપી આકાશમાં નક્ષત્રોની જેમ ચમક્યા કરતા. થોડી વાર માટે એને સમગ્ર બ્રહ્માંડ પોતાની અંદર વિદ્યુતબિંદુ અને અનંતનાદ સ્વરૂપે લાગવા માંડ્યું.

એની ચેતના હવે મૂળ નાદ અને બિંદુરૂપે ક્રીડારત થઈ ગઈ હતી અને ભેદગ્રંથિ ખૂલી ગઈ હતી. હવે કુંડલિની ચિત્રિણિ અને સુષુમ્ણામાં વિહરી રહી હતી. એ મધુર કુંજન કરવા લાગી. શિવનું ચિન્મય શૂન્ય સ્વરૂપ ધારણ કરીને એ કુલશક્તિ શોભાયમાન થઈ ગઈ અને સાધક પોતાની સાધનાના ઉચ્ચતમ સોપાન પર, કૈલાશ શિખર પર જઈ બેઠો.

દિવ્યદર્શનના આ ક્રમમાં અચાનક એની ચેતનામાં એક આહ્‌વાન ગુંજવા લાગ્યું. અંતઃચક્ષુઓની સામે હિમાલય પર્વતનાં શિખરોની હારમાળા દૃષ્ટિગોચર થવા લાગી. આ શ્વેત શિખરોની વચ્ચે એક જ્યોતિ-પૂંજ પ્રગટ થયો. જેણે ધીમે ધીમે એક મહાયોગીનું સ્વરૂપ ધારણ કર્યું. એ મહાયોગીની દિવ્ય-છટાથી તે લાંબા સમયથી પરિચિત હતો. એ જ તો હતા એના માર્ગદર્શક, જન્મ-જન્માંતરના પથપ્રદર્શક, એની શ્રદ્ધા-ભક્તિની સાકાર પ્રતિમા સમા એના હૃદયધન-દિવ્ય ગુરુ. એ છબીને નિહાળતાં જ એની સમગ્ર ચેતના એનાં ચરણોમાં લીન થવા માટે આતુર બની બેઠી.

સાધકની આ ભાવનાઓની પ્રતીતિ એ દિવ્ય દેહધારી મહાયોગીને થઈ. એમના હોઠ ઉપર હળવું પરંતુ વાત્સલ્યપૂર્ણ ભાવોથી ભરેલું સ્મિત ઝળક્યું અને તેઓ કંઈક કહેવા માટે તૈયાર થયા. એમનો સ્વર સાધકની સમગ્ર ચેતનામાં સમગ્ર સત્તાના પ્રત્યેક અણુ-પરમાણુમાં ગુંજવા લાગ્યો. આજે તારી સાધના પૂર્ણ થઈ વત્સ ! હવે તારે લોકસેવાનું મહાન કાર્ય શરૂ કરવાનું છે. એના માર્ગદર્શન માટે તારે દેવાત્મા હિમાલયના આંગણે આવવું પડશે. હિમાલયના હૃદયક્ષેત્રમાં પહોંચીને તું ત્યાં નિવાસ કરનારા સપ્તર્ષિ, દિવ્યદેહધારી સમર્થ સત્તાઓ અને સૃષ્ટિની સંચાલક દેવશક્તિઓનાં દર્શન કરી શકીશ. એમનો અનુગ્રહ અને આશિષ જ તને તારા કાર્ય માટે શક્તિ આપશે, તને સમર્થ બનાવશે.

"યાદ રાખજે વત્સ, ઋષિસત્તાઓનું નિવાસસ્થાન દિવ્ય હિમાલયક્ષેત્ર બધી જ રીતે અલૌકિક છે, દુર્લભ છે. સામાન્ય માનવી તો શું અતિશ્રેષ્ઠ તેમ જ સમર્થ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સાધક પણ અહીં સુધી પહોંચી શકતા નથી. એ દિવ્ય ક્ષેત્રના પ્રવેશદ્વાર સુધી પહોંચવાની તૈયારી કર, બાકીનું માર્ગદર્શન તને ત્યાં જ મળશે. હે આયુષ્યમાન હવે વિલંબ ન કરીશ. યાત્રાનો આરંભ કરી દે." આ શબ્દોની સાથે જ ગુરુમૂર્તિ ઓઝલ થવા લાગી. અંતરના ઊંડાણમાં ડૂબેલી ચેતના ધીમે ધીમે બહિર્મુખ થવા અગ્રેસર થઈ. થોડી ક્ષણો પછી આંખો ખુલી સામેના અખંડ દીપકની જયોતનો મંદ મંદ પ્રકાશ ઉપાસનાગૃહની આ નાનકડી ઓરડીમાં દિવ્યતાનો સંચાર કરી રહ્યો. હજી પણ ત્યાં આગળ એક અલૌકિક સુગંધ અને અદ્ભુત આભા ફેલાઈ રહી. સાધકે એ સિદ્ધ જ્યોતિને પોતાના સમર્થ ગુરુની પ્રત્યક્ષ મૂર્તિ માની અત્યંત ભક્તિભાવપૂર્વક પ્રણામ કર્યા અને ઊભો થઈ ગયો. હિમાલય-યાત્રાની તૈયારી કરવા માટે જ તો.

હિમાલયયાત્રા માટે પોતાના ગુરુદેવનો આદેશ પામીને સાધકનું મન અત્યંત પુલકિત અને પ્રફુલ્લિત થઈ ગયું. એના મુખ પર છવાયેલી પ્રસન્નતાની દીપ્તિથી લાગતું હતું કે જાણે એને બધું જ મળી ગયું. વેદો, શાસ્ત્રો, પુરાણોમાં વાંચેલા-સાંભળેલા ઋષિગણોનાં દર્શન અને એમના અનુગ્રહ-આશિષની વાત એને રોમાંચિત કરી રહી હતી. ગુરુજનો તેમ જ પરિજનોને એણે પોતાની હિમાલયયાત્રાની વાત અત્યંત હિચકિચાટ સાથે સંભળાવી. હૃદયના કોઈક ખૂણે એને આશંકા હતી કે કદાચ એ લોકો એને ના પાડશે. પરંતુ આજે તો જાણે બધા જ કોઈ અદશ્ય દૈવી શક્તિના સંમોહનથી બંધાઈ ગયા હતા. એમણે માત્ર અનુમતિ ન આપતાં યાત્રાની તૈયારીમાં પણ પોતાનું સક્રિય યોગદાન આપ્યું.

ગામ-નગર છોડીને એણે થોડા જ સમયમાં દેવાત્મા હિમાલયના હૃદયક્ષેત્રના પ્રવેશદ્વારે પગ મૂક્યો. ઉત્સાહના અતિરેકમાં એને ખબર જ ન રહી કે એ કેટલા સમયમાં અહીં આવી પહોંચ્યો. બસ એ તે ધ્યાનનાં ઊંડાણોમાં જોયેલી દશ્યાવલીને પોતાની દૃષ્ટિ સમક્ષ પામીને અભિભૂત થઈ ગયો. પોતાની આગેકૂચ વખતે એણે જોયું કે સામે એક પહાડી ગામ છે. ગામ એટલે ભૂરા રંગની ઝૂંપડીઓનો સમુદાય. ત્રણ હજાર ગજથી પણ વધુ ઊંચાઈએ બરફથી છવાયેલાં શિખરોથી ઘેરાયેલી યાત્રીઓના પર્વતીય માર્ગ પર આવેલી છેલ્લી ધર્મશાળા.

વસ્તીથી થોડે દૂર નદીના કિનારે એક સાધુ ઊભો હતો. પોતાની પર્ણકુટી પાસે ઊભો રહીને કદાચ એ પ્રાતઃકાળના સૂર્યમય સૌંદર્યનું દર્શન કરી રહ્યો હતો. ઢોળાવો પર હરિયાળી છવાયેલી હતી. ઊંચાં દેવદારનાં વૃક્ષોના જંગલમાં એક-બે ગ્રામજનો લાકડીઓ એકઠી કરી રહ્યા હતા. કેટલાંક પક્ષીઓ અહીં-તહીં કલબલાટ કરતા દેખાતાં હતાં, સંભળાતાં હતાં. નદીનો પ્રવાહ તદ્દન સામે હતો. ઠેર ઠેર વિવિધ આકારના શિલાખંડો વિખરાયેલા પડ્યા હતા. હવા શીતળ, સ્નિગ્ધ અને ઉત્સાહવર્ધક હતી. સાધુએ પોતાના મુખને ઊગતા સૂર્યની દિશામાં સહેજ ઉપર ઉઠાવીને પોતાના હાથ જોડ્યા. સૂર્ય-અભ્યર્થનાના વૈદિક સ્વરોનું ગુંજન 'ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્'ના અક્ષરોના રૂપમાં પર્વત શિખરોમાં ધ્વનિત થઈ ઊઠ્યું.

ઉષાકાળ સમાપ્ત થયો. પૂર્વનાં શિખરો પર સૂર્યોદયની સ્વર્ણીમ આભા ફેલાઈ ગઈ. પોતાની પર્ણકુટીમાંથી એ મહિમાવત સાધુ નદી તરફ ચાલી નીકળ્યો. કદાચ એ કોઈના આવવાની રાહ જોતો હતો. આત્મવિશ્વાસપૂર્ણ - સશક્ત અને કોમળતાયુક્ત ચાલ એની ગરિમા વ્યક્ત કરતાં હતાં. તપશક્તિયુક્ત ઋષિ સિવાય આવી ઉન્નત ધારણશક્તિ બીજું કોઈ કોણ ધરાવી શકે ? ઊંચું કદ, વિશાળ કપાળ અને કમ્મર સુધી લહેરાતો કેશ-કલાપ જયોતિર્મય કૃશ શરીર શાન્ત અને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રસન્નમુદ્રા પર ફેલાયેલ તેજોમય આનંદદર્શન માત્રથી સમસ્ત શંકાઓનું સમાધાન કરતો અવાક્ શાંતભાવ. ઉંમરનો અંદાજ કાઢવો મુશ્કેલ હોવા છતાં લાગતું હતું કે ઉંમર સાઠની આજુબાજુ હશે.

નદીમાંથી પોતાનું જળપાત્ર ભરીને ઋષિ પાછા વળ્યા. જળપાત્ર ઝૂંપડીના એક ખૂણામાં મૂક્યું અને બારણા તરફ તાકવા લાગ્યા. ક્ષણમાત્ર માટે એમના ચહેરા પર એક વિશેષ ઉલ્લાસનો ભાવ ઉભરાઈ જતો જણાયો. ઝૂંપડીની બહાર આવીને જોયું તો એક યુવક પાછળનો ઢાળ ઊતરીને આવી રહ્યો હતો. થોડી જ વારમાં એ નજીક આવી ગયો. અત્યંત આદરભાવ અને વિસ્મયપૂર્વક એણે ઋષિનાં ચરણોમાં માથું નમાવ્યું. મોઢું ન ખોલતાં ઋષિએ સ્વીકૃતિનો હુંકાર કર્યો. આગંતુક ઊભો થઈ ગયો. એની આંખોમાં ચમક હતી, હોઠ પર સ્મિત હતું અને મુખમંડળ નિખરી રહ્યું હતું.

એમનાં ચરણોમાં માથું ટેકતા જ લાંબા પગપાળા પ્રવાસનો થાક પળભરમાં ઊતરી ગયો અને એ વિહ્વળ ભાવે એમને તાકી રહ્યો. આંખોમાં પ્રતિક્રિયાની પ્રતીક્ષા હતી. મૌનભંગ ન કરતાં ઋષિ એક સ્વચ્છ પથ્થર પર બેસી ગયા. એમણે આ નવાગંતુકને સામેના પથ્થર પર બેસવાનો સંકેત આપ્યો. ત્યાર પછી શબ્દો સાંભળવા મળ્યા,

"તો આયુષ્યમાન તું આવી પહોંચ્યો." ઋષિનો સંતોષ એમના શબ્દોમાં વ્યક્ત થતો હતો. "ગુરુદેવ ! આપ જાણતા હતા કે હું આવી રહ્યો છું."

સાધકના આ સ્વાભાવિક પ્રશ્નોનાં ઉત્તર આપવાનું ઋષિને જરૂરી ન લાગ્યું. એમણે કહ્યું "પહેલાં સ્નાન કરો." આટલું કહેતાંની સાથે એ એક બાજુ ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં એમણે સાધક તરફ સ્નેહભરી દૃષ્ટિએ જોતાં કહ્યું, "જે જન્મ-જન્માંતરથી ગુરુ-શિષ્ય રહ્યા હોય એમને ક્ષેમકુશળના પ્રશ્નોની ઔપચારિક વાતો જરૂરી નથી હોતી."

ગુરુની એના પરની પરમકૃપા પામતાં એ નવાગંતુકના મુખમંડળ પર વિસ્મય અને સંતુષ્ટિના ભાવ ઊભરાવા લાગ્યા. એનો કંઠ ગદ્‌ગદિત થઈ ગયો. આંખોમાં આનંદાશ્રુ આવી ગયાં. અવર્ણનીય આનંદને લીધે એણે આંખો મીંચી દીધી. ગાલ પર આંસુ વહેવા લાગ્યાં. પરમ આદરભાવને લીધે એના હાથ જોડાઈ ગયા. માથું નમી ગયું. ભાવનાઓ પરનો કાબૂ ન રહેતાં એ ગુરુનાં ચરણોમાં પડી ગયો. ગુરુએ પોતાનો જમણો હાથ એના માથા પર મૂક્યો અને આશીર્વાદ આપી ધીમી ગતિએ નીકળી ગયા.

અનાદિ અને અનંત કાળની ગરિમાને સમેટતાં દિવસ તાલબદ્ધ રીતે આગળ વધવા લાગ્યો. હિમ વડે છવાયેલાં શિખરો ચમકી રહ્યાં હતાં. વાદળહીન આકાશમાં બે કાગડા એક તળેટીથી બીજી તળેટી સુધી ઊડતા દેખાતા હતા. નદીમાં વહેતા પાણીનો જ ધ્વનિ સંભળાતો હતો. નિર્મળ જળ એને આકર્ષિત કરી રહ્યું હતું. સ્વસ્થ હૃદયથી પ્રકૃતિના સૌંદર્યને સમાવવાનો સંકેત કરતું હતું. માર્ગદર્શકના આદેશ અનુસાર એ એક પછી એક કામો પતાવતો ગયો. જોતજોતામાં દિવસ આથમ્યો. સંધ્યા સમયની નિસ્તબ્ધતા ફેલાઈ ગઈ.

અસ્તાચળ પરથી સૂર્યે જગતીને જોતાં એમના વિરાગની છાયા સંપૂર્ણ ધરાતલ પર ફેલાઈ ગઈ. બધાં જ બરફથી છવાયેલાં પર્વતોનાં શિખરોએ સંન્યાસીનાં વસ્ત્રોનો ભગવો રંગ જાણે કે ઓઢી લીધો. છોડ-ઝાડવાં અને લતાઓએ પણ એ જ વર્ણને અપનાવી લીધો. પક્ષીઓએ કલબલાટ શરૂ કર્યો. એ જ સમયે આકાશે કાંતેલ અને અસ્ત થતા સૂર્યનાં કિરણોથી રંગાયેલો રૂ જેવો બરફ પડવા લાગ્યો ત્યારે જાણે કે ગેરુની વર્ષા થઈ રહી. એણે નિર્દેશિત સ્થાને ઊંઘવાનો પ્રયત્ન કર્યો.

બીજા દિવસે એણે ત્યાં જ વહેતા ઝરણામાં સ્નાન



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરીને સંધ્યાવંદન કર્યું. જીવનમાં પહેલી વાર એણે બ્રહ્મકમળ અને દેવકંદ જોયું. બ્રહ્મકમળ અને દેવકંદ જોયું. બ્રહ્મકમળ એવું જેની સુગંધ થોડીક જ વારમાં ઊંઘ અને કદાચ યોગનિદ્રા લાવી દે છે. દેવકંદ એ જે જમીનમાંથી શક્કરિયાંની જેમ નીકળે છે. એ દિવસે સવારથી જ આકાશમાં અહીં-તહીં વાદળો એકઠાં થઈ રહ્યાં હતાં. પણ એનાથી સૂર્યનો પ્રકાશ ઢંકાઈ જતો ન હતો અને હિમપ્રદેશમાં તો જેટલો તડકો મળે એટલો પણ કૃપા સમાન હતો.

એ દિવસ પણ ત્યાંના પ્રાકૃતિક સૌંદર્યને નિહાળવામાં એમાં જ પરમસત્તાની ઝાંકી જોવામાં પસાર થઈ ગયો. ક્યારે સૂર્ય આથમ્યો અને ક્યારે રાત્રિ આવી પહોંચી એની ખબર જ ન રહી. સમીપવર્તી નિર્ધારિત ગુફામાં જઈને વિશ્રામ કરવાનો પરાવાણી દ્વારા નિર્દેશ મળ્યો. એ રાત્રે ગુરુદેવનાં દર્શન થશે એવો સંકેત હતો અને ખરેખર એ રાત્રે અચાનક ગુરુદેવ આવી પહોંચ્યા. પૂનમની રાત હતી. બરફવર્ષા પણ બહુ નહતી. ચંદ્રમાનો સુંદર પ્રકાશ સમગ્ર હિમાલય પર પડી રહ્યો હતો. દૂર દૂર સુધી બરફના ટુકડા તથા બિંદુઓ વરસી રહ્યા હતા. લાગતું હતું જાણે સોનું વરસી રહ્યું હોય. એ મહાન ઋષિના આવવાથી ચારે બાજુ ગરમીનું વલય જાણે કે રચાઈ ગયું. નહિ તો રાત્રિ સમયે આ વિકટ ઠંડી અને હવાના હિલોળામાં સામાન્ય રીતે નીકળવાનું શક્ય ન બન્યું હોત. દુસ્સાહસ કરવાથી આ વાતાવરણમાં શરીર જકડાઈ ગયું હોત.

એનો અંતરાત્મા કહી રહ્યો હતો કે જેના માટે એને બોલાવવામાં આવ્યો હતો એ ઘડી આવી પહોંચી. ગુરુદેવે મૌન રહીને જ એને ઇશારો કર્યો અને એ ચૂપચાપ એમની પાછળ ચાલી નીકળ્યો. આશ્ચર્ય ! ખરેખર એને મહાન આશ્ચર્ય થયું કે એના પગ જમીન પરથી ઉપર ઊઠી રહ્યા હતા. આકાશગમન – અંતરિક્ષવિહારની સિદ્ધિ એને અનાયાસે જ ગુરુકૃપાથી પ્રાપ્ત થઈ ગઈ હતી. એ અનુભવી રહ્યો કે આ ઊંચા-નીચા બરફના પર્વતો પર ચાલવું આ આશ્ચર્યજનક ક્ષમતા વગર અઘરું જ નહિ કદાચ અસંભવ હતું.

એ એક સાધારણ ગોરા વર્ણનો યુવક હતો. ઉંમર કદાચ સાડત્રીસ-આડત્રીસની હશે. એને સુંદર કહી શકાય. ત્વચામાં કોમળતાની સાથે સાથે એક સાત્ત્વિક તેજની મનોહર ઝલક હતી. ચહેરા પર દાઢી થોડી થોડી વધી હતી. એનાથી ઠરેલપણાનો ભાસ થતો હતો. કેશ બહુ વધ્યા ન હોવા છતાં ખભાને અડતા હતા. મુખમંડળ જોઈને એની પારદર્શી સચ્ચાઈ, નિષ્ઠા અને નિગ્રહ કોઈપણ પારખી શકે એમ હતું. હોઠ ઉપર સદૈવ સત્ય બિરાજમાન હતું. સતત ઉપવાસ અને કઠોર તપશ્ચર્યા છતાં પણ શરીર સુદઢ હતું. કષ્ટ વેઠ્યાનો થાક હોવા છતાં પણ એ ઓજસ્વી હતો.

લાંબા સમય સુધી એ પોતાના માર્ગદર્શકની પાછળ પાછળ ચાલતો રહ્યો. આ ચાલવું પણ અદ્ભુત લાગતું હતું. એના પગ ભૂમિને સ્પર્શ કર્યા વગર આગળ વધી રહ્યા હતા. જિજ્ઞાસા એને નીચે જોવા માટે પ્રેરી રહી હતી. પણ એ ગરદન નમાવી શક્યો નહિ. કોઈ સ્પંદનશક્તિ ચમત્કારી રીતે એના શરીર પર કબજો જમાવીને બેઠી હતી. એ રોજની જેમ ચાલતો હતો પણ હવા પર શરીર અત્યંત હલકું ભારહીન લાગતું હતું. જેમ જેમ એ આગળ ડગલાં માંડતો તેમ તેમ એનું શરીર તરતું તરતું આગળ જતું હતું. અચાનક એનું શરીર ઉપર તરફ જવા લાગ્યું અને એ બરફથી ઢંકાયેલાં ઊંચા શિખરોને પાર કરતો દૂર સુધી ફેલાયેલાં મેદાનો પર પોતાના ગુરુદેવે સાથે ઊતરી ગયો.

બરફનાં શિખરોની વચ્ચે એ વિસ્તૃત મેદાન એને અદ્ભુત લાગ્યું. ત્યાં કોઈ સભા કે વિચાર-ગોષ્ઠિનું આયોજન શરૂ થઈ રહ્યું હતું. સફેદ ચમકદાર અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મોટી જુદી જુદી સાત શિલાઓ પર સાત મહર્ષિઓ બેઠેલા હતા. એમની જ પાસે મખમલી ભૂમિ પર અન્ય દિવ્ય દેહધારી ઋષિસત્તાઓ તેમ જ દેવશક્તિઓ બિરાજમાન હતી. એ બધાના શરીરમાંથી નીકળતો પ્રકાશ સમગ્ર વાતાવરણને ઉજાસથી ભરી રહ્યો હતો. એણે જોયું કે વાદળહીન આકાશમાં ચંદ્રમાના નેતૃત્વ હેઠળ બધા જ તારાઓ ધરતી અને હિમશિખરો પર પોતાની જ્યોતિધારાઓ ઠલવવા તત્પર હતા. પાસે જ ક્યાંક સરોવરના પાણીનો કલરવ વાતાવરણને સંગીતમય બનાવી રહ્યો હતો અને હિમાલયના ઊંચા ઊંચા બરફથી ઢંકાયેલાં શ્વેત-ધવલ શિખરો શાશ્વત પ્રહરીના રૂપમાં રખેવાળી કરતા હતા.

આ ગુરુ-શિષ્યને જોઈને બધાની આંખોમાં ચમક આવી ગઈ, જાણે એમને આ બંનેની જ પ્રતીક્ષા હતી. ગુરુએ સ્ફટિક જેવી સફેદ શિલાઓ પર બેઠેલા ઋષિઓ-સપ્તઋષિ મંડળના સભ્યો – ગૌતમ, ભારદ્વાજ, વિશ્વામિત્ર, જનદગ્નિ, વશિષ્ઠ, કશ્યપ અને અત્રિનો શિષ્યને પરિચય કરાવ્યો. એમના જ માર્ગદર્શનથી અને નેતૃત્વથી અન્ય દિવ્યધારી ઋષિલતાઓ અને દેવશક્તિઓ સૃષ્ટિની સૂક્ષ્મ વ્યવસ્થાનું સંચાલન કરે છે. વત્સ ! આ જ છે હિમાલયનું યથાર્થ દિવ્યરૂપ. આ જ છે એ વિભૂતિઓ જેમના કારણે પર્વતરાજ હિમાલયનું યશોગાન થાય છે. ચમત્કૃત ગુરુવાણી સાંભળીને શિષ્ય અને કૃતકૃત્ય થઈ ગયો હતો, ત્યારે સપ્તઋષિઓના સમાન સ્વરો એની ચેતનામાં ઉભરાયા. હિમાલયનો દિવ્ય સંદેશ તું માનવસમાજમાં પ્રસારિત કરી શકે, એને સંભળાવીએ માટે જ અમે બધાએ તને અહીં બોલાવ્યો છે. આ એ જ હિમાલય છે જેના ખોળામાં માનવીએ પહેલી વાર પોતાની આંખો ખોલી છે. એની જ છત્રછાયામાં માનવીય સંસ્કૃતિની શરૂઆત થઈ છે. સૌ પ્રથમ વાર વેદના મંત્રો અહીં જ ગુંજયા હતા. એ જ દેવાત્મા ક્ષેત્રમાં એ આવિષ્કારો અને અનુસંધાનો થયાં જેણે માનવીને ભૌતિક સમૃદ્ધિ અને આધ્યાત્મિક ઉત્કર્ષ આપ્યો. એના જ આશ્રય અને સામીપ્ય પામીને ભારતે 'સ્વર્ગાદપિ ગરિયસી'નો મહિમા પ્રાપ્ત કર્યો હતો. ભારતભૂમિ દેવભૂમિ અને ભારતવાસીઓ દેવગણ સ્વરૂપે વિશ્વવિખ્યાત થયા હતા.

પરંતુ આજે તો સંકોચવશ આગળ કશું કહી જ ન શક્યો.

અમને ભારત તેમ જ વિશ્વની પ્રવર્તમાન પરિસ્થિતિઓની જાણકારી છે આયુષ્યમાન, નવ-સર્જનના પ્રેરક મહર્ષિ વિશ્વામિત્ર કહી રહ્યા હતા. આજે જે પણ વર્તમાન સમસ્યાઓ છે એકબીજા સાથે સંકળાયેલી છે, એ સમસ્યાઓ પર્યાવરણની હોય, અણુ-શસ્ત્રોની હોય કે અનીતિ, ભ્રષ્ટાચારની હોય કે દુષ્કાળ-રોગચાળાની હોય. બધાની પાછળ માનવીની દુર્બુદ્ધિ કામ કરી રહી છે. જ્યારે માનવીય બુદ્ધિની શુદ્ધિ થાય ત્યારે જ સમાધાન સંભવ છે.

માનવીય બુદ્ધિની શુદ્ધિ ? એને મહર્ષિની વાત અટપટી લાગી.

હા, આયુષ્યમાન ! બીજા શબ્દોમાં એને વિચારક્રાન્તિ કહી શકાય. જે ગાયત્રી મંત્રની તે વર્ષો સુધી સાધના કરી છે એ સાચા અર્થમાં વિચારક્રાંતિનું જ મૌલિક સૂત્ર છે. આ માનવીય વૃત્તિઓ તેમજ વિચારોને સન્માર્ગ તરફ પ્રેરિત કરનારો મંત્ર છે. સત્પ્રવૃત્તિ-સંવર્ધન તેમજ દુષ્પ્રવૃત્તિ-ઉન્મૂલનનું અસરકારક ચિંતન એમાં સમાયેલું છે.

સદ્‌વિચારોની સાથે સત્કર્મોનો પાઠ ભણાવવા માટે માનવીને યજ્ઞીય જીવનનો મર્મ સંદેશ આપવો પડશે. મહર્ષિ જમદગ્નિનો સ્વર હતો કે માનવીને 'ઇદં ન મમ'નો મર્મ સમજાવવો પડશે.

પરંતુ બુદ્ધિવાદી તેમ જ ભોગપરાયણ મનુષ્ય આજે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સદ્‌વિચારો તેમ જ સદ્‌જ્ઞાનને કેવી રીતે સ્વીકારી શકશે ? સાધકના પ્રશ્નમાં વજૂદ હતું. 'યાવદ્‌ જીવેત્‌ – સુખમ્‌ જીવેત્‌'ની નીતિ-રીતિ ચાલતી હોય, એમાં હોડ લાગી હોય એવાંમાં ત્યાગની વાતો એ કેવી રીતે સમજી શકશે ?

એના આ પ્રશ્નથી ઋષિસમુદાય વિચારમાં પડી ગયો. દેવશક્તિઓ વિચારમગ્ન થઈ ગઈ. તો માનવ-સમાજનો અભ્યુદય કેવી રીતે સંભવ બનશે ?

થોડી ક્ષણો પછી સપ્ત મહર્ષિઓના મુખ પર હળવું સ્મિત છવાઈ ગયું. તેઓ કહેવા લાગ્યા, વત્સ ! સદ્‌વિચારોને ઉન્નત આદર્શો સહિત જનજીવન સમક્ષ પ્રસ્તુત કરો. ભૂતકાળના મહામાનવોના જીવનની પ્રેરણાદાયક ઘટનાઓને વર્તમાન સમસ્યાઓના પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત કરવાથી જનસાધારણના અંતઃકરણમાં આદર્શવાદી માન્યતાઓ ઉદ્‌ભવશે. એ આદર્શોને અપનાવવા માટે અગ્રેસર થશે.

સપ્ત ઋષિઓના આ વિચારમંથનથી સમસ્ત ઋષિસમુદાય તેમ જ દેવશક્તિઓ સંમત હતી. બધાંને લાગ્યું કે અતીતના મહાપુરુષો અને મહાન સ્ત્રીઓના ગૌરવશાળી જીવનપ્રસંગોને જોઈને જનભાવનાઓ જાગૃત થઈને જ રહેશે. એ બધાના જીવનમાં આદર્શવાદિતા, કર્તવ્યનિષ્ઠા, રાષ્ટ્રપ્રેમ, સમાજસેવા જેવાં તત્ત્વોને સ્થાન મળશે.

સપ્ત મહર્ષિઓ એને કહી રહ્યા હતા 'આયુષ્ય-માન !' ગાયત્રી મંત્રની સતત સાધના તેમ જ ગુરુના અનુગ્રહે તેને પ્રજ્ઞાપુરુષ બનાવ્યો છે. હવે જન-જનની બુદ્ધિની શુદ્ધિ કર, એમની સંવેદનાઓને જાગૃત કર. એમને પ્રજ્ઞાપુત્ર બનાવ. ભાવનાઓથી સભર એવી શુદ્ધબુદ્ધિ જ તો પ્રજ્ઞા છે. આવા પ્રજ્ઞાવાન આત્માઓ જ માનવીને ઉજ્જ્વળ ભવિષ્યનો માર્ગ બતાવશે.'

પોતાના માર્ગદર્શકની સાથે સાથે એ પોતે પણ આ દિવ્ય ઋષિઓની કૃપા તેમ જ આશીર્વાદ પામીને ધન્યતાનો અનુભવ કરી રહ્યો હતો. દૈવી ઊર્જાથી એનું શરીર આભામય થઈ ગયું. એની આંખોમાં પહેલાં કરતાં પણ વધુ રહસ્યાત્મક તેજ ઝળકવા લાગ્યું. એનું ધીરગંભીર મુખમંડળ ધગધગતા સૂર્યની જેમ ચમકવા લાગ્યું. શીતળતાની અનુભૂતિ નષ્ટપ્રાય થઈ ગઈ. બધાંને ભક્તિભાવપૂર્વક અને વિહ્‌વળ મને પ્રણામ કરી એ પોતાના દિવ્ય ગુરુની સાથે પાછો વળ્યો.

થોડા જ સમયમાં હિમાલયના દિવ્ય ક્ષેત્રનું પ્રવેશદ્વાર આવી ગયું. એના ગુરુ જાણે કે શિખર પર હતા. પ્રેરક મનઃસ્થિતિમાં હતા. કહેવા લાગ્યા, વત્સ ! આજે જુદા પડતાં પહેલાં વાસ્તવિક સંદેશ આપવા માગું છું. વિશ્વાસ રાખ, માનવીની આત્મશક્તિ અવિનાશી છે. એનો અમર્યાદ વિસ્તાર થઈ શકે છે. એનો વૈભવ અસીમ છે. એક દિવ્ય તત્ત્વ માનવદેહમાં ચેતના ઉત્પન્ન કરે છે. એ તત્ત્વ આપણી અંદર પણ હોય છે અને બહાર પણ. એ શાશ્વત અને પરોપકારી હોય છે. પ્રત્યેક વ્યક્તિ એને અનુરૂપ જીવન વિતાવી વૈભવશાળી બની શકે છે અને એની વિરુદ્ધ વર્તન કરી વિનાશ પણ નોંતરી શકે છે. હવે જા અને પોતાના દેશવાસીઓ સમક્ષ સમગ્ર માનવજાતિ સમક્ષ આદર્શ મહામાનવોનાં પ્રેરક ચરિત્રોને હૃદયસ્પર્શી શૈલીમાં પ્રસ્તુત કર કે જેથી એ આત્મવિનાશ તરફથી આત્મસૃજન તરફ અગ્રેસર થઈ શકે. દિવ્ય-ગુરુના સંદેશને શિષ્યે શ્રદ્ધાપૂર્વક સ્વીકાર્યો અને એ હિમશિખરો તરફથી જનકુળ તરફ પછી સમાજ તરફ વળ્યો.

• •

આદર્શોને અપનાવવાની હિંમત કરવી એનું નામ જ અવતાર. એ ભાવનાઓના પૂરની માફક ઊમટે છે અને બધામાં નવો પ્રાણ પૂરે છે.

– પરમપૂજ્ય ગુરુદેવ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

# ઉપાસના, સાધના અને આરાધના

(માર્ચ ૧૯૮૦માં શાંતિકુંજ સંકુલમાં કરેલું ઉદ્‌બોધન)

સૌ અમારી સાથે ગાયત્રી મંત્ર બોલો -

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।**

**દેવીઓ અને સજ્જનો,**

ગાયત્રી મંત્ર ત્રણ ભાગમાં વહેંચાયેલો છે. સમગ્ર આધ્યાત્મિક સાધનાનો અર્ક આ ત્રણ ભાગમાં વહેંચાયેલો છે. એ છે - ઉપાસના, સાધના અને આરાધના. તમે કદાચ અગરબત્તી સળગાવીને ઉપાસના પૂરી થઈ ગઈ એમ માની લેતા હશો. પણ અમે એવું નથી કરતા. અમે અગરબત્તી સળગાવીને પ્રારંભ તો જરૂર કર્યો છે, પરંતુ પૂર્ણાહુતિ નથી કરી. અમે અધ્યાત્મના ઘણા ખરા સિદ્ધાંતોને અમારા જીવનમાં ઉતારવાનો પ્રયાસ ચોક્કસ કર્યો છે. તમે ત્રિવેણીમાં સ્નાન કર્યા પછી કાગડો કોયલ બની જાય છે. એ વાત સાંભળી હશે. અમે પણ ઉપાસના, સાધના અને આરાધનાના ત્રિવેણી સંગમમાં સ્નાન કર્યું છે. હકીકતમાં એ જ અધ્યાત્મનું સાચું શિક્ષણ છે.

ઉપાસના એટલે ઈશ્વર પાસે બેસવું. પાસે બેસવાનો પણ એક વિશિષ્ટ પ્રભાવ હોય છે. ચંદનવૃક્ષની પાસે ઉગેલા છોડવા પણ સુગંધિત બની જાય છે. અમારી પણ એવી જ સ્થિતિ છે. અમે હિમાલયમાં ઉગેલા એક મોટા વૃક્ષ સાથે સંબંધ જોડી દીધો અને અમે સુગંધિત થઈ ગયા. તમે આગમાં સળગતું લાકડું જોયું હશે. અગ્નિના સંપર્કમાં આવવાથી તે પણ લાલ થઈ જાય છે. તમે તેને અડી ના શકો. કારણ કે તે પણ અગ્નિ જેવું જ થઈ જાય છે. આને શું કહેવાય ? આને ઉપાસના એટલે કે પાસે બેસવું એમ કહેવાય. પાસે બેસવું એટલે ચોંટી પડવું, એટલે કે સમર્પણ કરી દેવું. આવા સમર્પણની વિદ્યા અમને અમારા ગુરુએ શીખવાડી, અને અમે સમર્પણ કરતા ગયા. ગામડાની કોઈ ગમાર સ્ત્રીનાં લગ્ન જો કોઈ શેઠ સાથે થાય તો તે શેઠાણી બની જાય. પંડિત સાથે થાય તો તે પંડિતાણી બની જાય છે. આ બધો સમર્પણનો જ ચમત્કાર છે.

મિત્રો ! ઉપાસનાનો અર્થ સમર્પણ છે. તમારે પણ જો શક્તિશાળી કે મહત્ત્વના માણસ બનવું હોય, કોઈ મહાન કાર્ય કરવું હોય તો મહાન ગુરુ સાથે ચોંટવું પડશે. તમે જો સિંહના સંતાન હો તો તમારે પણ સિંહ બનવું જોઈશે. તમે જો ઘોડાના સંતાન હો તો તમારે ઘોડા બનવું જોઈશે. તમે જો સંતના સંતાન હો તો તમારે સંત બનવું જોઈશે. અમે આ વાતનું બરાબર ધ્યાન રાખ્યું છે કે અમે ભગવાનના સંતાન છીએ. એટલે અમારે ભગવાન જેવા બનવું પડશે. પાણીનું ટીપું જ્યારે તેનું અસ્તિત્વ સાગરમાં ભેળવી દે છે ત્યારે તે સમુદ્ર બની જાય છે. આને સમર્પણ કહેવાય. પોતાનું અસ્તિત્વ ઓગાળી નાખવું એટલે જ સમર્પણ. જો ટીપું પોતાના અસ્તિત્વનું સમર્પણ ના કરે તો તે માત્ર ટીપું જ બની રહેશે, સમુદ્ર નહીં. અધ્યાત્મની પરિભાષામાં ભગવાન પ્રત્યેના આવા સમર્પણને ઉપાસના કહેવાય છે. ભગવાન એટલે ઉચ્ચ આદર્શો, ઉચ્ચ સિદ્ધાંતોનો સમુદાય (જથ્થો કે સંગ્રહ). એટલે ઉચ્ચ આદર્શો અને ઉચ્ચ સિદ્ધાંતોને પોતાના આચાર-વિચારમાં ઉતારવાનું નામ જ ઉપાસના. અમે અમારા જીવનમાં આ પ્રકારની ઉપાસના કરી છે. તમારે પણ આવી જ ઉપાસના કરવી જોઈએ.

તમે જાણો છો કે ગોવાળિયાનાં બાળકો એટલાં શક્તિશાળી હતાં કે તેમણે પોતાની લાકડીઓ ઉપર ગોવર્ધન પર્વત ટેકવી લીધો હતો. એ પ્રમાણે રીંછ, વાનરો એટલા શક્તિશાળી હતા કે તેમણે મોટામોટા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પથ્થરો ઊંચકી લાવીને પૂલ બનાવ્યો અને સમુદ્ર ઓળંગી ગયા હતા. શું તે તેમની અંગત તાકાત હતી ? ના બેટા, એ ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીરામ પ્રત્યેના તેમના સમર્પણની શક્તિ હતી જેના આધારે તે એટલા શક્તિશાળી બની ગયા હતા. ભગવાન અથવા ગુરુ સાથે જોડાઈ જવાથી માણસ શુંમાંથી શું બની જાય છે. અમે અમારા ગુરુ સાથે, ભગવાન સાથે જોડાઈ ગયા છીએ તો, તમે અમારી અંદર શું-શું છુપાયેલું છે તે જોઈ શકો છો. મહેરબાની કરીને તમે માછીમારો કે પંખીમારો જેવી ઉપાસના કરશો નહીં. એ લોકો લોટની ગોળીઓ અને ચોખાના દાણા નાખીને તેમને ફસાવીને પકડી લે છે અને મારી નાખે છે. તમે ભગવાનને ફસાવવા માટે જાતજાતનાં પ્રલોભનો ફેંકતા હોય તેવા ઉપાસક બનશો નહીં. વીજળીના વાયર ગોઠવી દીધા હોય પણ જો તેને જનરેટર સાથે જોડ્યા ના હોય તો કરંટ ક્યાંથી આવે ? તે જ રીતે જ્યાં સુધી આપણી અંદર લોભ, મોહ કે અહંકાર ભરેલાં હોય ત્યાં સુધી આપણે ભગવાન પાસે છે એમાંની એકેય વસ્તુ મેળવી શકતા નથી. જો તમે પિતાનું ધ્યાન રાખતા હો અને તેમના આદર્શો કે સિદ્ધાંતો ઉપર ચાલતા હો, તો જ તમે તેમની સંપત્તિના સાચા વારસદાર ગણાવ. જો તમે કહો કે, અમે એમને પિતાજી પિતાજી કહેતા હતા અને પોતાની બધી આવક પોતાના ખિસ્સામાં મૂકતા હતા અને તેમની માંદગી સાથે અમારે કાંઈ લેવાદેવા નહોતી. તો પછી તમને તેમની સંપત્તિનો કોઈ વારસો મળશે નહીં.

સાથીઓ ! અમે ભગવાનને તો નથી જોયા પરંતુ ભગવાનના સ્વરૂપ જેવા ગુરુને પામ્યા છીએ. અમે તેમના પ્રત્યે જાત સમર્પી દીધી છે. તેમની દરેક આજ્ઞાનું પાલન કર્યું છે. એટલા માટે આજે અમે તેની તમામ સંપત્તિના અધિકારી છીએ, વારસદાર છીએ. તમને તો ખબર હશે. વિવેકાનંદે રામકૃષ્ણ પરમહંસને જોયા હતા. સ્વામી દયાનંદે વિરજાનંદને જોયા હતા. ચાણક્ય અને ચંદ્રગુપ્તનું નામ તો સાંભળ્યું જ છે ને ! આ બધાએ પોતપોતાના ગુરુના આદેશો અને આજ્ઞાઓનું પૂરેપૂરું પાલન કર્યું હતુ. શિષ્યો પોતાના ગુરુની અને ભક્ત પોતાના ભગવાનની તમામ આજ્ઞાઓ પાળે છે. એક જમાનામાં સમર્થ ગુરુ રામદાસના આદેશથી શિવાજી આઝાદીની લડાઈ લડવા તૈયાર થઈ ગયા હતા. સમર્પણનો અર્થ જ આવો છે. તમે કદાચ નહીં જાણતા હો કે સમર્પણના કારણે સમર્થ ગુરુ રામદાસની શક્તિ શિવાજીમાં પ્રવેશી ગઈ અને તેના જ કારણે શિવાજી મહાન યોદ્ધા બની ગયા.

તમે નદી કેટલી ઊંડી હોય છે તે જોયું હશે ? ઊંડી અને પહોળી નદી સહેલાઈથી પાર કરી શકાતી નથી, પરંતુ જો તમે હોડીમાં બેસી જાવ તો પછી તમને કે તમારી હોડીને ડૂબવા ન દેવાની જવાબદારી નાવિકની થઈ જાય છે. તેથી નાવિક તમને પાર ઉતારી દે છે. એ જ રીતે જ્યારે આપણે કોઈક ગુરુ અથવા ભગવાનને નાવિક ગણીને સમર્પણ કરી દઈએ તો તે આપણને ભવસાગર તારે છે. અમારા જીવનમાં આવું બન્યું છે. અમે અમારા ગુરુને ભગવાન બનાવી લીધા છે. અમે એકલવ્યની માફક તેમને જ અમારું સર્વસ્વ માની લીધા છે - અમે તેમને એક બાપજી, સ્વામીજી કે માત્ર ગુરુ નથી માન્યા. ભગવાન માન્યા છે. આ રીતે અમને ભગવાનની શક્તિઓ મળતી રહે છે. પહેલાં અમે નાનો બલ્બ લગાડ્યો હતા એટલે ઓછી શક્તિ મળતી હતી. હવે અમે મોટો બલ્બ લગાડ્યો છે. તેથી વધારે શક્તિ મળે છે. અમને જ્યારે, જેટલું જોઈએ તેટલું મળી રહે છે. અમારે આગળ ઉપર મોટાં કારખાનાઓ લગાડવાં છે. મોટાં કાર્યો કરવાં છે એટલે અમે તેમને જણાવી દીધું છે કે, અમને વધારે શક્તિની જરૂર પડશે. તમે અમારું ટ્રાન્સફોર્મર વિશાળ બનાવી આપો. એટલે હવે તે અમારા ટ્રાન્સફોર્મરને મોટું બનાવવાના છે. તમારે પણ જો લાભ ઉઠાવવો હોય તો જેમ અમે અમારા ગુરુ પ્રત્યે સમર્પણ કર્યું છે. તે જ રીતે તમે પણ ગુરુ પ્રત્યે તેને ભગવાન માનીને સમર્પણ કરી જુઓ. એ દિશામાં આગળ વધો. અમે ઉપાસના કરતાં શીખીને હવે હંસ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બની ગયા છીએ. તમારે પણ આવું જ કરવું પડશે. એના વગર ઉપાસના નહીં થઈ શકે. તમે પૂરું મન લગાડીને, પૂરી તાકાત લગાડીને ઉપાસના કરવા માંડો, અને અમે મેળવ્યા છે તેવા લાભ મેળવી લો. આ જ ઉપાસના છે.

સાધના કોની કરવી ? ભગવાનની ? અરે ભગવાનને તો કોઈ સાધનાની વાત સાંભળવાનો પણ વખત નથી અને તેને સાધી પણ શકાતો નથી. આપણે જે સાધના કરીએ છીએ તે ખરેખર આપણા માટે જ હોય છે. આપણે આપણી જ સાધના કરીએ છીએ. 'સાધી લેવું' એટલે સાધના. પોતાની જાતને સંભાળવી, સુધારવી, તપાવવી કે શક્તિશાળી બનાવવી – આ બધા સાધનાના જ અર્થો છે. અમે તમને સાધના વિષે સરકસનાં પ્રાણીઓનું ઉદાહરણ આપીએ. હાથી, ઘોડા, સિંહ વગેરે પશુઓ જ્યારે પોતાની જાતને સાધી લે છે. ત્યારે કેવા કેવા ચમત્કારો બતાવે છે ! સધાયેલાં પ્રાણીઓ પોતાના માલિકનું ગુજરાન ચલાવવા માટે અને લોકોનું મનોરંજન કરવા માટે સમર્થ હોય છે. આવા સધાયેલાં પ્રાણીઓ હજારો લોકોને પગાર અપાવે છે. તેમનું પાલન-પોષણ કરે છે. તેમને કઈ રીતે સાધવામાં આવે છે ? બેટા, એમને રીંગમાસ્ટરના કોરડા વડે સાધવામાં આવે છે. તે તેમને હંટર કે ચાબૂક ફટકારીને સાધે છે. એના સિવાય તેને ખેલ બતાવવાનું કહેશો તો તે તૈયાર નહીં થાય. ઊલટાના ક્યાંક તમારી કે રીંગમાસ્તર ઉપર હુમલો કરી બેસશે.

સાધનાનું પણ આવું જ છે. માણસના મન ઉપર ચાબૂક મારવાથી, તેને તપાવવાથી કે ગરમ કરવાથી તે વશમાં આવે છે. એટલા માટે જ તપસ્વીઓ તપ કરતા હોય છે. ગુજરાતી અને હિંદીમાં એને 'સાધના' કહેવાય છે, જ્યારે સંસ્કૃતમાં એને તપસ્યા કહેવાય છે. એ બંને એક જ છે. આમ પોતાની જાતને તપાવવી એટલે સાધના. જો ખેતર બરાબર ખેડેલું ના હોય તો એમાં વાવણી પણ બરાબર નહીં થાય. એટલા માટે સારો પાક લેવો હોય તો પહેલાં કાંકરા પથરા-વીણીને ખેતરમાં સારી પેઠે ખેડ કરવી ખૂબ જરૂરી છે. ત્યારબાદ તેમાં વાવણી કરી શકાય. કપડાને બરાબર ધોયા પછી જ રંગી શકાય. ધોયા વગરના કાપડને રંગી ના શકાય. મેલાઘેલા કાપડ ઉપર રંગ બરાબર ચઢી ના શકે.

મિત્રો ! આ જ પ્રમાણે રામનું નામ લેવું એ એક જાતનું રંગકામ જ છે. પ્રભુભક્તિ માટે ચોખ્ખાં કપડાં જરૂરી છે. મા પોતાના બાળકને ખોળામાં બેસાડે છે. પરંતુ જ્યારે તે ઝાડોપેશાબ કરે ત્યારે પહેલાં તેને સાફ કરે છે. તેના કપડાં બદલે છે અને પછી ગોદમાં બેસાડે છે. ભગવાનનું પણ એવું જ છે. તેમને મલિન પ્રવૃત્તિઓવાળા માણસો ગમતા નથી. અહીં 'ચોખ્ખાઈ'નો અર્થ કપડાની બાહ્ય સફાઈનો નથી. આપણા અંતઃકરણની શુદ્ધતાનો છે. તેને સુધારવું કે સાફ કરવું પડે છે. તપસ્યા કે સાધના એનું જ નામ છે. આપણી અંદર રહેલી ભૂલો, ખામીઓ, દોષો, વિકારો કે દુર્ગુણોનો નાશ કરવો અને એને માટે અગવડ ઉઠાવવી એનું નામ જ તપસ્યા છે. એનું નામ જ સાધના છે. તેને બીજા શબ્દોમાં લાયકાત કે પાત્રતા કેળવવી અથવા યોગ્યતા વિકસાવવી એમ કહી શકાય. કહેવાનો અર્થ એટલો કે વરસાદમાં પ્યાલો, વાટકો જે પાત્ર મૂકી રાખશો તેમાં તટલું જ પાણી ઝીલાશે. એ જ રીતે તમારી જેટલી પાત્રતા હશે તેટલા જ પ્રમાણમાં તમે ઈશ્વરના સ્નેહ અને અનુકંપા પ્રાપ્ત કરી શકશો.

ઘોડો જેટલી ઝડપે દોડી શકતો હોય તેટલા જ પ્રમાણમાં તેની કિંમત અંકાય છે. ગાય જેટલું દૂધ આપતી હોય એને અનુસાર એનું મૂલ્ય થાય છે. જો તમારું કમંડળ કાણું હશે તો તેમાં ભરેલી વસ્તુ વેરાઈ કે ઢોળાઈ જશે. હોડીમાં જો છિદ્ર હશે તો તે પાર નહીં ઊતરે એટલે તમે તમારા વાસણમાં રહેલાં છિદ્રો દૂર કરવાનો પ્રયત્ન કરો. અમે અમારાં છિદ્રો પૂરવા માટે જીવનભર પરિશ્રમ કર્યો છે. વાસના, તૃષ્ણા અને અહંકાર – આ ત્રણેય ગાબડાં માણસને આગળ વધતાં-પાર ઉતરતાં અટકાવે છે. એને આપણે ભવબંધન કહીએ છીએ. તમારું મન જો સાંસારિક વિષયોમાં વધુ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પડતું આસક્ત હોય તો પછી તમે આધ્યાત્મિક બાબતોમાં આગળ કઈ રીતે વધશો ? તમારું મન ઉપાસના કે પૂજામાં ક્યાંથી લાગશે ? બંદૂકથી જો બરાબર નિશાન તાકી ના શકે તે કેમ ચાલે ? ક્યારેક અહીં તો ક્યારેક તહીં એમ તેનું મન જો આમતેમ ભટકતું હોય તો પછી તેનાથી નિશાન કઈ રીતે વીંધી શકાશે ? તમારું મન જો અનેક જગ્યાએ ચોંટેલું હશે તો પછી તમે વિજેતા બની નહીં શકો. ભગવાન તો તમને અપનાવવા માટે હાથ ફેલાવીને ઊભા છે. પરંતુ વાસના, તૃષ્ણા અને અહંકારની ત્રણ બેડીઓએ તમારા હાથ જકડી રાખ્યા છે. તમારે તેને કાપવી જ પડશે. તોડવી જ પડશે. જો તમે તમારા હાથ છૂટા નહીં કરો તો પછી તમે ભગવાનની ગોદમાં કેવી રીતે બેસી શકશો ?

મિત્રો ! સાધનામાં તમારે તમારા મનને સમજાવવું પડશે. જો તે માને નહીં તો પછી તમારે તેને ઠપકારવું-ફટકારવું પડશે. બળદ જો બરાબર હળ ના ખેંચતો હોય, અથવા ઘોડો જો બરાબર ના દોડતો હોય તો તેને મારવા કે ફટકારવા પડે છે. અમે અમારી જાતને એવી ફટકારી છે, ઠોકી છે કે વાત ના પૂછો. અમે અમારી જાતને ધોવા માટે પ્રયત્ન કર્યા છે. આવી ધોલાઈ-સફાઈને કારણે આજે અમે નવા નકોર કપડા જેવા ચમકદાર ઉજ્જવળ થઈ ગયા છીએ. જેમ કપાસ પીંજાઈને ચોખ્ખા રૂના વિશાળ પોલ જેવો થઈ જાય છે અને જેમાંથી નવું સર્જન, નવી રચના થાય છે, તેવી જ રીતે અમે અમારી જાતને પીંજવાનો પ્રયાસ કર્યો છે.

ભગવદ્ભજન અને ભગવદ્ નામસ્મરણ કરવા માટે પોતાની જાતને સુધારવી એ પરમ આવશ્યક છે. વાલિયા લૂટારાએ જ્યારે આવું કાર્ય કર્યું ત્યારે તે ભગવાનનો પરમપ્રિય ભક્ત વાલ્મિકી બની ગયો. તેમની વાણીમાં એક શક્તિ આવી ગઈ. તેણે પહેલાં લૂટફાટ (ખરાબ પ્રવૃત્તિ) છોડી દીધી અને પછી ભગવાનનું નામ લીધું તો તે સફળ થયો. કહેવાનું તાત્પર્ય એટલું કે પહેલાં તમે તમારી જાતને ધોઈને એટલી સ્વચ્છ અને નિર્મળ બનાવો કે જેથી ભગવાનને તમને પ્રેમ કરવાની ફરજ પડે. રામ નામના મહત્ત્વ કરતાં તમારી જીભની મહત્તા વધારે છે. તમે જીભ કાબૂમાં રાખશો તો જ સફળતા મળશે. તમે અનીતિની કમાણી છોડીને પ્રામાણિકતાની કમાણી ખાવાનું શરૂ કરો તો જ સફળતા મળશે.

અમે અમારી જીભ સાફ કરી છે. તેની ઉપર નિયંત્રણ મેળવી લીધું છે. અમે જીભને, ગુરુનું નામ લઈને જે પણ વરદાન આપીએ એ સફળ થઈ જાય. એટલી યોગ્ય બનાવી છે. તમે પણ જીભને યોગ્ય બનાવો, તમારી જાતને કેળવો. જીવનમાં સાદાઈ અને ઉચ્ચ વિચારો અપનાવો. આવા આદર્શોને જીવનનું અંગ બનાવી દો તો જ કામ ચાલશે. તમારે પેટ ભરવા બે મુઠ્ઠી અનાજ અને અંગ ઢાંકવા બે મીટર કાપડ જોઈએ. એ તો તમે તમારા શરીરના ઉપયોગથી સહજ રીતે મેળવી શકો એમ છો. તો પછી તમે તમારા જીવનને શુદ્ધ અને પવિત્ર શા માટે બનાવતા નથી ? જો તમે આ કાર્ય કરી શકશો તો તમે ભગવાનની ગોદમાં બેસવાના અધિકારી બની જશો. આમ કરીને માણસ ઘણાં બધાં કાર્યો પાર પાડી શકે છે.

સાદા જીવનનો અર્થ છે કસાયેલું, કેળવાયેલું સુધારેલું જીવન. તમારે સાદાઈભર્યું જીવન જીવવાની ટેવ પાડવી પડશે. મોજમજા કરતાં કરતાં લાલચી અને લોભી જીવન જીવતાં જીવતાં રામનામ લીધે રાખવાથી તમે શું તે સાર્થક નીવડશે એમ ધારો છો ? નહીં, એ ક્યારેય સાર્થક નહીં નીવડે. આપણા ગુરુઓએ, મહાપુરુષોએ આવું જ શિક્ષણ આપ્યું છે. જે લોકો મહાન બન્યા છે, ઉત્કૃષ્ટતા મેળવી છે, તે સૌએ જાતને તપાવી જ છે. તમે કોઈ પણ મહાપુરુષનું જીવનચરિત્ર વાંચશો તો જણાશે કે, તેમણે પોતાની જાતને તપાવ્યા પછી જ વર્ચસ્વ મેળવ્યું હોય છે અને પછી તેઓ જ્યાં પણ ગયા ત્યાં ચમત્કારો સર્જતા ગયા, માથું કાપવા માટે પહેલાં તલવારની ધાર કાઢવી પડે છે. તેને ઘસીને તીક્ષ્ણ બનાવવી પડે છે. પ્રગતિ કરવા માટે તમારે પણ તમારી જાતને તપાવવી પડશે, ઘસવી પડશે. અમે તો એક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વાત શીખ્યાં છીએ કે, પોતાની જાતને વધુને વધુ ઘસતા અને તપાવતા જ રહીએ અને વધુને વધુ સમાજસેવા કરતા જઈએ. સમાજસેવા કરવી એ જ અમારું જીવનધ્યેય છે. જો તમે પણ એમ કરશો તો તમે પણ અમારા જેટલો લાભ મેળવી શકશો.

સાધના પછી હવે હું તમને આરાધના વિષે સમજાવું કે આરાધના શું છે ? અને કોની આરાધના કરવી જોઈએ ? આરાધના એટલે જનકલ્યાણ અને સમાજસેવા. સેવાધર્મ એ એવો રોકડો વ્યવહાર છે કે જે હાથોહાથ તરત જ ફળ આપે છે. તેમાં પહેલાં કશુંક વાવવું કે રોપવું પડે છે. આજથી ૬૦ વર્ષ પહેલાં અમારા પૂજ્ય ગુરુદેવે અમારે ઘેર પધારીને અમને દીક્ષા આપી હતી અને કહ્યું હતું કે તું રોપવાની અને લણવાની વાત ક્યારેય ભૂલતો નહીં. કોઈ પણ વસ્તુ ક્યાંયથી મફત મળતી નથી. ગુરુ કે ભગવાન પાસેથી પણ નહીં. પહેલાં વાવો અને પછી લણો, એ જ શક્ય છે. આપણે અનાજનો એક દાણો વાવીએ તો તે હજારો ગણો વધી જાય છે. ઘઉં, બાજરી, મકાઈ બધાં જ અનાજને આ લાગુ પડે છે. એમણે અમને કહ્યું કે, મફત ખાવાની કે મેળવવાની વિદ્યા અને માગીને મેળવવાની કળા છોડી દે. વાવવા અને લણવાની વિદ્યા શીખ તો તેનાથી તને લાભ થશે. તેમણે એ માટેનું વિધાન પણ જણાવ્યું કે તારે ચોવીસ વર્ષ સુધી ગાયત્રીનાં મહાપુરશ્ચરણો કરવાં પડશે. એટલા સમય સુધી તારે જારના રોટલા અને છાશ ઉપર રહેવું પડશે. એમણે જે કાંઈ વિધિવિધાન બતાવ્યાં તે તમામ અમે નોંધી લીતાં હતાં. તેમાં એમણે એક નવી વિધિ બતાવી. એ વિધિ વાવવા અને લણવાની હતી. તેમણે કહ્યું કે, તારી પાસે જે કાંઈ હોય તે ભગવાનના ખેતરમાં વાવી દે. એમણે કહ્યું, તારી પાસે ચાર વસ્તુ છે. એમાંની ત્રણ ભગવાને આપી છે અને ચોથી તારી કમાયેલી છે.

શરીર, બુદ્ધિ અને ભાવના - આ ત્રણ વસ્તુ તો ઈશ્વરે આપેલી છે. આ ત્રણેય સ્થૂળ શરીર, સૂક્ષ્મ શરીર અને કારણશરીરનાં પ્રતીકો છે. તેમાં ત્રણ વસ્તુઓ સમાયેલી છે. સ્થૂળ શરીરમાં શ્રમ,સૂક્ષ્મ શરીરમાં મન અને કારણશરીરમાં ભાવના. એ સિવાયની ચોથી વસ્તુ છે - ધન કે સંપત્તિ - જે માણસની પોતાની કમાણી છે. એ ભગવાન નથી આપતા. ભગવાન કોઈને ગરીબ કે અમીર બનાવતા નથી. ભગવાન કોઈને કંગાળ કે તવંગર બનાવતા નથી. તું તારી એ કમાણીને પણ વાવી દે. અમે પૂછ્યું કે તેને ક્યાં વાવવાની છે ? તેમણે કહ્યું કે, ભગવાનના ખેતરમાં. અમે પૂછ્યું કે, ભગવાન અને તેનું ખેતર ક્યાં છે ? તેમણે ઈશારાથી અમને બતાવ્યું કે, આ આખુંય વિશ્વ ભગવાનનું ખેતર છે. ભગવાન વિરાટ છે. તેને વિરાટ બ્રહ્મ કહેવાય છે. ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને આ વિરાટ બ્રહ્મનાં જ દર્શન કરાવ્યાં હતાં. એમણે કૌશલ્યાને રામના મુખમાં પણ એનું જ દર્શન કરાવ્યું હતું. અમારા ગુરુએ કહ્યું કે, આપણે તમામ કાર્યો આ સમગ્ર સૃષ્ટિ માટે જ કરવાં જોઈએ. એ જ ભગવાનની સાચી પૂજા ગણાય છે. અને તેને જ આરાધના કહેવાય છે.

એમણે અમને ઉપરની ચાર વસ્તુઓ આ વિરાટ બ્રહ્મના ખેતરમાં વાવવાનો આદેશ આપ્યો. એટલે કે, જનકલ્યાણ, લોકસેવા કર. તું તારી તમામ તાકાત જનકલ્યાણ માટે, લોકોના ઉત્થાન માટે, લોકોને ઉન્નત અને સંસ્કૃત બનાવવા પાછળ ખર્ચી નાખ. અને પછી તે હજાર ગણી થઈ જાય છે કે નહીં તે તું જોઈ લે. તારી પાસેની ચાર વસ્તુઓને સમાજસેવામાં લગાડી દે. પછી તને રિદ્ધિ-સિદ્ધિ મળે છે કે નહીં તે જોઈ લે. એ બધુંય તારી આગળ-પાછળ ફરશે. તું સમૃદ્ધ બની જઈશ. એટલે અમે તૈયાર થઈ ગયા. અમે મક્કમ નિર્ધાર કરી લીધો. તેમણે પૂછ્યું કે, તારી પાસે કઈ કઈ વસ્તુઓ છે ? અમે કહ્યું કે, અમારું શરીર. અમે સૂર્યોદય પહેલાં ભગવાનનું નામ લીધું છે. એટલે કે ભજન કર્યું છે. બાકીનો આખો દિવસ અમે ભગવાનનું જ કાર્ય કર્યું છે. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો બધો જ સમય અમે ભગવાન માટે સમાજસેવા માટે ખર્ચ્યો છે.

બીજું અમારી પાસે બુદ્ધિ છે. આજે લોકો કોણ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જાણે કેવાં કેવાં ખોટાં કાર્યોમાં બુદ્ધિ વાપરે છે. આજે લોકો ભેળસેળ, ચોરી અને એનાં જેવાં બીજાં કામો પાછળ બુદ્ધિ વાપરે છે. અમે અમારી બુદ્ધિ સારાં કાર્યો માટે વાપરવાનો અને તેના દ્વારા સમાજ અને દેશને ઉન્નત બનાવવાનો નિર્ણય કર્યો. આમ અમે અમારી બુદ્ધિને (એટલે કે સમગ્ર મનને) ભગવાનના કાર્યમાં ખર્ચી.

બીજું અમારી પાસે શું હતું ? અમારી પાસે લાગણી, ભાવના કે સંવેદના હતી - એ પણ અમે અમારા કુટુંબ કે દીકરાદીકરીઓ માટે નથી વાપરી. અમે અમારી ભાવનાનો ઉપયોગ હંમેશાં આ સંસારના બધા માણસોના દુઃખદર્દના નિવારણ માટે કર્યો. અમે હંમેશાં અમારું સુખ બીજાને કઈ રીતે વહેંચી શકાય એનો વિચાર કર્યો. જો કોઈને દુઃખ હોય તો તેમાં કઈ રીતે ભાગીદાર બનાય તેનો વિચાર કર્યો. અમે આખી જિંદગી આવું કાર્ય જ કર્યું છે. એ સિવાય જે કાંઈ ધન હતું તે પણ ભગવાનનાં કાર્યો પાછળ ખર્ચી નાખ્યું. તેમાંથી અમને એટલું બધું મળ્યું કે વાત ના પૂછો. લોકો અમને કેટલો પ્રેમ કરે છે. તે કદાચ તમે નહીં જાણતા હો. લોકો અહીં આવીને કહે છે કે જો અમને ગુરુજીનાં દર્શન થયાં હોત તો કેવું સારું થાત. એ શું બતાવે છે ? એ છે પ્રેમ, જે અમે લોકોને આપ્યો છે. એ છે સ્નેહ જે અમે લોકો પાસેથી મેળવ્યો છે. ગાંધીજીએ પણ આવો પ્રેમ આપ્યો અને મેળવ્યો હતો. અમે તો વળી ઘણો વધારે મેળવ્યો છે. મર્યા પછી તો ઘણા બધા લોકો પૂજાય છે. આજે લોકો ભગવાન બુદ્ધની પૂજા કરે છે. શ્રીકૃષ્ણનો જયજયકાર કરે છે. જ્યારે તેમના જીવનકાળ દરમ્યાન તેમને ગાળો દેતા હતા. અમારા મરણ પછી કોઈ અમારી આરતી ઉતારશે કે કેમ એ તો અમે કહી ના શકીએ. પણ આજે કેટલા બધા લોકો અમારી આરતી ઉતારે છે, પ્રેમ કરે છે તે અમે વર્ણવી નથી શકતા. આ શું છે ? આ અમારા વાવવા અને લણવાના સિદ્ધાંતનું પરિણામ છે. આ છે અમારી સમાજની, ભગવાનની આરાધના.

મિત્રો ! અમે પથ્થરની મૂર્તિને માટે નહીં, સમાજ માટે કાર્ય કર્યું છે. અમે પથ્થરની મૂર્તિ ભગવાન નથી માનતા. અમે સમાજને ભગવાન માનીએ છીએ. અમે હંમેશાં બે માળીની વાર્તા યાદ રાખી છે. એક રાજાએ બે માળીને એક-એક બગીચો આપ્યો. એક માળીએ બગીચામાં રાજાની છબી લગાડી અને તે રોજ તેની આરતી ઉતારતો અને પૂજા કરતો અને ૧૦૮ પરિક્રમા કરતો એને કારણે બગીચાનું કામ ખોરવાઈ ગયું. બગીચો સુકાવા લાગ્યો.

બીજો માળી તો રાજાનું નામ પણ ભૂલી ગયો. પણ તે કાયમ બગીચામાં ખાતર-પાણી સીંચવાનું અને નીંદવાનું કામ કરતો રહ્યો. એને કારણે તે બગીચો ફૂલવા-ફાલવા લાગ્યો. રાજા એક વરસ પછી બગીચો જોવા આવ્યો. તેણે રોજ આરતી-પૂજા અને પરિક્રમા કરનારા પહેલા માળીને કાઢી મૂક્યો અને બગીચાને ખરેખર સુંદર બનાવવાનો સાચો પ્રયત્ન કરનાર માળીને બઢતી આપીને તેનું સન્માન કર્યું.

આપણા ભગવાન પણ એવા જ છે. અમારા ગુરુજીએ કહ્યું હતું કે, જે કાંઈ કરે તે ભગવાન માટે કે સમાજ માટે કરજે. અમે જીવનભર આવું કામ જ કર્યું છે અને જેટલું કર્યું છે, તેટલું પામ્યા પણ છીએ. અને ભવિષ્યમાં અમે જે કાંઈ કરીશું તેના બદલામાં ચોક્કસ પામવાના છીએ. તમે તો કાયમ ભાગતા ફરો છો. તમે જેટલી સહજતાથી ભગવાનનું નામ લો છો એટલા સાહજિક રીતે ભગવાનનું કામ નથી કરી શકતા. એમાં તમને તકલીફ પડે છે અને એને માટે પૈસા ખર્ચવામાં તો વળી વધારે તકલીફ પડે છે. આ તમને મુશ્કેલ લાગતું હશે, અમને તો ખૂબ સરળ લાગે છે. અમારાં મન, શરીર, સાહિત્ય અને આયોજનને જોઈ લો. એ બધી અમારી સિદ્ધિઓ છે. અમારી ભાવના જુઓ, અમારો વૈભવ જુઓ. કેટલા બધા લોકો અમારાં દર્શન કરવા આતુર છે. આ બધી અમારી સાક્ષાત્ સિદ્ધિઓ છે. અમારી રિદ્ધિઓ તો દેખી શકાય તેમ નથી. અમને શાંતિથી ઊંઘ આવે છે. બાજુમાં નગારાં વાગતાં હોય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તો પણ ફિકર નહીં. ચિંતા અમારી પાસે ફરકતી પણ નથી. ભય અમારાથી જોજનો દૂર રહે છે. આત્મસંતોષ એ અમારી રિદ્ધિ છે. અમારી લોકચાહના ઘણી છે. જેમાં લોકોનો સહયોગ મળતો હોય એને સાચું લોકસન્માન કહેવાય. અમને ભગવદ્કૃપા પણ મળી છે. કૃપા એટલે શું ? કહે છે કે ઉપરથી દેવતા વરદાનરૂપી ફૂલો વરસાવે છે. અમારી ઉપર હંમેશાં પ્રોત્સાહન, હિંમત, સાહસ, પ્રેરણા, ઉત્સાહ અને આશારૂપી ફૂલો વરસતાં હોય છે. આ ફૂલો ભગવાન વરસાવતાં હોય છે.

મિત્રો ! અમે અમારા પિતાના વફાદાર પુત્ર છીએ. અમને તેનું ધન મળ્યું છે. કારણ કે, અમે તેનું નામ બોળ્યું નથી. અમે અમારા પિતાની આબરૂ જાળવી રાખી છે. અમારા પિતાના વ્યવસાયને ધબકતો રાખ્યો છે. અમે તેના બાગને હંમેશાં ભર્યોભાદર્યો અને લીલોછમ રાખવાના પ્રયત્નો કર્યા છે. મનુષ્યને સંસ્કારી અને ઉન્નત બનાવવા માટે શક્ય એટલું કાર્ય કર્યું છે. એટલે અમારા પિતા કાયમ અમારાથી પ્રસન્ન રહે છે. યુવરાજ એને કહેવાય કે જે પોતાના પિતાનો સમોવડો હોય, સમકક્ષ હોય. અમે અમારા પિતાના યુવરાજ છીએ. અમે અમારા પિતા જેવા બની ગયા છીએ. અમે પિતાને ગુંબજમાં પડતા પડઘારૂપે નિહાળ્યા છે. અમે જે કાંઈ બોલ્યા છીએ તેવું જ સાંભળ્યું છે. અમે કહ્યું કે, અમારી પાસે જે કાંઈ છે તે તમારું છે. તો એમણે પણ એવું જ કહ્યું કે, અમારી પાસે છે તે સઘળું તારું જ છે. અમે કહ્યું કે, અમારે તમારી પાસેથી કશું જોઈતું નથી. તો એમણે પણ એવું જ કહ્યું.

ભગવાન હંમેશાં અંગરક્ષકની જેમ અમારી સાથે જ હોય છે. એ કહે છે કે ક્યારેય હિંમત ના હારીશ. કોઈથી ડરતો નહીં. તને જે પજવશે એને હું સજા આપીશ. હું તેને એવો પાઠ ભણાવીશ કે તે તોબા પોકારી જશે. અમે તેને ધૂળ ચાટતો કરી દઈશું. અંગરક્ષક અમારી આગળ ચાલે છે. અમે તેની પાછળ પાછળ ચાલીએ છીએ. અમારી આગળ અમારો પાઇલટ ચાલે છે. ચારેબાજુથી સુરક્ષિત થઈને અમે પ્રધાનની માફક રોફભેર ચાલીએ છીએ. આ તમે નજરે જોઈ શકો એવો પ્રત્યક્ષ ચમત્કાર છે.

ઘણા લોકો આધ્યાત્મિક ક્ષેત્રમાં સિદ્ધિઓ મેળવવાના પ્રયત્નો કરતા હોય છે. પણ તેમને સફળતા કેમ નથી મળતી ? સાધના વડે સિદ્ધિ મેળવવાનું રહસ્ય શું છે ? મોટાભાગના લોકો એ રહસ્ય ન જાણતા હોવાને કારણે જ વંચિત રહેતા હોય છે. મિત્રો, સાધના દ્વારા સિદ્ધિ મળે એ વાત ચોક્કસ છે. સાધના સામાન્ય વસ્તુ નથી. એ તો વિશિષ્ટ વસ્તુ છે. પરંતુ સાધનાને સાધનાની જેમ કરવી એ ખૂબ જરૂરી છે. સાધના કેવી હોવી જોઈએ. એ બાબતે અમે પુસ્તકોમાંથી ઉદાહરણ આપવાને બદલે એક એવી વાત કહેવા ઈચ્છીએ છીએ. જેની તમે ધારો ત્યારે ખાતરી કરી શકો છો.

અમે પંચોતેર વર્ષનાં થઈ ગયાં છીએ. કહેવાનો અર્થ એ કે અમારાં બધાં જ ૭૫ વર્ષો સાધનામાં વ્યતીત થયાં છે. અમારું જીવન એક ખુલ્લી કિતાબ જેવું છે. અમે સાધના કરી છે. અમને તેનું 'પરિણામ મળ્યું છે અને જે કોઈ સાધના કરશે તેને ફળ ચોક્કસ મળશે જ. અમને ફળ કેવી રીતે મળ્યું છે એ સમજાવવા માટે અમે બે ઘટનાઓ જણાવવા માગીએ છીએ.

અમને અમારા પિતાજી પહેલી જ વાર જનોઈ અને દીક્ષા અપાવવા માટે મહામના પંડિત મદનમોહન માલવિયાજી પાસે લઈ ગયા હતા. એમણે અમને બનારસમાં જનોઈ અને દીક્ષા આપ્યાં. તે વખતે તેમણે અમને ઘણી વાતો સમજાવી. તે વખતે અમે ખૂબ નાના એટલે કે નવ વર્ષના જ હતા. પણ બે વાતો અમને આજે પણ યાદ છે. પહેલી વાત — એમણે કહ્યું કે અમને જે ગાયત્રી મંત્રની દીક્ષા આપવામાં આવી છે તે બ્રાહ્મણોની કામધેનુ છે. અમે પૂછ્યું કે શું તે બીજા લોકોની નથી ? એમણે કહ્યું કે, ના, બ્રાહ્મણ જન્મથી નહીં પણ કર્મથી હોય છે. જે પ્રામાણિક હોય અને દેશ માટે, સમાજ માટે અને જનકલ્યાણ માટે જીવતો હોય તેને બ્રાહ્મણ કહેવાય. જે એક સરેરાશ ભારતીયની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માફક જીવતો હોય અને સમાજ માટે વધુને વધુ રચ્યોપચ્યો રહેતો હોય તેને બ્રાહ્મણ કહેવાય. ગાંધીજીએ પણ રાજા હરિશ્ચંદ્રનું નાટક જોઈને પ્રતિજ્ઞા કરી હતી કે તેઓ 'હરિશ્ચંદ્રની જેમ જ જીવશે. અમે પણ માલવિયાજી પાસે બ્રાહ્મણ જેવું જીવન જીવવાની પ્રતિજ્ઞા લીધી હતી. અમે શરૂઆતથી જ એવું જીવન જીવતા આવ્યા છીએ.

હિમાલયમાં વસતા આપણા જેવા જ સૂક્ષ્મ દેહધારી અમારા બીજા આધ્યાત્મિક ગુરુએ પ્રગટરૂપે અમારા ઘેર પધારીને અમને દીક્ષા આપી હતી. તેમણે અમને પૂર્વજન્મની વાતો કહી. ત્યાર પછી એમણે અમને ગાયત્રી મંત્રની દીક્ષા આપી. અમે કહ્યું કે, એ તો અમે અગાઉ લઈ ચૂક્યા છીએ, તો પછી ફરીવાર લેવાનો શો અર્થ ? તેમણે કહ્યું કે, તમારા પહેલા ગુરુએ એ બ્રાહ્મણોની ગાયત્રી છે એમ કહ્યું હતું. હવે અમે ઉપદેશ આપીએ છીએ કે 'વાવો અને લણો' એ ગુરુમંત્ર અનુસાર અને અમારા પિતાની તમામ સંપત્તિને લોકકલ્યાણ માટે વાપરી નાખી. તરત જ એમણે કહ્યું કે, ભગવાનના ખેતરમાં એના સિવાય બીજી ત્રણ વસ્તુઓ પણ વાવવી પડશે. સમય, શ્રમ અને બુદ્ધિ. જે ત્રણેય ભગવાન પાસેથી મળ્યા છે. ચોથું ધન કે જે માણસ આ દુનિયામાંથી કમાય છે. અમે એ ચારે વસ્તુઓ સમાજસેવા ખાતર ખર્ચી નાખી. એનાથી અમારી પૂજા, ઉપાસના અને સાધના સંપન્ન થઈ. અમારા બ્રાહ્મણ જીવનનો આ જ ચમત્કાર છે. આ જ અમારી પૂજા છે.

તમે સમયની વાત જાણવા માગતા હો કે આ ૭૫ વર્ષમાં અમે શું કર્યું ? કેટલું કર્યું ? તો તે તમે નજરે જોઈ શકો છો. અમે બધી ખૂબીઓના સાગર સમા ભગવાન પ્રત્યે સમર્પણ કરીને આ બધું કરી શક્યા છીએ. અમારી સાધના અને ઉપાસના એવી છે કે અમે જીવનભર ધોબીની માફક જાતને ધોઈધોઈને સાફ કરી છે અને પોતાની ખામીઓને દોષોને વીણીવીણીને સાફ કરવાના પ્રયત્ન કર્યા છે. અમે સમાજને ઉન્નત બનાવવાના પ્રયત્નો કરીને આરાધના કરી છે. તમે અહીં આવીને તમારી જાતે જ જોઈ લો. પોતાના મોંઢે પોતાની વાત કરવી એ સારું ના કહેવાય. તમે અહીં આવો અને લોકોના મોંઢે સાંભળો. અમે સાધારણ માણસ નથી. અમે વિશિષ્ટ વ્યક્તિ છીએ. આ બધું અમે ઉપાસના, સાધના અને આરાધના દ્વારા મેળવ્યું છે. જો તમે તમારા જીવનમાં આ ત્રણે વસ્તુનો સમાવેશ કરશો તો તમને સાધના વડે સિદ્ધિનો લાભ અવશ્ય મળશે. એની હું તમને ખાતરી આપું છું.

જે કોઈ અમારા મિત્ર, સહકાર્યકર, સહયોગી છે. તેમને અમે એટલું જ કહેવા માગીએ છીએ કે, તમે તમારા બધા પૈસા કેવળ તમારા કુટુંબ પાછળ જ ખર્ચે ના રાખો, પરંતુ એમાંનો થોડોક ભાગ ભગવાનનાં કાર્યો પાછળ પણ વાપરો. ઉપરાંત અમે કહીએ છીએ કે 'વાવો અને લણો' અને પછી જીવનમાં કેવા કેવા ચમત્કારો થાય છે તે જોઈ જુઓ. તમારા ધન, સમય, શ્રમ અને સાધનો. જનકલ્યાણ માટે અને પછાતોને ઊંચા ઉઠાવવા માટે વાપરો. જો તમે આટલું કરી શકશો તો વિશ્વાસ રાખો કે તમે સાધના દ્વારા સિદ્ધિ અવશ્ય મેળવી શકશો. અમે એના દ્વારા જ મેળવી છે અને તમે પણ અવશ્ય મેળવી શકશો, જો આ ત્રણે વસ્તુને યોગ્ય રીતે કરી શકશો તો. જ્યાં સુધી તમે અમારી સાથે કદમ મિલાવીને નહીં ચાલો તો, ત્યાં સુધી તમારી સાધના સફળ નહીં થાય. જો તમે અમારી સાથે ખભેખભો મિલાવીને અને કદમ સાથે કદમ મેળવીને ચાલશો તો અમે તમને ખાતરી આપીએ છીએ કે, તમારું જીવન ધન્ય બની જશે અને આવનારી પેઢીઓ તમને શ્રદ્ધાપૂર્વક યાદ રાખશે. આજની વાત સમાપ્ત.

॥ ૐ શાન્તિઃ ॥

***ઊધઈ લાકડાનો અને વિષાણુ આરોગ્યનો નાશ કરે છે. વ્યસન અને દુર્ગુણ જ મનુષ્યોને નીચે ગબડાવે છે અને તેની પ્રગતિનો-સફળતાનો-કોઈ જ પ્રયત્ન સફળ થવા દેતાં નથી.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સદ્‌ગુરુની વાણી

અંતઃકરણના મૌનમાં ગુરુદેવની પરાવાણી ગુંજી ઊઠે છે - "અરે ! હું કાયમ તમારી સાથે છું. તમે ભલે ગમે ત્યાં જાવ, હું ત્યાં જ ઉપસ્થિત છું. હું તમારા માટે જ જીવું છું. મારી અનુભૂતિનાં ફળ હું તમને આપું છું. તમે મારા હૃદય-ધન છો. મારી આંખોના તારા છો. પ્રભુમાં આપણે એક છીએ. હું હંમેશાં દરેક જગ્યાએ તમારી સાથેની એકતાની અનુભૂતિ કરું છું. તમને કઠિન સંઘર્ષોની ધધકતી-જ્વાળાઓમાં ધકેલી દેવામાં મને ભય નથી લાગતો, એ એટલા માટે કે હું તમારી શક્તિનું પ્રમાણ જાણું છું. જાતઅનુભવ મેળવ્યા પછી તે અનુભવ માટે તમને મોકલું છું, પરંતુ તમારા આ ભ્રમણમાં મારી દૃષ્ટિ હંમેશાં તમારો પીછો કરતી રહે છે. તમે જે કાંઈ પણ કરો છો, તે બધું જ મારી ઉપસ્થિતિમાં કરો છો.

મારા વિચારોમાં, મારા સાહિત્યમા મારી ઈચ્છાઓને શોધો. તે શિક્ષણનું અનુસરણ કરો જે મારા ગુરુએ મને આપ્યું હતું તે જ મેં તમને આપ્યું છે. જે એક છે, તેનાં દર્શન કરો; ત્યારે તમે મારાં હજારો શરીરોની સાથે રહીને જેટલી એકતાનો અનુભવ કરતા હતા તેનાથી ઘણી વધારે એકતાનો અનુભવ કરશો. મારી ઈચ્છાઓ અને વિચારો પ્રત્યે સ્થિરતા અને ભક્તિમાં જ શિષ્યપણું રહેલું છે. આપણા બે વચ્ચે અસીમ પ્રેમ છે. ગુરુ અને શિષ્યનો સંબંધ વજ્ર કરતાં પણ વધારે દૃઢ હોય છે. તે મૃત્યુ કરતાં પણ વધારે સશક્ત હોય છે.

આ સત્યનો અનુભવ કરતાં કરતાં વત્સ એ ધ્યાન રાખો કે ઈન્દ્રિયો સદાય આત્માની વિરુદ્ધ સંઘર્ષ કરે છે. તેથી સતત સાવધાન રહો. ઈન્દ્રિયો પર વિશ્વાસ ન કરો. તે સુખ તથા દુઃખ દ્વારા વિચલિત થતી રહે છે. તેમાંથી બહાર નીકળો. તમે આત્મા છો, મારા અવિનાશી અંશ છો. શરીરનો ગમે તે ક્ષણે નાશ થઈ શકે છે. સાચે જ એ ક્ષણને કોણ જાણે છે? આથી હંમેશાં પોતાના લક્ષ્ય પર દૃષ્ટિ સ્થિર રાખી તમારા મનને મારા વિચારો વડે પરિપૂર્ણ કરી લો. મૃત્યુની ક્ષણોમાં નહીં, પરંતુ જીવનની આ જ ક્ષણોમાં પોતાના મનને મુક્ત અને પવિત્ર રાખો. તેથી જો મૃત્યુ અચાનક તમને વશ કરી લે તો પણ તમે હાજર હો. એ રીતે જીવન જીવો જાણે કે આ જ ક્ષણે તમારું મૃત્યુ થવાનું છે. ત્યારે જ તમે સાચું જીવન જીવી જાણશો. સમય ભાગી રહ્યો છે. જો તમે શાશ્વત તથા અમર વિચારોમાં ડૂબેલા હશો તો તમે ભાગી રહેલા સમયને શાશ્વત બનાવી શકશો.

દરેકને પોતાના આદર્શો માટે કેટલાય પ્રકારનાં દુઃખ સહન કરવાં પડે છે. તમે પણ બધા પ્રકારની કસોટીઓ સહન કરો, વિપત્તિઓનો સામનો કરો. આદર્શોભર્યું જીવન જીવો અને ઈશ્વરના નામ પર નીડર બનો. ભગવાન પ્રત્યેની સાચી નીડરતા જ બધા પ્રકારના ભયને ભગાડી દે છે. તમે મારાં સંતાન છો. જીવનમાં કે મૃત્યુમાં, સુખમાં કે દુઃખમાં, સારા કે ખરાબમાં જ્યાં પણ તમે જશો, જ્યાં પણ તમે રહેશો, હું તમારી સાથે જ છું. હું તમારું રક્ષણ કરું છું. હું તમને પ્રેમ કરું છું, કેમ કે હું તમારી સાથે બંધાયેલો છું. ઈશ્વર પ્રત્યેનો મારો પ્રેમ મને તમારી સાથે એક કરી દે છે. હું તમારો આત્મા છું. વત્સ ! તમારું હૃદય મારું નિવાસસ્થાન છે. પછી ચિંતા કઈ વાતની - નિશ્ચિંત રહો, નીડર બનો.

**જગ્ધપાપ્મા યસ્યાન્ન મશ્નન્તિ ।**

**- અથર્વ. ૯/૬/૧**

અતિથિસત્કાર કરનારનાં પાપ ધોવાઈ જાય છે. સાચા ઉદ્દેશ્ય માટે નિઃસ્પૃહ વિચરણ કરનાર લોક-સેવી જ સાચા અતિથિ છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

**ઘોડાસર, અમદાવાદ.**

ગાયત્રી જ્ઞાન મંદિરના પ્રથમ વાર્ષિકોત્સવ નિમીત્તે તા. ૨૮-૨-૯૮ના ગાયત્રી મહાદીપ યજ્ઞ તથા ૧-૩-૯૮ના રવિવારના રોજ ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ ( સંસ્કારો સાથે ) નેત્ર નિદાન કેમ્પ, રક્તદાન કેમ્પ તેમજ નાક, કાન, ગળાની તપાસ કેમ્પ યોજ્યો હતો. જેમાં નીચે પ્રમાણે જાહેર જનતાએ લાભ લીધો હતો. યજ્ઞાચાર્ય શ્રી અરવિંદભાઈ પટેલ વ્યાસ પીઠ પર બીરાજ્યા હતા. સવારના નવથી સાંજના છ સુધી આયોજન હતું. સંસ્કારોમાં પુંસવન-૨૩ બહેનોએ કરાવ્યા, નામકરણ-૮, અન્નપ્રાશન-૪, વિદ્યારંભ-૧૪૫, મુંડન-૨, યજ્ઞોપવીત-૩ તેમજ ગાયત્રી યજ્ઞમાં ૧૦૦૦ હજાર જેટલા પરિજનોએ લાભ લીધો.

સ્વૈચ્છિક રક્તદાનમાં ૭૯ પરિજને લોહી આપ્યું રક્તદાતાને ચાંદીના બ્લડ-ગ્રુપ સાથેના સીક્કા તથા સ્ટીલના બાઉલ આપ્યા.

નેત્ર નિદાન કેમ્પનાં ડૉ. બીજેનભાઈ ચોકસી તથા ડૉ. મીનાક્ષીબેનની માનદ સેવાનો લાભ ૨૯૫ દર્દીઓએ લીધો. જેમાં ૮૫ દર્દીને આંખના ચશ્મા રૂપિયા ૧૫ ના મૂલ્યે આપવામાં આવ્યા. તા. ૭-૩-૯૮ના ૨૫ દર્દીઓને ઓપરેશન માટે બોલાવ્યા હતા જેમાંથી આઠ દર્દીને નેત્રમણિ વિના મૂલ્યે બેસાડવામાં આવ્યા.

નાક, કાન, ગળાના નિષ્ણાત ડૉ. સુરેશભાઈ બાલાની સેવાનો લાભ ૫૧ દર્દીઓએ લીધો. દવા વિતરણ વિના મૂલ્યે કરવામાં આવ્યું.

જુદા જુદા સંસ્કારો શ્રી પ્રાણશંકર સોની, શ્રી મંગળભાઈ પટેલે કરાવ્યા તેમજ શ્રી શૈલેષભાઈ ઠક્કરે આખા દિવસનુ આયોજન સારી રીતે પાર પાડયું.

જામનગર- પ. પૂજ્ય ગુરુદેવ શ્રીરામ શર્મા આચાર્યજી રચિત વેદોનો દિવ્ય સંદેશ ગ્રંથને આધારે લેવાયેલ જામનગર જિલ્લાના વેદમાતા-વિશ્વમાતા પરીક્ષાના પરીક્ષાર્થીઓને રોકડ પુરસ્કાર તથા પ્રમાણ પત્રો વિતરણનો એક શાનદાર કાર્યક્રમ તારીખ ૮-૩-૯૮ રવિવારના રોજ બ્રહ્મક્ષત્રિયની વાડી, ખંભાળિયા નાકા બહાર-જામનગર ખાતે સાનંદ સફળતાપૂર્વક યોજાઈ ગયો.

ગાયત્રી જ્ઞાનપીઠ, અમદાવાદના વ્યવસ્થાપક ડૉ. રાજેન્દ્ર પ્રસાદજીની અધ્યક્ષતામાં યોજાયેલ આ કાર્યક્રમમાં જામનગરનાં મોટા ભાગનાં તાલુકા ઉપરાંત અન્ય જિલ્લામાંથી બહોડી સંખ્યામાં પરિજનોની ઉપસ્થિતિમાં શ્રી સી. પી. વસોયાભાઈ અને શ્રી જયુભા જાડેજાએ રજુ કરેલ ''વહ શક્તિ હમે દો દયાનિદે'' શાંતિકુંજની આ પ્રાર્થનાથી કાર્યક્રમનું ઉદ્‌ઘાટન થયું. પ્રારંભમાં પ્રજ્ઞાપુત્રી શ્રીમતી જયશ્રી હરસુખલાલ વ્યાસે ભાવવાહી પ્રજ્ઞાગીત રજુ કરી આધ્યાત્મિક વાતાવરણની ભૂમિકા તૈયાર કરી.

સમગ્ર જિલ્લાના બન્ને પ્રભાગના મળી કુલ ૧૪૦૪ પરીક્ષાર્થીઓમાંથી ૧૦૫૩ ઉત્તીર્ણ થયા. બન્ને પ્રભાગમાં પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરનાર પરીક્ષાર્થીને ડૉ. રાજેન્દ્ર પ્રસાદજીનાં વરદ હસ્તે અનુક્રમે રૂા. ૫૦૧, રૂા. ૩૦૧, અને રૂા. ૨૦૧ ના રોકડ પુરસ્કાર તથા પ્રમાણ પત્રો અને શ્રી જયુભા જાડેજા તરફથી ''કર્મનો સિધ્ધાંત'' પુસ્તક ભેટ તરીકે આપવામાં આવ્યું.

પુરસ્કાર પ્રાપ્ત સદ્‌ભાગી પરીક્ષાર્થીઓની યાદી નીચે મૂજબ છે.

**વિશ્વમાતા વિભાગ**

પ્રથમ : જોશી સુધાબેન ચંદ્રકાન્ત -૮૪ %
દ્વિતીય : જોશી ધીરેન્દ્રકુમાર બાલકૃષ્ણ-૭૮ %
તૃતીય : જાડેજા હર્ષદબા જીવણ સંગ ૭૭ %

**વેદમાતા વિભાગ**

પ્રથમ : નાગપાલ સંજય -૯૯ %
દ્વિતીય : અજાુડિયા જયેશ -૯૮.૫ %
તૃતીય : બેચરા હેતલ -૯૮ %

ભાવનગર, ભાવનગર જીલ્લા ગાયત્રી પરિવાર દ્વારા પ. પૂ. ગુરુદેવના વિચારોને જન-જન સુધી પહોંચાડવા પ્રયત્ન કરવામાં આવે છે. તેના ભાગ રૂપે 'વેદોનો દિવ્ય સંદેશ' પુસ્તિકા બ્રહ્મભોજમાં છપાવી ૫૦૦૦ નકલ ઘેર-ઘેર પહોંચાડવામાં આવી અને બીજા ૫૦૦૦ પ્રત માટે બ્રહ્મભોજ પ્રાપ્ત થયેલ છે જે આગામી ગાયત્રી જયંતી સુધીમાં જન-જન સુધી પહોંચાડવામાં આવશે. ઉપરાંત ૫૦૦ નગ પ્રજ્ઞાપુરાણ સેટ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બ્રહ્મભોજમાં છપાવી ૫૦૦ ઘરની અંદર સ્થાપના કરવામાં આવી છે. બીજી ૫૦૦ બ્રહ્મભોજનાં છપાવી ગાયત્રી જયંતી સુધીમાં સ્થાપનામાં આવશે. લઘુ પુસ્તિકા અત્યારસુધી ૫૦૦૦ નંગ વિતરિત કરવામાં આવી છે. ભાવનગરમાં ગાયત્રી શક્તિપીઠ કાર્યાલયમાં જાહેર ભગવતી પુસ્તકાલય શરૂ કરેલ છે.

ગોધરા-તાજેતરમાંજ વરીઆ જ્ઞાતિમાં વરીઆ યુવા પરિવાર અને ગાયત્રી પરિવાર પંજમહાલ ગોધરાનાં પ્રયત્નોથી દ્વિતિય સમૂહ લગ્નોત્સવ સફળ રીતે પૂર્ણ થયો. પ. પૂ. શ્રીરામ શર્મા આચાર્યજી તથા વંદનીયા ભગવતી માતાની સુક્ષ્મ પ્રેરણા અને આશિર્વાદથી સમગ્ર કાર્યક્રમ સફળ થયો.

સમૂહ લગ્નોત્સવ ગાયત્રી પરિવાર ગોધરાના શ્રી સુભાષભાઈ વરીઆ, શ્રી કંચનભાઈ વરીઆ તથા શ્રી રશ્મિનભાઈ વરીઆ ના સુપ્રયત્નોથી વરીઆ જ્ઞાતીમાં પૂ. શ્રીના રચનાત્મક કાર્યક્રમોનો એક કાર્યક્રમ સફળ રીતે પૂર્ણ કરેલ છે. આ કાર્યક્રમનું સફળ સંચાલન તથા વેદોક્ત મંત્રધ્વનિ દ્વારા શ્રી રમેશભાઈ જોશી બાલાશિનોર તથા ઉપાચાર્ય તરીકે શ્રી દિલિપભાઈ કાકા ( ભટ્ટ ) એ કર્યું હતું.

ચાર જોડાં ના સમૂહ લગ્નનું દૃશ્ય એક અનોખા સંસ્કાર મહોત્સવના જેવું જણાયું જ્ઞાતિના લગભગ ૩ હજાર પરિજનોએ આ સંસ્કારોથી યુક્ત આદર્શ લગ્નની ગતીવિધિના અનોખા દર્શન કર્યા હતાં. આજની આર્થિક વિષમ પરિસ્થિતિઓમાં બિલકુલ ઓછા ખર્ચે થતાં આવાં સમૂહ લગ્નોની અવિરત પરંપરાથી સમાજમાં એક ક્રાંતિની લહેર દોડી ગઈ છે.

**જામજોધપુર**-વિનય વિદ્યામંદિરમાં ૧૬૦૪ બાળકો અભ્યાસ કરે છે. બાળકોમાં સંસ્કારોનું સિંચન થાય માટે દૈનિક પ્રાર્થનામાં ત્રણ વાર ગાયત્રી મહામંત્રનું સસ્વર ઉચ્ચારણ કરવામાં આવે છે. આજે શિક્ષા સાથે વિદ્યાનો સમાવેશ અનિવાર્ય બન્યો છે. તેવામાં વિનય વિદ્યામંદિર સંસ્થાનો પ્રયાસ પ્રેરણાપ્રદ છે.

**પાલનપુર**-ગાયત્રી પરિવાર શાખા દ્વારા યુગ ઋષિના વિચારો જન-જન સુધી પહોંચાડવા વિશેષ પ્રયત્નો થતા રહે છે. પંચરત્ન શોપીંગમાં વિશેષ કેન્દ્ર દ્વારા મિશનનો વ્યાપક વિસ્તાર થઈ રહેલ છે. આ વર્ષે શાખાના ઉત્સાહિત પરિજનો દ્વારા ૧૧૫૦ ગ્રાહકો યુગ શક્તિ પત્રિકાના બનાવેલ છે. એમના પ્રયાસો પ્રશંસનીય છે.

**બોટાદ**- ગુરુ પૂર્ણિમાના દિવસે શ્રી એમ. જે. દિયોરાભાઈના ઘરે યજ્ઞનું આયોજન થયું. યજ્ઞ પ્રસંગે શ્રી કે. એસ. શાહ અને દિયોરાભાઈએ પૂજ્ય ગુરુદેવના મહાન વિચારો યુગ શક્તિ ગાયત્રી માધ્યમથી ઘરે-ઘર નિરંતર પહોંચે એ માટે વિશેષ યોજના બનાવી. તે અંતર્ગત બોટાદ ક્ષેત્રના પરિજનોને રૂા. ૪૦૦ માંજ આજીવન ગ્રાહક બનાવવાની યોજના બનાવી. બાકીના રૂા. ૧૦૦ શ્રી કે. એસ. શાહ અને દિયોરાભાઈએ મેળવવાની ઘોષણા કરી. આ યોજનાનો લાભ ૨૪ યુગ શક્તિ ગાયત્રીના સભ્યોએ લીધો. અખંડ જ્યોતિના પણ બે સભ્યોએ લાભ લીધો. ખરેખર ! મહાકાળ પોતાના યુગ પરિવર્તન કાર્ય માટે સૂક્ષ્મ પ્રેરણાઓ આપતા રહે છે.

**રાજપીપલા**-સ્થાનીય ગાયત્રી પરિવાર શાખાના કાર્યકર શ્રીભરતભાઈ વ્યાસની 'રાષ્ટ્રના શ્રેષ્ઠ શિક્ષક' માં તેમની વરણી થઈ છે. ૫ સપ્ટેમ્બર ૧૯૯૮ના માનનીય રાષ્ટ્રપતિ દ્વારા એમને એવાર્ડ આપવામાં આવશે. શિક્ષા સાથે સંસ્કારોના શ્રેષ્ઠ કાર્યનું આ શુભ પરિણામ છે. મિશન તરફથી પણ હાર્દિક શુભકામનાઓ.

યુગ ઋષિના વિચારોના પ્રસાર માટે શ્રીકાંતિભાઈ અંબાલાલ પટેલ (મારફતિયા) તેમજ શ્રીમતી સવિતાબેન (મારફતિયા) અમદાવાદ દ્વારા રૂા. ૫૧૧૧૧ બ્રહ્મભોજ સ્થાયી નિધિમાં જમા કરાવ્યા. તેમજ જામનગરના શ્રી કલાબેન એચ. ભટ્ટ રણજીતનગર દ્વારા પણ રૂા. ૫૦૦૦૦ સ્થાયી નિધિમાં જમા કરેલ છે. જેમાંથી પ્રજ્ઞા અવતાર અમારા ગુરુદેવ પુસ્તકનું અડધી કીંમતે ગાયત્રી જ્ઞાનપીઠ, જૂનાવાડજ, અમદાવાદથી વિતરણ થઈ રહેલ છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગાયત્રી મહિમા

મહીમા અપરંપાર ગાયત્રી માનો મહીમા અપરંપાર.
કોઈ તને ત્રિપદા કહી પુકારે, કોઈ કહે વેદમાતા
મહીમા અપરંપાર....

એક હાથમાં પુસ્તક શોભે, બીજે હાથે કમડલ.
હંસવાહીની તું તો કહાયે કમળ આસન છે માત્.
મહીમા અપરંપાર....

ગ્રહ નક્ષત્રો માં તુંજ પ્રકાશે અખીલ બ્રહ્માંડની માંય.
તારા ગણમાં ચમચમ ચમકે, બની સવિતાનો પ્રકાશ.
મહીમા અપરંપાર.. .

તું બ્રહ્માણી, તું રૂદ્રાણી, તું છો લક્ષ્મી માત.
સંધ્યા ને સાવીત્રી તું છે, તુંછો સીતા માત.
મહીમા અપરંપાર....

કલ્પ વૃક્ષ બની તું આપે છે સુખ અપરંપાર.
પારસ બનીને તું જ બનાવે, લોખંડ સુવર્ણ સમાન.
મહીમા અપરંપાર....

કામધેનુ બની તું જ કરાવે અમૃત નુ રસપાન
મહીમા તારો કહયો ન જાયે, હુ છું પામરના.ર.
મહીમા અપરંપાર....

બે કર જોડી કરે વિનંતી ગાયત્રી પરિવાર.
દર્શન તમારા નિત્ય કરે માં, કુટુંબ ને પરીવાર.
મહીમા અપરંપાર....

( જામ જોધપુર )


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.